ॐ

तत सत.

પુરૂષતત્વ યાને મોક્ષમાર્ગ.

અસંભાવના વિપ્રીતભાવના નિમિત
અનુભવ કરનાર શ્રીરામાનુજ સંપ્રદાયમાં શ્રીવિષ્ણવ

રચી પ્રસિદ્ધ કર્ત્તા.

સાધુ રૂગનાથદાસ મોતીરામજી
પ્રાઈવ્હેટ ડાકટર.

સર્વે મનુષ્ય હિતાર્થે મનને ઉત્તેજન.

દુહા.

કરડી કમાન કૃષ્ણકી, પડી ચોક મેદાન;
સુરા હોયતો ખેંચલ્યો, નહીં કાયરકા કામ. ૧

કૃષ્ણનું સ્વરૂપ યજુરવેદી શુકલ શાખા.

અમદાવાદ

યુનાઈટેડ પ્રિન્ટિંગ અને જનરલ એજન્સી
કંપની "લિમિટેડ"ના પ્રેસમાં પથરકુવે
રણછોડલાલ ગંગારામે છાપી.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

નોંછાવર રૂ ૧—૦—૦

७३३९

॥ श्रीगणेशायनमः ॥

॥ श्रीगुरुभ्योनमः ॥

॥ प्रस्तावना ॥

સર્વે સદગૃહસ્થો તથા અધીકારીઓ અને જીજ્ઞાસુઓને વિનતિ કરવાની કે આગ્રંથ રચવાનો મારો આશય એવોછે કે, હાલના વખતમાં શાસ્ત્ર તથા ઘણાં પુસ્તકો વાંચવાથી મનુષ્યો બુદ્ધીને બહુ ડાહોળી નાંખેછે, અને તે બુદ્ધી ડાહોળાવાથી આ જગતમાં સત્યશું છેએ જણાઈ આવતું નથી; ઘણી પ્રકરીયાઓ જોવાથી ચિતની વિહવળતા થાયછે અને છેવટે કોઈ પણ ધર્મના વાંડામાં જવાયછે તે ધર્મને અનુસરી ઠીકછે એમજો નહીં હોયતો મનુષ્ય માત્રના ધર્મ વિષે સેરભેળ થઈજવાય પણ પુરૂષાર્થ માટે પરમધામ પોહોચવા આ "પુરૂષ કૃતવ્ય યાને મોક્ષમાર્ગ" વાંચી અનુભવ કરવાથી ખાત્રી થસેકે સદરહુ પુસ્તક સરળ રીતે સીદ્ધી સડકથી પરમધામે પોહોચાડવાનું ખરે ખરૂ સાધન છે.—.

સંસાર બંધન સુછે તે સમજવા મુળ મનનો નિરોધ કરવા જરૂરછે અને અનુભવ કરતાં માલુમ પડેછેકે "મને બંદ્ધ અને મને મોક્ષ" એમ સિદ્ધ થાયછે જેથી મનનું સમાધાન કરવા આ પુસ્તક વિના લાજે દયા ધર્મને અર્થે બાહાર પાડવાની જરૂર પડીછે.

આ બ્રહ્મ વિધાનું પુસ્તક પુરૂષોના ઉપકારને માટે છે અને ખરે ખરૂ પુરૂષાર્થ " પદ " શું છે તે જણાઈ આવસે માટે સર્વ સજ્જનોએ આ પુસ્તક વાંચી લાભ લેવો કેમકે અંધાર પછેડો ઓઢયા વિના રાજાથી નગર ચરચા જોવા બની સકતું નથી માટે આ અવિદ્યા જે " દેહ " રૂપી અંધકાર પછેડો ઓઢી જીવરૂપી નરેસ રાજા કર્મ રૂપી કોટવાલ લઈ આ સ્થુળ સુક્ષમ કારણ સરીર રૂપીનગરીમાં "સત્ય શું છે" તે સોધી કાઢે છે વાસ્તે સર્વ આર્ય ખંડી પ્રજાને વિનતિ સાથે કહેવાનું કે આ પુસ્તક ખરીદી તેનું અવલોકન કરવા મારી ભલામણ છે.

સ્નેહાધિન.

રૂગનાથદાસ મોતીરામજી સાધુ.

ગ્રંથ કર્તા.

મુ. પાટડી.

मायाना कमळमां,

धर्मी, अधर्मी विषे पाछळना नकशानी सूचना.

પૃથ્વીના મધ્ય ભાગે જે પુરૂષ બેઠોછે તે બે તરફ ઉત્તર તથા દક્ષિણ ડીસા બતાવેછે તેમાં ઉત્તરનો રસ્તો સુભકર્મ કરનાર મનુષ સુખ ભોગવતોભજન કરતો ચંદ્ર કુડમાં આવેછે અને દક્ષીણ તરફનો રસ્તો અસુભ કર્મ કરનાર દુઃખ ભોગવતો વિકટ રસ્તે દુઃખનો અનુભવ કરતો ચંદ્ર કુડમાં આવેછે " સર્વ મનુષ્યને મુવા પછી એક જયાતિ દેહ ઉત્પન્ન થાયછે અને તેથી આ સુખ દુઃખનો અનુંભવ કરેછે જેમ સ્વપ્ન અવસ્થામાં દુઃખનો અનુભવ કરે છે તેમ " માહા માયાના નકશામાં ચીત્ર બતાવ્યા છે.

ચંદ્રકુડ પાંસે જે પુરૂષ હાથ જોડી સુર્યનારાયણને પ્રાર્થના કરી કહેછે કે સદરહુ પુસ્તકના બ્રહ્મ વિલાસમાં પૃષ્ઠ નંબર ૧૨૩ માં શંકા બતાવી છે તે પ્રમાણે બે અક્ષરની ભુલ પકડી તથા બ્રહ્મ જ્ઞાન મેળવી મોક્ષ થવા મને મૃત્યું ભુમીમાં એકવાર જન્મ આપો કારણ અત્રે સુભ કર્મ કરી તેનાથી અતઃકરણ સુદ્ધ થયે તેમાં સ્વરૂપનું ભાંન (જ્ઞાન)

થઇ એ અક્ષરની ભુલ પકડાયાથી [કાળ જ્ઞાન થાયછે] ઉપરની બાબત પરભારી દેવલોકમાં નથી જો તે દેશમાં હોત તો શ્રીરામચંદ્રજી તથા રૂષી મુની અને શ્રીકૃષ્ણ તથા મોટામોટા રાજાઓને અત્રે આવવા જરૂર રહેત નહીં તે ઉપરથી અવનીમાં હું જન્મી કૃતાર્થ થઇસ (જેમ શ્રી કૃષ્ણ ચાર રણછોડી દ્વારકામાં " રણછોડનામ " ધારણ કરી હાલ જે *મુર્તિમાંન બીરાજે છે તેમ સર્વ મુષ્ય પ્રાણીએ દેવરણ, પીત્રુરણ, મનુષ્યરણ અને છેવટે બ્રહ્મરણ છોડવાનું આ મનુષ્ય દેહ દ્વારછે સબ્દાર્થે રણ વત્તા છોડ જેમ શ્રી કૃષ્ણે ઉપરના ચારે રણ છોડ્યાં તેમ રણ છોડી મુક્ત થાઓ.

(જેમાં. આપણે માતુશ્રીના કમળમાં જન્મ લઇએ છીએ તેનુ આકાર માયાના કમળ જેવુંછે.)


---

*જેને ઉપમા આપીએ તે ઉપમાન.

અનુક્રમણિકા.


ધર્મિ અધર્મિ વિશે માયાના નકશાની સુચના.

માયાના કમળ સાથે સ્રીયોના કમળનુ મળતાપણુ


दक्षिण.
महा तमोगुणी राक्षस लोक तथा रावणादिकनो रहेवानुं.
दक्षिण.
यमलोकनो रहेवानुं.
मनुष्य प्राणी विगेरे.
उत्तर.
उत्तर.

पूर्व दिशा.

महा मायाना कमळ तथा तेनी साथे स्त्रियोना गर्भकमळनुं मळतापणुं.



अथश्री पुरुष कर्तव्य.

મંગળાચરણ.

શ્રીગણેસાયનમઃ શ્રીગુરૂ દત્તાત્રય નમઃ

ૐ પરબ્રહ્મ પરમાત્મા તથા સતગુરૂ અને સાધુ સંતોનાં ચર્ણારવિંદમાં પ્રેમ ભકિત પુર્વક નમસ્કાર કરી ગ્રંથનો આરંભ કરૂછું.

બ્રહ્મ જ્ઞાન માહાત્મ.

આ પુસ્તમાં મેં બ્રહ્મજ્ઞાનની પ્રકીરીયા, વધારે દાખલ કરવાનું કારણ એટલુંજ છે કે, જે પુરૂષને આ પુસ્તક વાંચવાથી બુદ્ધીમાં એવો વિચાર થાય છે કે, હું સચ્ચિદાનંદ આત્માછું. એવા વિવેકથી નીશ્ચય થાય, તેનાં મોટાં પુણ્ય જાણવાં. સબબ સીદ્ધાંત મુકતાવળીમાં આપ્ત પુરૂષનું વાકયછેકે.

श्लोक.

स्नातं तेन समस्ततीर्थ सलिले दत्तापिसर्वा वनिर्य
ज्ञानांच कृतंसहस्र मखिलादेवाश्च संपूजिताः ।
संसाराश्च समुद्धताः स्वपितरस्त्रै लोक्य पूज्योप्यसौ
यस्यब्रह्मविचारणेक्षणमपि स्थैर्यमनःप्राप्नुयात् ॥१॥

અર્થ—બ્રહ્મ વિચારને વિસે જે પુરૂષનું મન ક્ષણ માત્ર પણ સ્થિરતાને પ્રાપ્ત થાય છે તો તે પુરૂષે ગંગાદી સર્વે તીર્થના જલને વિષે સ્નાન કર્યું એમ

જાણવું. અને સમગ્ર પૃથ્વીનું દાન કર્યું તથા હજારો યજ્ઞ કર્યા. અને જેટલા દેવતાઓછે. તે સર્વની પુજા કરી તથા પોતાના સર્વ પીતૃને સંસારથી ઉદ્ધાર કર્યા. એટલે સારી ગતીને પ્રાપ્ત કર્યા. અને એ પોતે પણ ત્રીલોકમાં પુજેય થાયછે. એટલા હેતુથી બીજી વાખ્યા ઉપર વધારે નહીં. એંચ કરતાં વેદાંત સંપ્રદાય મુજબ. તતપદ ઇશ્વર અને ત્વંપદ જીવની એકતા તથા જીવ શાક્ષી આત્મા અને ઇશ્વર શાક્ષી બ્રહ્મની એકતા ઉપર વધારે ધ્યાન આપવા એ બાબત વધારે લંબાવી છે. માટે સર્વ વિષયો વાંચી ધ્યાનમાં લેશો.

अथ कर्म विलास.

અદ્રષ્ટ તથા વાસનાનો સંબંધ.

કોઇ પુરૂષને એવી સંકા થાય કે સદરહુ નકસામાં તમો ઉત્તર તથા દક્ષીણ વીગેરે દીશાઓ કર્મ કરનારની બતાવીછે તે બાબતનો મેળ મળતો નથી. કેમકે એક પગ ઠરાવ્યા બાદ બીજો પગ ઉપડે છે. એવો સ્વભાવીકનો સ્વભાવ છે તો જે સ્થુળમાંથી. જે લિંગ દેહ બહાર નીકળ્યો. તે તરત બીજા સ્થુળમાં, તેને જવુંજ જોઇએ એમછે તો સદરહુ બતાવેલી દીશાઓ તરફ ફરવા જતાં અદ્રષ્ટને વખત મળે નહિ. માટે આ નકશામાં બતાવેલી હકીકત અસંભવીત છે—

સમાધાન.

ઉપરનું કહેવું અનુભવ વિનાના પુરૂષનું છે. કારણ જે જીવનુ મોત થવાનું છે. તેને છ મહીના આગળ ધ્રૂતારો નજરે પડતો નથી. તથા પોતાની છાંયામાં ઘણા પ્રકારના ફેરફાર જણાય છે. સદરહું બાબત આદિત્ય હૃદય તથા કાળ જ્ઞાનના પુસ્તકોમાં લખેલુ છે. માટે સદરહુ વૈકુંઠનો દરવાજો "જે ધૃતારો" ન દેખાય તો છ મહીના બાદ મોતછે. જેમ કોઇ પુરૂપે બીજે ગામ જવા વિચાર કર્યો હોય (પરીયાણ) તે પુરૂષનું વ્રતી રૂપી પ્રાલબ્ધ પેહેલેથી તે ગાંમ જાયછે અને પછે સ્થુળને જવાપણું થાયછે. તેવીજ રીતે સદરહુ બાબત જે આચાર્ય બ્રહ્મ ઉપદેશ કરે છે તે શીશ્યને છ મહીનાથી તે અઢી કલાક સુધીનું કાળ જ્ઞાન થવાના બીજા ચિન્હોની કેળવણી આપે છે. તેથી તે મુક્ત પુરૂષ તે વખતે અતિ દ્રઢ પણાથી વિષયોમાંથી રાગ દ્વેષ મેલી, ગુરૂના બતાવેલા લક્ષાર્થ ચૈતન્ય નિશાન ઉપર વ્રતીરૂપી બંદુકમાં માહાવાકય રૂપી ગોળીઓ; ભરી વખતો વખત ચૈતન્ય નિશાનને સાધે છે, એટલે છેવટે તેમાં લીન થાય છે.—

વાસનાને નકશામાં બતાવેલ રસ્તાઓ તરફ જવાને આધાર વીશે, વધારે સમજ પડવાં હાલના વખતને અનુશરી નીચે દ્રષ્ટાંત આપુછું તે ધ્યાનિમાં લેશો.

ચાલતા જમાનામાં ઇંગ્રેજ સરકારે ઈશ્વરનીકારણ

વસ્તુઓમાંથી સોધ કરી, જેવીકે આકાશ તથા તેનુ કાર્ય વાયુનો ગુણ આસમાની તેવું મોરથુથું. વાયુનો ગુણ સતા આપનાર સ્પીરીટ (દારૂ)તેજનો ગુણ લાલ તેવું ત્રાંબું. જળનો ગુણ સફેદ તેવું મીઠું અને પૃથ્વીનો ગુણ પીળો તેવો લાકડાઓનો ભુકો (વહેર વીગેરે વસ્તુઓનું મીસ્રન(મેળવી) વીજળી (ઇલેકટીશીટી) ઉત્પન કરી છે. તે ઇલેકટી શીટીના સાધનથી જે ગાંમથી, ટેલીગ્રાફ માસ્તર તારસ્વાને કરે. અને તે તારનો જવાબ જે ગામથી આવવામો હોય, ત્યાંનો ટેલીગ્રાફ માસ્તર ખબર આપુછું તેમ શબ્દરહુ વિષયમાં રહસ્ય એ સમજવાનું કે બેઉ મારતર જે કાગળ ઉપર સબ્દની પ્રતીમાં પાડેછે. (લખે છે) તેનાથી રસ્તામાં જે શ્વર આવેછે તેને તારનો આધાર છે. (વીજળીનો)તે વિચીત્રછે, તેને જે શકતી ઉત્પન્ન કરેલીછે તેનો આધારછે. તેજ મીસાલે ઇશ્વરની બનાવેલા આકાશ વાયુ 'તેજ' 'જળ' પૃથ્વી સમુહ મીસ્રણ થઈ તેમાંથી શક્તી ઉત્પન થએલ જે વીજળી ચોમાસામાં વીશેસ રૂપે જણાય છે તે કારણ રૂપે પોતે હોવાથી તારમાં આવતા શબ્દને તોડી નાંખેછે. એટલે ચોમાસામાં તાર માસ્તરને તાર લેતાં બહુ હરકત પડેછે. બીજી રીતે સામાન્ય રૂપે જણાયછે જો સામાન્ય રૂપે નહી હોયતો. એક બીજા પ્રાણીયો એક બીજાને વાકય સાંભળવા કર્ણદ્વારથી. શ્રવણનુ ગ્રહણ પણ થાય નહીં તથા

દેવલોક સુધી સદરહુ વાકય વૃતીની ધ્વની પોચસે નહિ. અને વચમાંથી સબ્દનો તાર તુટી જશે. વાસ્તે જે સામાન્ય ઇસની ઈલેકટ્રીસીટીથી સદરહુ છાયા સહુવાસનાને ખાતાવહી લખનાર સર્વ પુરૂષના સંસકાર પ્રમાણે ચીત્ર ગુપ્તરૂપી ટેલેગ્રાફ માસ્તર ધર્મરાજની કોર્ટના પ્રમુખરૂપે યમરાજને ઉપર બતાવેલી સમસ્યાથી છ મહીના અગાઉ ગયેલ છાયા સહુવાસનાને સકતીની સાહ્યતાથી અદ્રષ્ટ સાથે મેળવી આપેછે. ગમેતે પુરૂષ અત્રે આવેલ હસે તેને એકવાર સદરહુ કોર્ટમાં ગયાવિના છુટ-કોજ નથી અને ત્યાર બાદ તેની વૃતીનો નીશ્ચય ભાવ હશે, તે પ્રમાણે ઈનસાફ લઈ ચંદ્રકુડમાં પડયા વિના કોઇ કાલે છુટકો નથી. એવા નીશ્ચયના માટે જે ઠેકાણું, ચંદ્રકુંડ જે પશ્ચીમ ભાગેછે ત્યાં. "દ્વારકાં" સબ્દાર્થ દ્વાર વત્તા કાં દ્વાર એટલે બારણું કાં એટલે કયાં. (મુળ હીદુસ્થાની ભાષા છે) જન્મનું બારણું કયાં એવી સમજ માટે ચંદ્રએ દ્વાર બતાવ્યુંછે. અને હાલમાં જેને પશ્ચીમ દીશાએ દ્વારકાં કહેછે માટે સદરહુ બાબત નીશ્ચયછે અને તે છાંયા સહુવાસના બેઊ નવા બંનેલા સ્થુળમાં કર્મ પ્રમાણે આવી વસેછે. શાસ્ત્ર પ્રમાણે કર્મની વાખ્યા સદરહુ પુસ્તકમાં સ્થુળદેહની ઉત્પતી તથા કર્મની સ્થીતી અને શ્રીહરીનું નિશ્ચયપણું વાંચો.

સીદ્ધાંત.

સંસકારી વાસ્નાનો પ્રવાહ એવોછે કે ગમે તે

વસ્તુની ગંધ સારી અગર ખરાબ સુદ્ધ વાયુ આપણને આપેછે. એમાં એમ સમજવાનુ કે ડોલર અગર જાઇના પુષ્પના ઝાડની સુગંધી આપણને આવી. તેમાં સદ્દરહુ ઝાડ જે સ્થળેછે. ત્યાંજ છે. અને સુગંધ લેનાર તેનાથી ઘણો દુરછે. પણ વચમાં વાયુ વિષેશણ લઇને-વાસના આપે છે. તેવીજ રીતે પુરૂષના કર્મના સંસકાર લઇ પ્રાણવાયુ. ઇસની શકતીની સાહાયતાથી વચમાં કાળ વિક્ષેપ કરી અદ્રષ્ટને મળેછે. જો એમ ના હોયતો શાસ્ત્ર તથા પુરાણ અને પ્રવરતી નીમીત જે પુરૂષના નીમત વેદમાં વિધી કહીછે. તે નિશફળ થઇજશે માટે વાસના વચમાં ટાઇમ ગાળી અદ્રષ્ટને મલે છે. એ વાત શીદ્ધછે—

સદ્દરહુ સર્વ ધર્મી આ પુસ્તકની બાબત લક્ષાર્થ રીતે આચાર્ય પાસેથી લેશો અને જે પુરૂષ વિવેક વૈરાગથી નથી સમજતા ત્યાં સુધી અજ્ઞાનનું એ ચિન્હ છે.

છેવટ વિવેકી સજજનોને વિનતિ સાથે જણાવવા જરૂર છેકે આ સર્વ જગત ઇશ્વરના પ્રણવ રૂપી ૐકારમાંથી ઉત્પન્ન થયેલ છે અને તેમાં આકાર ઉકાર મકાર એવા ત્રણ સ્વરૂપ અનિર્વચની માયામાં ઉપજયાછે. તેમાં મકાર સ્વરૂપી જે શંકર તેઓના ડમરૂના સ્વરમાંથી વૈયાકરણ. (વ્યાકરણ) ઉત્પન્ન થયુંછે તેને અનુસરી બતાવેલ અગત્યની સુચનામાં જે જે ધર્મના વાડાબંધાયેલાછે તેતેધર્મને

માન્ય આપી ભાગવતમાં શ્રી કૃષ્ન ભગવાને ઉ-
દ્ધવજીને કહ્યુંછું કે અહુમતા; મમતા; રૂપી જે નિ
શ્ચય બુદ્ધિ છે તેમાં દાસનો હેતુ છે. તે વિષયમાં
કઈ બાબત ધર્મ અધર્મ છે તે વીસે આ દેહુમાં વિ-
ચાર કરી સદરશું પુસ્તક સત્ય સોધક તથા સા-
મહી રૂપે રચાયેલું છે તેને અંત સુધી વાંચશો.

सुर्य चंद्रनुं विवेचन.

સર્વ પ્રાણી માત્રના લીંગ દેહુની અંદર જે
મન બુદ્ધિ છે તે સુર્ય ચંદ્રના કાર્ય છે અને તેના
કારણ સ્વરૂપ સુર્ય ચંદ્રની ઉદય અસ્ત રૂતુના
પ્રમાણમાં થાય છે તેની વ્યાખ્યા.

૧ સુર્યનારાયણ પશ્ચિમ દીશાથી અસ્ત થઈ ઉ-
ત્તર તરફ ચાલીને ઇસાંન ખુણથી પુર્વમા ઉદય
થઈ મેરૂ પર્વતને પ્રકમાં દઇ જયાં સરસ્વતિના
કાંઠે નળેશ્વર છે તે દીસાએ અસ્ત થાયછે.

૨ સુર્યનારાયણ સુદ્ધ પુર્વ દીશાથી ઉદય થઇ
મેરૂ પર્વતને પ્રકમા દઈ સુદ્ધ પશ્ચિમ જે દ્વારકાં છે
તે દીશાએ અસ્ત થાય છે.

૩ સુર્યનારાયણ પુર્વથી ઉદય થઈ મેરૂ પર્વતને પ્રક-
મા દઇ જે સદામા પુરીછે. તે દીશાએ અસ્ત થાયછે.

૧ ચંદ્ર દક્ષિણ તરફ ચાલી ઠેઠ ઇસાન ખુણ-
મા. આવી મેરૂ પર્વતને પ્રકમા દઇ પોતાનું સ્થાન
જે સુદ્ધ. પશ્ચિમ છે ત્યાં અસ્ત થાયછે. ચંદ્રમાં

તીથી પ્રમાણે વધ ઘટ થાયછે. કારણ ચંદ્રમા મનનો પીતા છે તેમજ મન પણ સંકલ્પ વિકલ્પ રૂપ વધ ઘટ થાયછે માટે તેઓનું કારણ કાર્ય ભાવ જણાય છે.

સુર્ય નીશ્ચલછે. અને તેનુ કાર્ય બુધ્ધી વીચારનો નિશ્ચય કરનારી છે માટે તેનુ એક કારણ કાર્ય ભાવ જણાય છે.

જયારે જગતના કારણ રૂપ સુર્ય ચંદ્ર છે. તો આ શ્થુળના કારણ તેમના કાર્ય મન બુધ્ધી છે. તે બેઉમાં અતિ નીશ્ચયનો પ્રકાશ કરનાર. આત્મા સુપ્રીન્ટેન્ડેન છે. (નીયંતા છે) કારણ બેઉના હરકોઈ કર્મમાં. હા, નાનો સાક્ષી તરત ઉત્તર આપેછે માટે કારણ રૂપે જે આકાશ વાયુ. સુર્ય ચંદ્રથી બનાવેલા જે સ્વર્ગ નર્કના રસ્તા તથા દેવસ્થાન વિગેરે નકસામાં બતાવ્યાછે. તોતે સ્થાન કે પ્રાણીના કર્મ પ્રમાણે લઈ જવા તેઓ સત્તાધારી છેજ જેમ આ વેહેવારમાં બીજે ઠેકાણે જવા આવવા લીંગદેહ સત્તા આપેછે. તો તે સુર્ય ચંદ્રના કાર્ય રૂપી સીપાઈ. જે મન બુદ્ધિ તે ગરૂડ પુરાણના પ્રેત કલ્પ વિષે લંબાવી જે વાખ્યા કહીછે તે પ્રમાણે યમ કોર્ટમાં લઈ જવા સત્તાધારીછે. ગમે તે પુરૂસ આ વર્તમાન કાળમાં નહીં માને પણ મૃત્યું સમયે તે વિના સાયતા વિના કબજે થવા ફરજ પડેછે. અને તે આપણે સર્વ પ્રાણી જે પ્રતક્ષ નજરે જોઇએ છીએ.

માટે સર્વ ભાઇઓ ઘરનું તથા વેહેવારનું કર્મ કરી રહ્યા બાદ પાછું ફરી પોતાની અવશ્ય તરફ જુવો. એવી વિનંતિછે. જુવો કે. કર્મ નથી અને જેમ થવાનું છે તેમ થશે તેમાં એમ સમજવાનુ છે કે. કર્મના ત્રણ ભાગ છે તેમાં પ્રાલબ્ધમાં ફેરફાર થતો નથી, પણ જે આ દેહથી નવા ક્રીયામાણ કર્મ છે તેમાં ફેરફાર કરવા આપણે સત્તાધારી છીએ. કારણ કે કર્મ સંચીતમાં ભળેછે. માટે એક તરફી કહેવું તે જુઠ માત્ર છે જેમ કોઇ પણ કામ આપણા સ્વારથ સારૂ આદર્યું તે કામ ગમે તેવા પ્રયત્નથી પુરૂ નહી થયું ત્યારે છેવટે. હારીને કહીશું કે પ્રાલબ્ધ કર્મ આધીન છે. જુઓ ત્યાં કર્મ. પ્રતિપાદન કરવા સર્વ પુરૂષને જરૂર પડેછે. માટે ક્રીઆમાણ જે કર્મ તે અવશ્ય સુભ કરવાં એ પુરૂષનું કતવ્ય છે. તેને પુરૂષાર્થ પણ કહેછે.

(पंडे सो ब्रह्मांडे)

વૈરાટ તથા સ્થુળની ભુમીકાની વાખ્યા.

૧ નકસામાં બતાવેલી સુર્યની ઉપરની ભુમીકાયે સંકરનું મુરધની. સ્થાનછે કે જેને વેદમાં બ્રહ્મ રૂપ કહેછે.

૧ જે પુરૂષના વ્યષ્ટી સ્થુળમાં જે માથું તેમા અગ્નિ ચક્રની ઉપરની ભુમીકા (મુરધની-સ્થાન)છે તે ભુમીકા એ આત્માનું સ્થાન છે.

૨ વૈરાટના કંઠ સ્થાનમાં ખુદ સુર્યની ભુમીકાછે.

અને તેને રામાયણમાં દેહલી દીપકનામે ઉપ-
માઆપીછે તેના નીચેના સ્થાન કે પોતાના
કુટંબ-સહ દસદસ હજાર કોસના અંદરમાંગ્રહો
રાક્ષશો.ગંધર્વે ભુત પીશાચ વીગેરે રહેછે.

૨ પુરૂષના વ્યષ્ટી સ્થુળના કંઠ સ્થાનની ભુ-
મીકાએ જીવ અવિધ્યા સહ રહે છે અને તે
જીવનુંવર્ણ ધુમ્રછે.

૩ વૈરાટના હ્રદય સ્થાનમાં ત્રીગુણી માયા
સહ સુર્યરૂપી. રૂદ્ર. દેવતા રહેછે જેને બ્રહ્મા
વિષ્ણું, મહેશથી; ઓળખાય છે.

૩ પુરૂસના. વ્યષ્ટી સ્થુળના હ્રદય સ્થાનમાં
ઉમીઆ સહ રૂદ્ર દેવતા વસેછે અને.
તેમનું વર્ણ સ્ફટીક જેવું છે.

૪ વૈરાટના' અર્ધ કમળ નિચે. હીર્ણ ગર્ભ સ્વરૂપે
માહાલક્ષ્મી સહ વિષ્ણું ભગવાંન સેસ સાહી
ઉપર બીરાજે છે.

૪ પુરૂસના વ્યષ્ટી સ્થુળ ભુમીકા એ મન
રૂપી અર્ધ કમળ નીચે નાગ કુડલી ઉપર
વિષ્ણું લક્ષ્મિ સહ બીરાજેછે. તેઓનું વર્ણ
નીલછે (લીલુ)

૫ વૈરાટની નાભી સ્થાને બ્રહ્મા. સાવિત્રી સહ
બીરાજેછે તેને શાસ્ત્રમાં વિશ્વાનર કહે છે.

૫ પુરૂષના વ્યષ્ટી સ્થુળની નાભી ભુમીકાએ
બ્રહ્મા સાવીત્રી સહ બીરાજેછે. તેમાં અગ્ની-
રૂપી અને બ્રહ્મા દેવતા છે. તેમનું વર્ણ-
પીત છે, (પીલું).

૬ વૈરાટનું આધાર સ્થાન મુળ પૃથ્વીછે. અને તે મળરૂપછે. તેમાં જળરૂપી સમુદ્રને લઇ ત્રણે ગુણનો અધિપતી ગણેસ દેવતા સુદ્ધી બુદ્ધી સહ બીરાજે છે.

૬ પુરૂષની વ્યષ્ટી સ્થુળમાં બ્રહ્મા, વિષ્ણું, મહેશ, ના ત્રણગુણ લઇ જગત ઉતપતી કરવા રૂપી ત્રણગુણનો અધીપતી ગણેશ સુદ્ધ બુદ્ધી સહ બીરાજે છે. સદરહું ગણપતી ચારવર્ણ સહુછે. કારણ વહેવામાં તથા મુલ જગત ઉત્પન્ન થતી વેળા મંગુલકાર્યમાં વેદમાં તેની પુજા કહીછે અને આ સ્થુળમાં પણ ત્રણ ગુણની લગામનો પ્રમુખ ગણપતી છે. સુભ કર્મમાં તેની સ્થાપના નથી. તે કાર્ય અ મંગળછે. ખાત્રી માટે મોતના તેડાગુર વખતે ગળુ બંધ કરવામાં તેમના પીતા શંકરછે અને ગુદા બંધ કરવામાં પોતે છે—

બ્રહ્મ તથા આત્માના સ્વરુપની સ્થીતીની વાખ્યા.

૧ મુરધનીસ્થાન—શંકર તથા મુક્ત પુરૂષ અને સમાધીષ્ટ પુરૂસ પોતાના સ્વરૂપનો અનુભવ દ્વારા નિશ્ચય કરી શીવસ્વરૂપમાં લીંન થાય છે. તેને અદ્વિ શાન્તીસ્થાન કહે છે.— "બ્રહ્મસ્વરૂપ"

૨ કંઠસ્થાન— રજોગુણી તથા સત્વગુણ અને

તમોગુણી પુરૂષ સમાધીમાં તથા સ્વપ્ન પછેની સુસુપ્તી અવસ્થામાં ભ્રકુટીસ્થાન જેને અજ્ઞીચક્ર કહેછે ત્યાં વ્રતીને રોકી. આત્મામાં લીન થાયછે. " આત્મસ્વરૂપ " શાન્તી.

૩ રહૃદસ્થાન—સત્વગુણ તથા તમો ગુણને દબાવી જે રજોગુણવાલો પુરૂષછે તે સુર્યને કર્મ રૂપી અર્ઘ આપી સત્વગુણી શીવ લોકમાં નકશામાં બતાવેલે રસ્તે જાયછે અને રજો ગુણ નકશામાં બતાપેલ સ્વર્ગને રસ્તે થઈ બ્રહ્મા તથા ગંધર્વ લોકમાં જાય છે.—

૪ નાભીસ્થાન—જે પુરૂષ સુભ કર્મ કરી નકશામાં બતવ્યા પ્રમાણે જેના જેના જેવા કર્મ હસે તે વૈકુઠ તથા ભક્તિ સહ ચદ્રકુમાં પડસે.

૫ નાભીની નીચે પેડુ સ્થાન—જેને માતું ગર્ભ રાખે છે તે નર્કમાં અને ગર્ભમાં કંઈ ફેર ફાર જણાતો નથી. તે સ્થાનકે તમો ગુણવાલો પુરૂસ દક્ષિણ તરફ થઈ મોહા દુખ દાયક રસ્તેથી ચંદ્ર કુડમાં આવવા સુર્ય નારાયણને પ્રાર્થના કરેછે. સદરશું દુઃખ જેમ આપણે સ્વપ્નમાં કોઇ દુઃખ દાયક સ્વપ્નાનું અનુભવ કરીએ છીએ તેનું થાયછે.

૬ વૈરાટનું પૃથ્વી સ્થાન-અને વ્યષ્ટી એક જણનું આ સ્થુળ સ્થાન જે પ્રાર્થના કરી મેળવ્યું છે. તે સ્થાનથી આપણે પેશાબ કરીએ છીએ તેનુંજ વૈરાટનું મુત્ર સ્થાન સમુદ્ર છે. અને વૈરાટ

મુત્રનું ત્યાગ કરે છે તેની ખાત્રી વાસ્તે સમુદ્રમાં દીવસમાં બેવાર ભરતીઓટ થાયછે અને વૈરાટનું અજ્ઞી મુખછે. એવાત શાસ્ત્રમાં પ્રશીદ્ધછે.—

શંકા—સુભ તથા અસુભ કર્મ કરનાર બેઊ ઉત્તર તરફથી તથા દક્ષીણ તરફથી ચંદ્રકુંડમાં પડયા. તેમાં એમ બન્યું કે ગંગાનુ જળ અને કુવાનું જળ બેઊ ભેગા થવાથી જળ સ્વરૂપી થયા, તો તેઓમાં કર્મનું જુદાપણું શીરીતે સંભવે?

સમાધાંન-બેઊના લીંગ દેહુ ચંદ્રકુંડમાં ઉંધે મસ્તક સ્વમ રૂપે ડુબકી મારી તેવાંજ રીતે ઉંધે મસ્તક અત્રે માતુશ્રીના ઉદરથી સદરહું પૃથ્વીપર જન્મ ધારણ કર્યો. હવે કર્મનું જુદાપણું નીચે દર્શાવુંછું.—

જે પ્રાંણીના સુભ અગર અશુભ કર્મ ચંદ્રકુડમાં પડયા, તે જળના સમુહ વરસાદની રૂતુમાં માવઠાની રૂતુમાં 'શરદ પુનમના દીવસે' જે સંસકાર સુર્યના કીરણ વાટે ચંદ્રકુડમાં પડયાછે. તે સંસકાર સહુજળ ઉપરબતાવેલી રૂતુમાં પૃથ્વીપર! ખેતરમાં! ઉકરડામાં ! સાપના મોઢામાં ! છીપમાં 'ચાત્રકના મોઢામાં' વીગેરે ઠેકાણે પડેછે. પછી કર્મ પ્રમાણે ખેતરમાં અથવા ખાતરમાં પડયું હોય. તે જે ખેતરમાં ખાતર નાખ્યું હોય અને તેમાં અનાજ વાવ્યું હોય, તે વાટે સદરહું સંસકારનો રસ દાણાઓમાં ચડેછે. અને તે દાંણા માણસ પશુ પક્ષી વીગેરે ખાયછે. તેનું વિર્ય બંધાયછે. અને તે વિર્ય જો સંસકારી હોય તો ગર્ભ બંધાયછે. નહીંતર વ્રથા

જાય છે. તેમ સદરહુ જળ નીરમળ પણ પડેછે. શીપમાં પણ ગર્ભ બંધાય છે. (મોતી થાય છે.) પક્ષીમાં પણ વિર્ય બંધાઈછે. માતુના ઉદરમાં જે પદાર્થ જાય તેનું રજ તથા વીર્ય થાયછે. માટે સર્વ સ્થુળનું પ્રધાન રજ વિરજછે તે પ્રમાણે એટલે ત્રીગુણી પૃથ્વીને લઇને પ્રકૃતીમાં વિકૃતી થાયછે તે વીકૃતીથી પ્રકૃતી કોઇ કોઇની મળતી આવતી નથી. જેમ બગીચામાં અનેક ઝાડછે. અને તે બગીચામાં જળનો કુવો એકજછે તે કુવાનું જળ; સર્વ ઝાડોને માળી પાયછે. પણ ઝાડોની પ્રકૃતી મુજબ લીંબુ ખાટું, અનાર તથા દાડમ મીઠું અને લીંબડો કડવો, એ પ્રમાણે વિકૃતી થાયછે. તેમ ચંદ્રરૂપી કુવામાંથી સુર્યરૂપો બાગવાંન કીરણોથી ખેંચી બ્રહ્મારૂપી માળી, પૃથ્વી રૂપી બગીચામાં, કર્મ પ્રમાણે સર્વને પાયછે. તેમાં રજોગુણ તમોગુણ અને સત્વગુણ પ્રધાનને લઈ દેવ, મનુષ્ય, પશુ, પંક્ષી, તથા ઝાડોમાં વિકૃતી થાયછે. જેમ જળ નિરમળ તથા નીરવિકારી છે, તેમ સર્વનો સુપ્રીટેન્ડેન્ટ (નીયંતા) ઇશ્વર નીરવિકારી છે. સર્વ મનુષ્યોની લગામ ગ્રહોના હાથમાં છે. કર્મનું વીવેચન કરનારી વીધાત્રા દેવી છે. અને કર્મનો શાક્ષી રૂપી આત્મા છે. ગ્રહોને અનુસરી જોતીષના સાધનથી બ્રાહ્મણ લોકો જન્મેલ બાલકનું છઠ્ઠીના દીવસે નામ પ્રતિપાદન કરેછે. પણ સદરહું નામ. પહેલાં જે વખતે ઉંધે મસ્તક ચંદ્રકુંડમાં ડુબકી મારી અને અત્રે તેજ મીસાલે ઉંધે મસ્તકથી જન્મ

થયો તે વખતે હું કોણ હતો? જેમ સર્વ મનુષ્યે ૩૭) ત્રસ વરસની ઉમર થઇ હોય તો ૩૧) મેં વરસે હું કોણછું એવો વિચાર કરે; તેવાસ્તે નીચેના જે ગુણો બતાવ્યાછે તેઓના આધીન કર્મ પ્રમાણે થવુંજ જોઇએજ, કારણ નીસકામ કર્મથી અંત:કરણ સુદ્ધ થઇ પોતાના સ્વરૂપનુભાન થાય છે.—

૧ ઉત્તમ પુરૂષ રજોગુણ તમોગુણને દબાવી જે મનુષ્ય સુદ્ધ સત્વગુણી વૃતીથી જે ઉપાસનાનું અનુષ્ટાન કરશે. તેના સુપ્રીનંટેન્ડેન્ટ (નીયંતા) વીષ્ણું ભગવાંન પોતાને સ્થાનકે લઇ જઇ ઉત્પતી સ્થીતી અને પ્રલયની લગામ શીવાય બીજી બધી વિભુતીનું સુખ આપસે.—

૨ તમોગુણ સત્વગુણને દબાવી રજોગુણી વૃતીથી જે મનુષ્ય સુર્યને અર્ધ આપેછેં તેના સુપ્રીનટેન્ડેન્ટ (નીયંતા) સુર્યનારાયણ પોંતાના સ્વર્ગ લોકમાં લેઇ જાયછે. સદરહું પુરૂષ પ્રવરતી વાલો છે માટે મધ્યમ છે.—

૩ સત્વગુણ રજોગુણને દબાવી ઘાડ તમોગુણની વ્રતીથી જે મનુષ્ય કર્મ કરેછે, તેના સુપ્રીનટેન્ડેન્ટ (નીયંતા) યમરાજ છે. અને તેને જ્યાંસુધી અહુંમતા મમતા નથી જતી ત્યાં સુધી દંડ આપે છે. માટે કનીષ્ટ છે.

દંડની વાખ્યા.

સંદરહુ બ્રહ્માંડ રૂપી સંટ્રલ જેલમાં જે મંનુષ્ય પ્રાણી કોઢી તથા હાથ પગ આંખ વિગેરે ઇંદ્રીથી

અપંગ હોય છે તે ઇશ્વરના જન્મ કેદીછે.—

જે મનુષ્ય ઘરમાં શીક રહે તથા ડૉકટર અગર વૈદને ત્યાં જેટલી મુદત સીક હોય તેટલી મુદત ઇશ્વરના સખ્ત મજુરી સાથે કેદછે.

જે મનુષ્ય વહેવારનું તથા કુટંબનું અને પોતાના ઘરનું જે ભાર વહેછે તે ઇશ્વરના આશાન કેદછે.

જે પુરૂપ ભક્તી ભાવ સહુ ઇશ્વર સ્મરણ તથા સત શાસ્ત્ર શ્રવણ વીગેરે સુભ કર્મ કરનારછે તથા વીદહી મુક્તછે. તેઓ ઇશ્વરના નજર કેદ છે. કારણ જ્યાં સુધી દહછે. ત્યાં સુધી સંસારના વહેવારમાં ચાલ્યા વીના કદી પણ તેનો છુટકો નથી. માટે સર્વ મનુષ્ય પ્રાંણીને વિનતિ કે મન બુદ્ધીના કારણ રૂપ સુર્ય ચંદ્રથી પણ બીજો પ્રકાસવાન જાણવા યોગ્ય ભગવદ્‌ગીતાના તેરમાં અધ્યાયમાં કહ્યુંછેકે.-

श्लोक.

ज्योतिषाभापि तज्ज्योतिस्तमसःपरमुच्यत

ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदिसर्वस्य धिष्ठितं ॥१॥

અર્થ—જાણવા યોગ્ય જે તે પરમાત્માનું સ્વરૂપ તે સુર્ય ચંદ્રાદી જયોતીયોને પણ પ્રકાશ કરનારૂ સ્વયં જયોતી રૂપછે. ને તમ રૂપ અવિદ્યા નથી ભિન્નછે ને જ્ઞાન સ્વરૂપ સ્વયંમ પ્રકાશ છે ને તે સ્વરૂપ મુમુક્ષને અમાનિત્વાદિ સાધન પુર્વક આત્મ જ્ઞાને કરીને જાણવામાં આવેછે નેતે સ્વરૂપ સર્વ પ્રાંણી માંત્રના રહને વિષે, બુદ્ધીને તથા મનબુદ્ધીના ધર્માને તથા અવસ્થામાં પ્રકાશ રૂપે રહેલછે.

એ રીતે અનુભવથી તથા શ્રુતી, સ્મૃતીના પ્રમાણથી આગળ વાંચી મનનો નીરોધ કરશો.—

હાલના વખતને અનુસરી આપણા આગળના શાસ્ત્રોના વાકયની કસોટીએ કસતાં કુંદન જેવાં છે એ વિવેકી વાંચનારને તરત નીચેના વાકયોથી જણાઇ આવસે. તેમાં વેદાંતના ભાગવદ્ગીતાના ગ્રંથ વીસે ઘણા વાકયો છે. જેવાંકે—

श्लोक.

१ सर्व भूतस्थ मात्मानं सर्व भूंतानि चात्मानि
ईक्षतेयोग युक्तात्मा सर्वत्रसमदर्सनः ।१। २२ अ. ६
आत्मौ पम्येन सर्वत्र समंपस्यति योऽर्जुन
२ सुखं वायदीवादुःखंसयोगी परमोमतः।२।३२अ६

ઉપરના શ્રેષ્ટ વાકયોના વિચારને અનુસરી મનુષ્ય પ્રાંણીને પોતાના ભાઇયો જેવા ગણી અટકયો નથી. પણ પોતાના જેવા ગણી આગલા ઈતીહાસને અનુસરી ખબર આપવી એ મારો ધર્મ છે એમ સમજી મે અગત્યની સુચનામાં દરસાવ્યા પ્રમાણે વેદ ધર્મ સર્વથી શ્રેષ્ટછે તે વાંચસો.

अगत्यनी सुचना.

કેટલાક પુરૂષનું એમ કહેવું થાયછે કે વેદ, શાસ્ત્ર પ્રમાણે ચાલવા જઇએ તો સંસારનો વ્યહવાર તૂટી જાયછે, પણ એ કહેવું ફકત હઠ માત્ર છે

કારણ કે જર્મનીના બાલકોને જ્યારે વિદ્યા અ-ભ્યાસ કરવાની ફરજ પાડી ત્યારે તે લોકોનું એમ કહેવું થતું હતું કે કેળવણી લઈસું તો યુદ્ધનાં કાંમમાં નામર્દ થઈ જઇસું પણ તે લોકો એ વિદ્યાની કેળવણી લઇને પાછળથી આસ્ટ્રેલિઆ અને ફ્રાન્સ સાથે લડાઈની જીતને પ્રાપ્ત થયા તેમજ હાલના દેખીતા દાખલા ઉપરથી માલમ પડેછે કે નામદાર માહારાંણી તરફથી વિદ્યાનું કેળવણી ખાતું વધવાથી ગુન્હાઓ ઓછા થાયછે અને તે વિદ્યાથી નીતિમાં વર્તવા તથા વિચાર કરવા મ-દદ મલેછે અને એમ પણ થાયછે કે ગુન્હો કરી સુંતો કાયદેસર શીક્ષા થસે એ ઉપરથી એમ સમજવાનું કે બ્રહ્મ વિદ્યાની કેળવણીથી અક-ર્મને ખાલી સુભ કર્મમાં પ્રવૃતી કરાવેછે. માટે આપ-ણા પુર્વજો જેકે શ્રીરાંમચંદ્રજી તથા શ્રીકૃષ્ણ અને રૂષી મુનીઓ વીગેરે આ સંસારમાં પત્ની સહ રહી જેમ ડાંગરમાંથી તુષ (ફોતરાં) અને દ-હીમાથી છાસ ખીચડીમાંથી દાળ જેમ વીણીએ અને છેવટ જે ઠરી રહે તે સત્યછે. માટે સંસાર-માં કહી જે પુરૂષ વેદ ધર્મને નીંદેછે અને કાયર થઈ પુરૂષાર્થ હીણ બની બ્રહ્મ વિદ્યામાં નારાજ થાયછે જેથી હાથ આવેલો આત્મ રૂપી હીરો ગુમાવી મરણને સરણ થાય છે.

જમાંનો વિતીત થતા કાળે કરેલા સ્થુળ દેહ-માં અજ્ઞાનનાં પટને દુર કરવાનું તો રહયું પણ તે પટાંતરમાં માહા મુલ્યવાન સુખદ પદાર્થ જે

આત્મા છે. એટલું જાણવાનું ભાંન નહીં એ ઓછી સંતાપ કારક વાત નથી. પરંતું વિદ્યાથી સિદ્ધ થાય એવા સ્વપ્રકાશી પદાર્થ ઝાઝી વાર છવાઈ રેતા નથી.

જેમકે કોઈ તલાવ અગર ખાબોચીઆની અંદર ઘણા દીવસનું પડતર પાંણી હોઅ અને તે પાંણી ઉપર લીલી સેવાળ બાઝેછે તેમ આ આ અવિદ્યા રૂપી ખાબોચીઆમાં વિષય સંસકાર રૂપી સેવાળ છવાઈ જવાથી આત્મ રૂપી જળ પીવાતું નથી. કોઈ સુજ્ઞ પુરૂષ સારા વિચારથી સત સંગ રૂપી જળ પીવા જાયછે પણ કર્મ રૂપી સેવાળ ઝટ પાછી ફરી વળે છે. માટે આ પુરૂષ કૃતવ્યતાને મોક્ષ માર્ગ વખતો વખત મનન કરવાથી બુદ્ધિને પુષ્ટી કારક થઈ પડસે.

આપણા દેશમા સર્વો પરી જ્ઞાન સંપાદન કરવા ઘણા માર્ગો છે પણ મુખ્યછ શાસ્ત્રની અંદર સર્વ આવી જાય છે તે છ શાસ્ત્રનો સંક્ષેપ કરતાં મુખ્ય ત્રણ વર્ગ થાયછે જેવા કે ૧ સાંખ્ય યોગ ૨ ન્યાય વૈશેષિક ૩ પુર્વ ઉત્તર મીમાસા જે હાલ બ્રહ્મા વિષ્ણું, શિવ સક્તી આદીના અ સંખ્ય નામ રૂપનાં અનેક પંથ ચાલેછે. તેને અનુસરીને આ પુસ્તક પ્રગટ થયુંછે. ધર્મ વિરૂદ્ધ નથી. અને છેવટ ભરતખંડી આર્ય લોકોનો વરણા શ્રમ વાલો એકજ વેદ ધર્મ છે.

'મુલ્ય આપ્યાવીના વસ્તુ મળતી નથી જેમ વ્યહ્વારમાં વસ્તું ઉચી તેમ મુલ્ય વધારે

તેમજ બ્રહ્મ વસ્તું મેળવતા વિષય ત્યાગ રૂપી મુલ્ય આપવું પડેછે પ્રાંણી માત્ર જન્મથી તે મરણ પરીયત જે જે સહેછે ઇચ્છે છે કરેછે અને ટુકામાં તે સુખની પ્રાપ્તી સારૂ પ્રાંણી પોતાનું જીવન સંસાર દુઃખથી વિંધાઇ ગયા છતાં પણ સંસાર દુઃખ ધારણ કરી રહે છે તે પદાર્થ સુખ છે આવીસે વિચાર કરનાર તત્કાળ કહી સકસે કે સુખ જીવનનું પણ જીવન છે સુખની આસાનો પરી પુર્ણ રીતે નાસ થએ મનુષને જીવવું ઝેર જેવું લાગેછે અને છેવટ દેહનો ત્યાગ કરેછે. એવું જે સુખ તેને સંપાદન કરવા પ્રાંણી માત્ર સર્વે પ્રકારે પરીશ્રમ કરે છે પણ તે વિશ્વ આકર્ષણ વસ્તું એવીતો ઉંચી છેકે તેની ઝાંખી પણ થોડાનેજ થાયછે માત્ર તેની છાયામાં આ જગતના મનુષ્ય પ્રાંણી બાચકા ભરેછે પણ રસ્તા વીના હાથ ખાલીના ખાલી દેખે છે. કોઈ વિરલ ભાગ્યશાળી માહાત્માઓ મહાંન પ્રયત્નથી એ માર્ગે જવાને પાત્ર થાયછે તેવા પુરૂષના મુખ્ય સાધન ૧ વિદ્યા ૨ વીચાર વિવેક વૈરાગ્ય વીગેરે છે વિદ્યા આવ્યેથીજ આપણું અંધત્વ પાર્કું જાયછે પ્રકાસ જોવાને વિદ્યા આપણને સમર્થ કરેછે. એટલે વિચાર કરી ખરા માર્ગ ભણી વળવાનું બની શકેછે એ વિદ્યાંના શાસ્ત્ર કર્તા વેદ વ્યાસ શંકરાદીકે જે પરમાર્થ વા ફળની પ્રાપ્તી કહી છે તે અવલોકીક અને અકથ કહીછે તથાપી તેઓએ 'દયા લાવી પાછળના અધીકારી મુમુક્ષ પુરૂષોને અર્થે

તેને વાણીમાં ઉતારી છે તેની છાયાં એવી છે કે, "યથાર્થ જ્ઞાનદુઃખની અત્યંત નીવ્રતી અને કેવળ સુખની અથવા પરમાનંદની પ્રાપ્તી કહે છે". જેઓને સત સમાગમ થઇ વિદ્યાનો લાભ થાય છે તેઓને દુઃખ ઓછું થવા માંડેછે પ્રથમ સકામ કર્મ કરેછે અને પછે નિષકામ સું કર્મો કરેછે તેમ તેમ તેઓને સુખની પ્રાપ્તી થવા માંડેછે. પછી સંસકાર પ્રમાણે આ જન્મમાં કે જન્માં તરે તેઓ કૃત્ય કૃત્યાર્થ થાય છે.

મહાન ઉત્યમ વીચારો મંદ બુદ્ધી સમજી સક્તિ નથી તેવે સમયે પુરૂષ પોતાની બુદ્ધીની શકતી મંદછે એમ નહીં માન્ય કરતાં સામા ધણીની ઉત્યમતામાં દોસ આરોપણ કરવું તેને સવણુ પડેછે સત્ય સોધક મનુશ્યનેં માંન પુર્વક વિનતિ છેકે તેમણે મત્તા ગ્રહ છોડી દઈ રાગા રાગવીના નીસંસય પણે વેદાંત વિચારવા સંપ્રદાય પુર્વક વીવેકથી મતલબ સમજી પછે તે સબંધી વિચાર બાંધવા તેઓને ઉચીતછે એમજ લાભ કારક છે.

મહાન સિદ્ધાંતો અને વિચારો સામાન્ય બુદ્ધિમાં વિપ્રીત ભાસેછે એટલુંજ નહી પણ સારા બુદ્ધિ-વાંનને પણ તે સબંધી લક્ષ પુર્વક યથાર્થ જ્ઞાન મેળવતાં સુધી તેમાં વિલક્ષણતા લાગે છે જેમ ચંદ્રમાંથી ગ્રહો અને તારાઓ મોટા છે એ વાત અજાણ મનુષ્ય નામનમાં ઉતરતી નથી પણ ખગોળ વેત્તાઓને તો એ વાત હસ્તા મલક જેવી છે.

તત્વજ્ઞાનને પ્રાપ્ત થવા સર્વ વિદ્યાઓ ભણવાની અને અસંખ્ય સતકર્મો કરવાની અગત્યછે. કારણ અંતઃકરણની સુદ્ધી, વિદ્યા અને સત કર્મોથી થાયછે. એવો વેદાંત્તનો સિદ્ધાંત છે. અંતહ્ઃકરણ સુદ્ધ થએ નિશ્ચળ થાયછે. ત્યારેજ પરમાનંદની પ્રાપ્તી "જે વેદનું ફળછે" તેનું નિશ્ચળ અંતહ્ઃકરણમાં સાભાસ થાયછે. વેદાંતમાં કહેલા પરમ પુરૂષાર્થ પામ્યા પછે કાંઇ પણ કરવું નહિ એમ નથી. આવીસે ખાત્રી પુર્વક થઈ ગએલા માહાત્માઓના પ્રમાણું અને દ્રષ્ટાંતથી સિદ્ધ થાયછેકે,

૧ શ્રી સદ્દગુણ મુર્ત્તિ સુર્યવંશી રાંમચંદ્રજી પ્રથમ મુમુક્ષ થઈ જ્ઞાન પ્રાપ્ત કરી પછીથી લોક સંગ્રહ સારૂ (લોકને કુમાર્ગેથી સુમાર્ગ તરફ વાળી)તેમનાં કલ્યાણ સારૂ ગ્રહસ્થાશ્રમથી અનેક પરાક્રમો કરી. રાજકારભાર વહ્યોછે. તેમજ જનક વિદેહી પણ રાજકારભાર સારી રીતે વહ્યોછે તથા તેમનાં ગુરૂ વષિષ્ટ પણ ધણા કર્મ કર્યાછે.

૨ વેદાંતમાં પ્રસ્થાન ત્રયમાનો બ્રહ્મ સુત્ર નામે ગ્રંથ શ્રી વેદવ્યાસે રચ્યો એ પણ પુર્ણજ્ઞાન થયા પછે. તથા માહાભારથ આદી વિશાળ ગ્રંથો રચ્યા તેમંજ શ્રી શંકરાચાર્યે ઉપનિષદાદી પ્રસ્થાન ત્રયના ભાસ્યોનો ઉપદેસ તથા સહુસ્ત્ર આદી ગ્રંથો ગુંથ્યા તથા દિગવિજય મહાશ્રમ લેઇ કર્યો એ બધું જ્ઞાન થયા પછે. લોક સંગ્રહ સારૂ.

૩ તેમંજ વેદાંત પ્રસ્થાન ત્રયમાંનો ત્રીજો ગ્રંથ ભગવતગીતા તેમાં ચંદ્ર વંસી શ્રીકૃષ્ણે અર્જુનને

યથાર્થ જ્ઞાન સમજાવ્યા પછી અર્જુને પોતાનું સ્વધર્મ સમજી મહાભારથનું યુદ્ધ કર્યું. આ એકજ દ્રષ્ટાંત નીરસંસય યાને નિર વિવાદ રૂપે શીદ્ધ કરેછે કે વેદાંત જ્ઞાન મનુષને સ્વધર્મના સતકાર્ય કરવામાં લેશમાત્ર પણ બાદ કરતા નથી તે ઉલટા કુકર્મથી ખાળેછે. અને સત કર્મમાં પ્રેરી ઉત્તેજન આપેછે. માટે ઉપરના દ્રષ્ટાંતથી વિચાર કરી જોઇએ તો આપણે અવિદ્યાને લઇ, સ્વધર્મ પાળી શકતા નથી. અને ઉંધે મોહે પડયા છીએ. પણજો વેદ શાસ્ત્રને અનુંસરી વિદ્યા સેહુ આ સંસારમાં વરતીયે તો સંસારબાદ કરતા નથી. અને કદાચ પુર્વના નીસ્કામ કર્મથી અંતઃકરણ સુદ્ધ હોયતો સતસગરૂપી પુરૂષાર્થથી "મોક્ષપદ" પણ દુર્લભ નથી. [સકલ પદારથ હે જગંમાંહી, શ્રી હરી-કૃપાસે દુર્લભ નાહી.]

નીશ્કાંમ કરવા વેદાંતનો આગ્રહ જણાયછે. અને તે ઉત્તમછે. જેમ મનના કર્મો સંકલ્પ વિકલ્પ મુર્ખ તથા પંડીતનેસર્વનેછે.પ્રકરતી જન્ય ગુણહોવાથીસુભ અગરઅસુભ કર્મ કર્યા વગરવખત જતો નથી.પણ તેમાં એટલો અંતર છેકે સદરહું પુસ્તકમાં: બતાવ્યા પ્રમાણે નવરાશ વખતે મનન કરશે તથા સતસંગ કરશે તો અધીકારી પ્રમાણે મનને શીંઢી સડકે ચડવા હરકત આવશે નહીં.

ઉપરનો વિચારહું પોતાના ભાઇગણી અંટકયો નથી. પણ તેઓને પોતાના જેવાજ માન્યા છે.

જેમ લોટમાં મીઠાંન હસે તોજ મળ્યું લાગશે. તેમ આ દેહરૂપી લોટમાં આત્મરૂપી સુખની મીઠાસછે. એવું માંનશીક શાસ્ત્ર અને ઊંડા વીચારી કરનાર પુરૂપ સમજસે.

કર્મ વિષે હાલને‌ા દાખલો એવો છેકે. યુરોપમાં ડાર્વિન નામે પંડીતે અનેક શાસ્ત્રના સાધનથી એવો વિચાર શિદ્ધ કરવા માંડયોછે કે પુર્વે માત્ર નિચયોનીના પશુ પ્રાંણી હતા. તેનું વિવર્ણ અથવા સંગ્રદ્ધી થતાં તે વાર્નર થયા અને વાનર સુધરીને અથવા સગ્રધી પામીને મનુષ્ય થયા છીએ આવાત નિશ્ચય કરતાં માલુમ પડેછે. કે આપણા પહેલાં જાનવર હતાં. કારણકે આપણા શ્રી રામચંદ્રજી રાવણને મારવા લંકા ગયા ત્યાં યુદ્ધમાં મનુષ્ય લઇ ગયા નહીં હતા. એમ રાંમકથા ઉપરથી માલુમ પડેછે. નળ નિળ વીગેરે રીંછ અને વાંદરાઓથી તે જીત્યા હતા. માટે આપણે શારાકર્મ કરી આ વાંદરા રૂપી દેહ મેળવી શ્રી રાંમચંદ્રજી રૂપી આત્માનું હુંકાર રૂપી રાવણને‌ા યુદ્ધ કરી નાશ કેમ નથી કરતા ? આંહીથી મનુષ્યની હદ આવી રહી છે. દેવના કર્મ કરશોતો દેવમાં જસો નહીતર આ દેખીત “કમર” નીચેને‌ા ભાગજે ગર્ભવાશ છે. તેમાં અવતરી સંસારરૂપી ત્રીવિધ દુઃખદાયક તૈયારછે. હું નથી જાણતોકે આ અવનીમા કોઇ સુખી હશે, કામ પરત્વ દુઃખનું બીજ (ફળ) છેજ મનુષ્ય રાજનાવરસની શરૂઆત,

વિક્રમ તથા સાળીવાહન વીગેરેથીછે. પહેલાના દીવસની ગણુતનો ક્રમ મળી આવતો નથી. અને જગત અનાદી કાળનું છે માટે કર્મથીજ આ ઉત્તમ મનુષ્ય દેહ પ્રાત્પ થયો છે.—

આપણા શાસ્ત્રમાં ઘણી યોનીયો કહીછે તેમાં અનુંક્રમે ચડતા મનુષ્ય યોનીમાં અવતાર થાયછે, અને તે મનુષ્ય યોનીમાં ઉત્તમો ઉત્તમ સંવૃદ્ધી અને ફળ કહેવાં કહ્યાં છે. તે ધ્યાનદઇ કૃપા કરી નીચે વાંચશો.

આ મનુષ્ય યોનીમાં આવી જે મનુષ્ય વિદ્યા અભ્યાસ પુરો કરી સત કર્મો કરે અને તેથી અંતઃકરણ સુદ્ધ થએ જ્ઞાનમાં જે ઉત્તમ " અધ્યાત્મ જ્ઞાન " તેને મેળવેથી ભગવત ગીતાના ચૌદમા અધ્યાયમાં કહેછે કે તેની એટલી બધી. સંવૃદ્ધી થાયછે જે ભગવાંન સાધર્મને પ્રાપ્ત થઈ (એટલે સુદ્ધ સત્વગુણી થઈ) પરમેશ્વરમાં એકતા પામીને સર્વો પરી સીદ્ધ અથવા મોક્ષ પામે છે આથી કઈ સંવૃદ્ધી કે ફળ વધારે હોવા શંભવ છે ? કોઈ નહી ? ? ?

સ્થળ સકોચને લીધે અધીક વિચાર ને સીદ્ધતાઓ અત્રે નહી જણાવતા માત્ર વાનગી બતાવી બંધ કરવા અગત્ય પડે છે.

સીદ્ધાંત.

પરમેશ્વરમાં એકતા પામવાની વાત " ભાગ ત્યાગ " લક્ષણાથી યથાર્થ સમજનારને ભડકાવે

એવી છે ખરી; પણ તેનું પ્રથી કરણ અને એકી કરણ કરતાં સંક્ષેપમાં એમ છેકે "આપણામાં જે ઉત્તમો ઉત્તમ ભાગ છે તે પરમેશ્વરનો છે" અને આપણે મોક્ષ થએથી તે ભાગ પાછો પોતાના મુળમાં એકતા પામેછે હાલના નવા સોધમાં જેમ રેડીયેમેટર (સુર્ય કળામાપક) અથવા સુર્ય કલાધિન નામે એક યંત્ર બનાવેલ છે. તેને સત્તાને સ્ફુરણ સુર્ય આપેછે તેમાં સુર્યનું તેજ એટલે પ્રતાપ આવો તેને ગતીમાં રાખે છે. તે યંત્ર છુટી જવાથી તેમાં આવેલ કીરણો અથવા સુર્યનો પ્રતાપ સુર્યના માહાન સર્વત્ર તેજમાં એકતા પામેછે તે ઉપરથી અત્રે કેહેવાની જરૂર છેકે નવા જુના વીચારો સર્વ પ્રકારે મળતા આવેછે એમ નથી પણ માત્ર તેના કેટલાક આકારમાં પણ મળતા આવેછે. માટે જેમ બેહેવાર વિલાસમાં ઓયલરથી આ સ્થુળ મળતુ છે તેમ આ સંસ- કારી સુક્ષમ જે લીંગ દેહ પણ ઉપર બતાવ્યા પ્રમાણે રીડીયેમેટરની ક્રીયા મુજબ મળતું આવે છે.

છેવટના બ્રહ્મ વિલાષમા વાદીએ વેદ વિરૂદ્ધ સીદ્ધાંતી સામે સ્વાલ જવાબ લખ્યા છે તેમાં વાંચનાર સજ્જનો એ અવસ્ય ધ્યાનમાં રાખવાનું કે વેદાંત પુંસ્તક વાંચતા માહા માયાના કાર્ય વિષે જે જે વાતો આવે તે તે વાતો સીદ્ધાંતીની છે. એમ નહીં માનતાં અનિર્વચની છે.

વેદાતનું લક્ષ જગત કેમ થયું અને કેવા નીયમે

ચાલેછે. એવા નીરવિવાદમાં ઉત્તરી નિષફળ ચરચા કરવાનું નથી પરંતું મનુષ્ય કીએ પ્રકારે નિચ મટી ઉચ થઈ શકેછે તથા વિદ્યા સદગુણ સત કર્મ અંતઃકરણ સુદ્ધ થએ જ્ઞાની થઈ મનુષ્ય કેવે પ્રકારે પાપથી મુક્ત થઈ પરમશ્રે પામે છે એવું અનુભવ સિદ્ધ કરાવી આપવાનું વેદાંતનું મુખ્ય લક્ષ છે. અને એક બ્રહ્મ નીર વિવાદ રૂપે પ્રતિ પાદન કરી આપે છે. યથાર્થ સમજનાર સંસકાર વાળા અધિકારીઓંને પ્રતક્ષ અનુભવમાં આવી જાયછે.

પાંણીમાં પડેલા બુડતા માણસને પાંણીનો અને તેના પાછળનો ઈતીહાસ જાણી તેને બચાવવો તેના કરતાં તને તરવાનું સાધન બતાવવું તે ઉચિતછે કે જેથી તે પાર ઉતરી સુખ ભુમીમાં જઈ પોહોચે એ અધીક શફળ છે મારા ધારવા પ્રમાણે કહુંછું કે જે કોઈ પુરૂષ સ્વધર્મના પુસ્તકો વાંચી વીચારીને આ સંસારમાં વરતે તો તેને કુકર્મથી બચાવી સત કર્મમાં પ્રેરણા કરાવે છે.

જે પ્રાંણીઓં ઉપરના રસ્તે નથી ચડતા તેની કેવી અસ્થા થાયછે તે નીચે પ્રમાણે. તેઓ જન્મે છે. ત્યાર પછી તે સુખની ઈછા કરેછે કારણકે તે પ્રકરતી જન્ય છે પ્રથમ બાળ અવસ્થામાં ખાવા પીવા અને રમવાના પદાર્થમાં સુખમાંની તે તરફ દોડેછે પણ તેમાથી સુખ મળતું નથી તેટલામાં જુવાંન અવસ્થા આવેછે તે અવસ્થામાં સ્ત્રી ધના

દીકમાં સુખ જાણીને તે ગમ મનુષ્યો ધાય છે. અને તેના ભ્રમણમાં એવાતો ભમી જાયછે કે તેનો મોહ તેને ચડી જઈ પછે તે "કુદરસન ચક્રથી" મરણ પરીયંત દીન અને દુખી રહી નાસ પામે છે (સબ્દાર્થ) કારણ કે (કુ) એટલે પૃથ્વી અને તેના બનેલા કાર્ય હર કાંઈ (પદાર્થના) દરસનથી સંસારમાં દ્રઢ આગ્રહ કરી રચી પચી રહેવું તે અજ્ઞાનનુ બંધન નહીં છુટયાંનું ચિન્હ છે અને કેળવ દુઃખનું મુળ છે. માટે વેદ વિદ્યામાં તથા ધર્મમાં વધારો કરસોઃ

अथ माया विलाष.

માયારૂપી સંદ્લજેળ (બ્રહ્માંડ)માં (આત્મા) જાગ્રત સ્વપ્ન સુસુપ્તી ત્રણે કાળમાં (બ્રહ્મ જ્ઞાન-રૂપછે) અજ્ઞાન નથી. સુખ,દુઃખ, ક્રતવ્ય,ભોગતવ્ય, વીગરે અંતઃકરણના ધર્મ ભ્રાંન્તીથી આત્મામાં સર્વને ભાંન થાયછે. પણ વસ્તુતાથી શુદ્ધ બ્રહ્મ છે. તે વિષે ભાગવતમાં એકાદસ્કંધના ૨૮ મા અધ્યાયમાં શ્રી ભગવાંનનુ ઉદ્ધવજી પ્રતિ ઉપદેશ વાકય છે કે.—

श्लोक.

शोकहर्षभयक्रोध लोभमोहस्पृहादयः ॥

अहंकारस्य दस्यंते जन्म मृत्युश्चनात्मनः ॥१॥

અર્થ—શોક, હર્ષ, ભય, મોહ, સ્પૃહા, જન્મ,

મૃત્યુ આદી દેહને લઇને થાયછે. તે વીસે જગતમાં પુરૂષની ઉત્પતી. દેવ શરીર તથા કર્મની સ્થીતી અને આત્મા રૂપી શ્રી હરીનું નિશ્ચયપણુ વાંચસો.

કેટલા પુરૂષનું કહેવું એવું થાય છે કે આ સર્વ જગત મનુષ્ય પશુ પક્ષી દેવ વીગેરે જે ઉત્પન થયાંછે. "તે" એની મેળે "સ્વભાવીક" ઉત્પન્ન થાયછે. એઓનો કોઇ પણ કર્ત્તા નથી (સુપ્રીનટેન્ડેન્ટ નથી) એ કહેવું, ૪ વેદ, ૬ શાસ્ત્રથી વિરૂદ્ધછે. અને તે "વિષય" નો વિચાર કરી જોતાં એની મેળે થવાની બાબત સત્ય હોય એમ જણાઇ આવતી નથી. "આ વિષય" વેદ શાસ્ત્ર યુક્ત નીચે દરસાવુંછું તે ધ્યાનમાં લેસો.

આ જગત.માં સમષ્ટી સ્થુળ દેહની ઉત્પતી.

સર્વના સ્થુળ દેહની ઉત્પતી પુર્વ જન્મના સંસ્કારથી માતાપીતાના સત્પ ધાતુથી જયારે દેવદત્તના દ્રવ્યાદી વિષયો ઉત્પન્ન થાયછે તે પરસ્પર સૌમ્ય ગુણ પણાથી છ પ્રકારનો " રસ " થાયછે. તે રસથી લોહીં. લોહીથી માસ; માસથી મેદ, મેદથી નાડીઓ, નાડીઓથી હાડકાં, હાડકાંથી મંજ્જા, મજ્જાથી વીર્ય થાય છે, અને તે વિર્ય. સત્વગુણી હોયછે. અને માતાનું રજ લોહી લાલ ગુણવાળું હોયછે; સદરહું વિર્ય સત્વગુણવાળું હોવાથી. તેમાં સર્વ વ્યાપક ચૈતન્ય રૂપ આત્માનું સાભાસ સ્વભાવિક પડેછે. જેમ કાચ પાંણી વીગેરે ઉજવલ પદાર્થમાં સાભાસ ગ્રહણ

કરવાનુ સ્વભાવીક સફેત સ્વરૂપ હોય છે. તેથી ચૈતન્ય સાભાસ સહ લીંગ દેહને લઇ અંતઃકરણ ઉપજેછે તેની અંદર આવેલ વિસિષ્ટ ચૈતન્ય સાભાસ સહ કર્મનો કર્ત્તા થાયછે. તેવીજ રીતે સત્વગુણી માયામાં ચેતનના સાભાસથી ઇશ્વર જગત ઉપજાવે છે એમ સમજી લેવું. એની મેલે (કર્મવગર) થતું નથી.

અંતઃકરણ એટલે (અંતઃ બરાબર અંદર અને કરણ બરાબર સાધન) મેળવી આત્માનું સાક્ષાત કાર કરવાની અંદર ઈંદ્રીઓનુ સાધન ઉત્પન્ન થાય છે, (ઇંગ્રેજીમાં તેને આરર્ટીઓ કહેછે.) અને માતાના રૂતુથી લોહી તથા માસ ઉત્પન્ન થાયછે. આ સર્વનો સંદ્ધી મેળવી આપનાર સાક્ષી જે આત્મા સહ કર્મછે. અને વર્તમાંન કાળમાં સદરહું પુરૂષ એમ પણ કહેછેકે મારા આગલા જન્મના કરેલા કર્મથી આ સુખ દુઃખહું ભોગવુંછું અને તે શુક્ષમ કર્મ ન હોયતો પોતાનુ સ્વાર્થનું કામ જે ધણીએ લીધુંછે તે પોતાના પુરૂષર્થથી પુરૂ જયારે થતુ નથી, ત્યારે હારીને એમ કહેછેકે. ભાવી પ્રબલછે. કારણ મારૂ કામ મારા હાથમાં નથી. અને બીજી રીતથી જોઇએ છીએતો રાજા અને રંકના કર્મનો જે તફાવત જણાયછે તે તફાવત સુખ દુઃખનો જણાવો જોઇએ નહીં. બેઊને સરખુજ સુખ હોવું જોઇએ પણ તે તફાવત આપણે પ્રતક્ષ જોઇએ છીએ, માટે સ્વભાવીક છે. એમ કહેવું જુઠ માત્રછે. ઉપરના

વિર્ય તથા રજથી મલીન અંતઃકરણ જે ઉત્પન્ન થયેલુંછે તેમાં સર્વ પુરૂષત્વમાં મુળથીજ ત્રણ દોષ હોયછે. તેને ૧ મળ ૨ વિક્ષેપ ૩ આવણ કહે છે. મળનામ પાપનુ છે. વિક્ષેપ નામ ચંચળતાનુંછે. અને આવરણ નામ અજ્ઞાનનું છે. સર્વ મનુષ્યને દેહનુ જ્ઞાન પ્રતજ્ઞછે. પરંતું આત્માનું જ્ઞાન સામાન્ય મનુષ્યને પ્રતક્ષ હોતું નથી. જે આત્માનો આભાસ અવિદ્યામાં પડેલોછે. તે અવિદ્યાથી ઘેરાયેલો હોય છે. તેના નિમીત મળ જે પાપ તેનો નાસ સુભ કર્મથી થાયછે. અને વિક્ષેપનો નાશ ઉપાસનાના અનુષ્ટાંનથી થાય છે. અને આવરણ જે અવિદ્યા તેનો નાસ વસ્તુના જ્ઞાનથી થાયછે. ઉપરની હકીકત મનુષ્ય જાતીની કહી. અને નિચે દેવશરીરની ઉત્પતિ કહુંછું.

वेदशास्त्र प्रमाणथी कर्मनी स्थीती.

દેવ શરીરની વાખ્યા.

દેવ સરીર વધારે પુણ્ય કર્મ અને થોડા પાપનું બનેલુંછે જો કંદાચ દેવ સરીર બધા પુણ્યથી બનેલું હોય તો તેમને બીજા દેવની વિભુતી જોઈ ખેદ ઉત્પન્ન થવું જોઇએ નહીં જુઓ કે સર્વ દેવનો પ્રધાન ઈંદ્રછે અને દૈત્ય દાનવંના ભય જન્ય દુઃખ શાસ્ત્રમાં કહ્યાં છે, તે દુઃખ તેને હોવું જોઇએ નહીં શ્રુતી વિષે એમ કહયુંછે કે દેવ સરીર પાપ રહીત છે તેનો એવો અભિપ્રાય છેકે

કર્મનો અધીકાર કેવળ મનુષ્ય સરીરમાં છે. બીજામાં નથી તેથી દેવ ભુમીમાં દેવ સરીરને સુભ કે અસુભ કર્મનું ફળ દેવ સરીરના વર્તમાંન કાળમાં કર્મનું ફળ ત્યાં થતું નથી પરંતુ મનુષ્ય સરીરથી જે સુભ અગર અસુભ કર્મ અત્રે કરી ગયેલ હોય તે કર્મનું ફળ તે દેવ સરીરમાં ભોગવેછે અને તે સુભાસુભ કર્મના ફળનો અંત આવે ફરી આ જગતમાં અંધ પાત થઈ કર્મ પ્રમાણે જન્મ લેવા જરૂર પડેછે. તેથી દેવ સરીર સુભ અસુભ કર્મથી મીશ્રીત બનેલું છે તેઓનું સરીર પુણ્ય ભાગ વધારે અને પાપ ભાગ જુજ હોયછે દેવ સરીરછે એની ખાત્રીના માટે વરસાદનો સુપ્રીન્ટેન્ડેટ ઈંદ્ર છે. તેથી નીશ્ચય થાયછે અને મુખ્ય દેવતા જેવા કે ૮ વસુ ૧૧ રૂદ્ર અને ૧૨ આદીત્ય કુલ મલી ૩૧ છે તેથી નિશ્ચય થાયછે શીવાય અંગી ભુત દેવતાઓ પણ છે.

મનુષ્યના સ્થુળ સરીરની વાખ્યા.

પેહેલા પારેગ્રાફમાં બતાવેલ રજ વિરજથી ઉત્પન્ન થયેલ જે આ સ્થુળ "તે સ્થુળ સર્વે મનુષ્ય જાતીથી તે પશુ વીગેરે જાતી સુધી મેળવતા એકજ કારણ રૂપ પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલ છે" પણ કર્મ પ્રમાણે વિષયોના સબંધથી સુખ દુ:ખનો અનુભવ સર્વને છે તેમાં કોઇને એવી શંકા થાયકે સર્વને પૃથ્વીના કાર્ય વિષય સુખમાં પુર્ણ બુદ્ધિછે નીત્ય સુખ જે આત્મા તેને કોઈ

ચાહાતું નથી તે અને નહી કારણકે પોતાના સુખ
થી સર્વ સુખછે એમ સર્વ મનુષ્ય જાણે છે પરંતું
કર્મના પ્રધાનથી ચાર જાતીના આ જગતમાં પુ-
રૂષ છે. તેને જીવ કહેછે. તે નીચે મુજબ

૧ પામર; ૨ વિષયી ૩ જીજ્ઞાસુ ૪ મુકત
એવા ચાર વર્ગ છે.

૧ પામર—જે પુરૂષ આ લોકમાં સદગ્રહુ પુસ્ત-
કના વેહેવાર વિલાસમાં સુક્ષમ કર્મ વીસે વેદ શા-
સ્ત્રમાં બતાવ્યા પ્રમાણે ચાર જાતના વિહીત કર્મ
અને એક જાતનો નિસિદ્ધ કર્મ કુલ મળી પાંચ
પ્રકારના કર્મ વિષે આસકત હોય તથા શાસ્ત્ર
સંસકાર રહીત હોય તેને પામર કહીએ છીએ

૨ વિષયી—જે પુરૂષ શાસ્ત્રના અનુંસાર વિ-
ષયને ભોગવતાં પર લોકનાં તથા આ લોકના
નીમિત જે જે કર્મ કરે તેને વિષયી કહીએ છીએ.

૩ જીજ્ઞાસુ જે પુરૂષને ઉત્તમ સંસકારથી સત
શાસ્ત્રનું શ્રવણ હોય તેવા ઉત્તમ પુરૂષને એવો
વિવેક હોય કે વિષય સુખ અનિત્ય છે જે વેળા
સુખ થાયછે તે પછે દુઃખ અવષ્ય છે અને પરી-
ણામે દુઃખનો હેતું છે. એટલુંજ નહીં પણ વર્ત
માંન કાળમાં પણ નાસના ભયથી દુઃખનો હેતું
છે એ રીતે સર્વ વિષય સુખ દુઃખથી વીંટાયલાં
છે અને જયાં સુધી સરીરછે ત્યાં સુધી દુઃખની
નિવ્રંતી સંભવતી નથી જેમકે “ સરીરથી રોગ
અને રોગથી દુઃખ થાયછે” તેમાં જે કારણ શરીર

છે. તે પાપ પુણ્યથી ઉપજેલુંછે. સર્વ શરીર સુભ તથા અસુભ એવા કર્મનું ફળ છે. તે ફળ રૂપ સ્થુળ દેહથી સુભ કર્મ કરી દેવ લોકમાં જવાયછે. અને તે દેવ લોકમાં ઉપર બતાવ્યા પ્રમાણે ફળનો અંત આવે. (સુખ ભોગવી રહે) પાછું અત્રે અવાય છે. એવું નિશ્ચય છે. પાપનું ફળ દુઃખ છે. અને પુણ્યનું ફળ સુખ છે. માટે દેહનો જયાં સુધી સબંધ રહે ત્યાં સુધી દુઃખની નિવૃતી થાય નહીં. કારણ કાંમ ક્રોધ લોભ ભય વીગેરેનું સાધન દેહછે. તે દેહ ધર્મ અધર્મનું પ્રતક્ષ ફળછે. તે ધર્મ અધર્મની નિવૃતી વિના દેહની નિવૃતી સંભવે નહીં. સબબહાલનું જે શરીરછે. તે દુર થયેથી. (મરીગએથી) પણ ત્રષ્ણાથી ફરી પુણ્ય પાપને લેઇ બીજું શરીર થશે. વાસ્તે પુણ્ય પાપની નિવૃતી વિના શરીરની નિવૃતી થાય નહિ. અને સદરહુ પુણ્ય પાપ પાછાં. રાગ દ્વેષના નાશ વિના દુર થતા નથી. કેમકે વર્તમાંન પુણ્ય પાપને ભોગવી લીધાથી પણ (નીવૃત થયેથી) રાગ દ્વેષના સબંધથી ફરી બીજા પુણ્ય પાપ થશે. માટે રાગ દ્વેષની નીવૃતી વિના પુણ્ય પાપ દુર થાય નહીં અને સદરહું રાગ દ્વેષ પાછાં અનુકુળ જ્ઞાનથી તથા પ્રતિકુળ જ્ઞાનથી થાયછે. (અનુંકુલ જ્ઞાન એટલે ફાવતા આવે અથવા પોતાને ગમે એવા તથા પ્રતિકુળ જ્ઞાન એટલેઅણગમતા) જે વિષે અનુકુળ જ્ઞાન થાયછે. તે વિષે રાગ થાંયછે. (પ્રીતી) અને જે વિષે પ્રતિકુળ જ્ઞાન થાય છે તે

વિષે દ્વેષ (અપ્રીતી) થાયછે, વાસ્તે પદાર્થ વિષે અનુકુળ જ્ઞાન પ્રતીકુળ જ્ઞાનની નિવૃતીવીના, "રાગ દ્વેષ" ની નીવૃતી થાય નહીં. સદરહુ અનુકુળ જ્ઞાન પ્રતિકુળ જ્ઞાન ભેદ જ્ઞાનથી થાય છે. (જુદાપણાથી) કેમકે જે પુરૂષ જે વસ્તુને પોતાના સ્વરૂપથી જુદી જાણેછે. તે વીસે રાગ દ્વેષ થાયછે. પોતાના સ્વરૂપમાં રાગ દ્વેષ નથી. જેમ ઘરની સ્ત્રીના સારા વાકયથી પ્રીતી થાયછે. અને કુવાકયથી. અપ્રીતી થાય છે. તેમ સુખના સાધનનું નાંમ અનુકુળ જ્ઞાન છે. અને દુ:ખના સાધનનું નામ પ્રતિકુળ જ્ઞાનછે. પોતાનું ખુદ સ્વરૂપ દુ:ખ અથવા સુખનું સાધન નથી. યદ્યપી પોતાનું ખુદ સ્વરૂપ "સુખરૂપછે" તથાપી સુખનું સાધન નથી. વાસ્તે સ્વરૂપથી ભીન (જુદી) જે વસ્તું તે અનુકુળ જ્ઞાન પ્રતિકુળ જ્ઞાન નથી. અજ્ઞાનને લઈ ઉપર બાતાવેલ અનુકુળ પ્રતિકુળ રૂપી વસ્તુના અધ્યાસથી કેળવણી વિના (વસ્તુના પ્રતક્ષ જ્ઞાન વીના) * "વાસના લીંગથી અવિદ્યા જન્ય (અવિદ્યાએ ઉત્પન કરેલ) જે સુક્ષમ દેહછે. તેથીજ આત્માના નીશ્ચે વિના આ લોક પરલોકમાં આવવા જવાપણું થાયછે. કેમકે સંપુર્ણ સંસાર અને તેનું જ્ઞાન સ્વરૂપના અજ્ઞાન કાળમાં છે. એવો સંપુર્ણ વેદ તથા શાસ્ત્રનો ઠંઢેરોછે" (સુક્ષમ દેહમાં પ્રાણ મન બુદ્ધી તથા અંતઃકરણ રૂપી પ્રધાનછે.) સદરહુ વાસના સહીત અજ્ઞાનનો નાશ વિવેક વૈરાગથીજ દુર થાય છે. અને વીવેક રૂપી

પેહેલે પગથીયે ચડતાં વાસના સહ લીંગનુ દેહ પુર્ણ જ્ઞાન થએ વેહેવારીક પદાર્થોમાંથી રાગ દ્વેષનો નાશ થાય છે. જેમકે. બાજરી જુવાર ઘઉં વીગેરેને સેકી પૃથ્વીમાં વાવીએતો તેમાંથી રસનો નાશ થયે અંકુર ફુટવાપણું રહેતું નથી (ઉગતું નથી.) તેથી વાસના સહ કર્મથી ઉત્પન્ન થયેલ જે દેહ તેને પોતાને માંનવાથી પુરાણમાં એવું પ્રમાણ જણાવ્યું છેકે.—

श्लोक. ॥१॥

देहाऽत्माबुद्धिजं पापंनतद्गोत्वच कोटिभीः ॥
आत्माऽहंबुद्धिजं पुण्णंन भूतंन भविष्यतिः ॥१॥

અર્થ—હું દેહછું એમ માનવાથી થયું જે પાપ તે કરોડો ગાયો માર્યાથી જે પાપ થાયછે તેનાથી પણ વધારે છે. વળી શ્રુતીમાં પણ એમ કહ્યુંછે કે દેહ અભીમાંનીને સંર્વ દોષ ઉત્પન્ન થાયછે. તથા આત્મહત્યારો થાયછે. વાસ્તે આત્માની સાધકતા અને દેહના જ્ઞાનથી બાધકતા કરી હું ચિયદાનંદ આત્માછું એવી બુદ્ધીથી થયું જે પુણ્ય. તેવું પુણ્ય કોઈ દીવસ થયુ પણ નથી. અને થાસે પણ નહીં માટે આત્મ બુદ્ધિ માહા પુણ્ય રૂપછે.

૪ મુકત—જે પુરૂષને સ્થુળ સુક્ષમ કારણ અને મહાકારણ સરીરથી ભીન જે પોતાનું શુદ સ્વરૂપ તેનું બ્રહ્મરૂપ કરીને અપરોક્ષ જ્ઞાન જેને પ્રતક્ષ હોય તેને મુકત કહીએ (જેમ સાકરખાઈ પોતેજ કહે છે કે મીઠીછે. એવું કેવળ જ્ઞાની જાણેછે.—

तीर्यंक पसुं पक्षीना शरीर वाख्या.

'તીર્યકજે પેટે ચાલનાર જનાવર તથા પસુ અને પક્ષીઓનું સરીર વધારે પાપ અને થોડા પુણ્યનું બંધાયેલું હોયછે કારણ તેમને જે પ્રસીદ્ધ દુઃખ છે તે પાપનું ફળ છે અને આહાર મૈથુનનું જે સુખ છે તે પુણ્યનું ફળ છે.

મતલબ—ઉપર બતાવેલ જે દેવ મનુષ તથા તીર્યંક વીગેરેના કર્મોની વાખ્યાઓ છે તેમાં ઉત્તમ મનુષ્ય છે તે દેવની પંક્તીમાં ગણાય છે. અને નિચ મનુષ્ય છે તે તીર્યંક પસુ પક્ષીની પંકતીમાં ગણાયછે વાસ્તે જે સાધન લઈ પાપ પુણ્ય ઉત્પન્ન થાયછે તે આ દેહ છે વાસ્તે દેહનો ઉત્પન્ન કરતા અવિદ્યયા સહ. કર્મ છે અને જગતનો ઉત્પન્ન કર્ત્તા સત્ય સંકલ્પ સુદ્ધ માયા સહ ઇશ્વર છે એની મેળે થાયછે એ કહેવું સમીચીન નથી.

જો કદાચ સ્વભાવિક એમજ થયા જાયછે એમ માંનીએતો ઉપર પ્રમાણે પ્રતક્ષ પ્રમાણ રૂપી સુખ દુઃખનો સંધી મેળવી આપનાર કોણ ? એ સંકાનુ સમાધાન થતું નથી અને તે વાદી વેદની યુક્તીયો પણ સહન કરી સકતો નથી માટે એવું કહેવું હઠ માત્ર છે.

બીજી રીતથી જોવા જાયએ છીએ તો પાંણીમાં ઉત્પન્ન થનાર જીવ જેવા કે પાહાડ ઝાડ મનુષ્ય

પસુ પક્ષી વીગેરેના જે વાડાઓ છે તે કાયદેસર રહેસે નહીં વધારે ઓછા થઈ સેળ ભેળ થઈ જસે જેમ રાજા વિના રૈયત અને સુપ્રીન્ટેન્ડેન્ટ વીનાં નોકરોનો કાયદા નહીં રેહેતાં પોતાની મરજી પ્રમાણે સર્વે વર્તવા તથા સુખ ભોગવવા પ્રતીબંધ રહે નહી વાસ્તે કર્મનું પ્રતિપાદન કરનાર વેદ શાસ્ત્ર છે તે સત્ય છે તે વીષય આગળ જણાવુંછું.

કર્મ વીસે શાસ્ત્રનું પ્રમાણ.

સર્વના કર્મ રૂપ બીજથી બે અંકુર ફુટે છે. એક વાસના રૂપ અંકુર અને બીજું અદૃષ્ટ રૂપ અંકુર ઉત્પન્ન થાય છે.

ધર્મ અધર્મનું નાંમ અદ્રષ્ટ છે સુભ કર્મથી તો સુભ વાસ્ના અને ધર્મ રૂપ અંકુર થાયછે અને અસુભ કર્મથી અસુભ વાસ્ના અને અધર્મ રૂપ અંકુર થાયછે સુભ વાસ્નાથી આગળ જતાં સુભ કર્મમાં પ્રવૃતી થાયછે અને ધર્મથી સુખનો ભોગ થાયછે એજ રીતે અસુભ વાસ્નાથી આગળ જતાં અસુભ કર્મમાં પ્રવૃતી થાયછે અને અધર્મથી દુઃખનો ભોગ થાયછે એ પ્રમાણે કર્મ રૂપ બીજથી વાંસ્ના રૂપ અને અદ્રષ્ટ રૂપ એવા બે અંકુર થાયછે તે બે અંકુરમાંથી વાસ્ના રૂપ અંકુરનો તો ઉપાયથી નાસ થાયછે પણ અદ્રષ્ટ રૂપ અંકુરનો તો ફળની ઉત્પતી વિના કોઈ પ્રકારે પણ નાસ થતો નથી એવો શાસ્ત્રનો નિર્ણયછે અસુભ કર્મથી ઉત્પન્ન થયેલ જે અસુભ વાસ્ના

રૂપ અંકુર છે તેનો સત્સંગ આદી ઉપાયથી નાસ થાયછે અને સુભ કર્મથી ઉત્પન્ન થયેલ જે સુભ વાસ્નારૂપ અંકુર છે તેનો કુસંગા દીકથી નાસ થાયછે શાસ્ત્રમાં જે પુરૂપાર્થ કહ્યાં છે તે (માણસ પોતાની મેળે ઉદ્યોગ કરીને પ્રાક્રમ કરે તે) તે પ્રવ્રતીના હેતું જે વાશના તે વાસ્નાનો નાસ થાયછે વાસ્તે પુરૂષાર્થ પણ સફ્ળ છે પરંતુ ભોગનો હેતુ જે અદ્દષ્ટ તેનો નાસ થતો નથી એવી વાત શાસ્ત્રમાં કહી છે.

વળી સુભ અસુભ કર્મ પણ.. કાળાંતર ભાવી (ઘણા કાળે થનાર) જે સ્વર્ગ નરકની પ્રાપ્તી તેના હેતુ નથી કિન્તું સુભ કર્મ તો પોતાથી અવ્યવહિત (આડ વગર નજરે દેખાય એવાં) ઉત્તર કાળમાં ધર્મની ઉત્પતી કરેછે જે. ધર્મ અ-ધર્મ અતઃકરણ વિષે રહે છે (પ્રાણ બુદ્ધિ મન તથા પ્રધાનરૂપી સત્વગુણ અતઃકરણ) તે મરતી વખને બાહાર ગમન કરે છે. તેનાથી કાળાંતરમાં સ્વર્ગ અને નર્કની પ્રાપ્તી થાયછે. ઈશ્વરને અર્પણ કરેલ કર્મોથી અંતઃકરણ સુદ્ધ થઈ જ્ઞાનથી ધર્મ અધર્મનો નાસ થાય છે પરંતુ અજ્ઞાનના અ-ભી પ્રાયથીજ શાસ્ત્રમાં સુભ કર્મ અને અસુભ કર્મ અપુર્વ દ્વારા ફળના હેતુ કહ્યાં છે અપુર્વ નામ ધર્મ અધર્મનું છે અને અદ્દષ્ટ પણ તેનેજ કહેછે તેમ પુણ્ય પાપ પણ તેનેજ કહે છે.

ધર્મ અધર્મનું જનક જે સુભ અસુભ ક્રીયાછે તેને પણ કહીં ધર્મ અધર્મ કહેછે જેમ કોઈ પુરૂષ

સુભ ક્રીયા કરતું હોય તેને લોક એમ કહેકે આ ધર્મ કરેછે અને અસુભ ક્રીયા કરવા વાળાને લોક એમ કહેછે કે આ અધર્મ કરેછે તે સુભ અસુભ ક્રીયાનું નાંમ ધર્મ અધર્મ નથી પરંતું " સુભ અસુભ ક્રીઆ " ધર્મ અધર્મનું જનક છે (ઉત્પન કરનાર છે) વાસ્તે ક્રીઆ ને ધર્મ અધર્મ કહેછે સ્થુળ દેહના કર્મને નહિ. જેમ આવરદા વધારનાર જે ઘી તેને શાસ્ત્રમાં " આયુ " કહેછે એ રીતે અવ્યવહીત પુર્વ કાળમાં સ્થુળ વિના લિંગ દેહ હેતું હોયછે માટે કર્મનો પ્રકાર સત્ય છે કેટલાએક નાસ્તીકમત વાળા પુર્ણ રીતે મતલબ સમજયા વિના વોરા ભાઈના નાડાની માફક કબુલ કરતા નથી તેઓ જેમ જન્મના આંધળા ને કોઈ પુરૂષ એમ કહેકે દુધ ખાવુંછે (પીવુંછે) ત્યારે જન્મના આંધળે સ્વાલ કર્યો કે દુધ કેવુંછે? આપનાર પુરૂષે કહયું કે બગલાની પાંખ જેવું ધોળુ છે ત્યારે આંધળે પુરો વિચાર નહીં કરતાં મનમાં વિચાર કર્યો કે બગલાની પાંખ જાડી વાંકી તથા કઠણ હોય છે તે ગળે કેમ ઉતરે ? એવું વિચારી તે પ્રવાહીદુધથી નારાજ થઈ " નાજ " કહેછે તેમ છે જો સર્વ વિષયનો પુરે પુરો અંત લાવી તેના ઉપર દોષ મુકે તે પુરૂષની બળી હારી છે પણ અધુરો વિચાર કરનાર તે વિષયથી અભાગી રહેછે અને વેદ શાસ્ત્ર ઉપર દુસણ મુકી જન્મ મરણ ને વસ થઈ બ્રહ્માંડ રૂપી સાંકૂલ જેલમાં ફર્યા કરેછે એવો શાસ્ત્રનો નીશ્ચય છે.

શ્રીહરીનું નિશ્ચયપણું.

સર્વે પ્રાણીયોના સરીર માસ, મેદ, નાડીયો, મજ્જાથી, ઉત્પન્ન થયેલછે. અને તેની અંદર "જઠરસ" રહેલછે તે જઠરસને ગમે તેવા (પચે એવા) પદાર્થ ઓઝરીમાં નાંખતાં તે પદાર્થનું રશ કરી નાંખવાનું પોતનું કૃતવ્ય કર્મછે. તેજ ઓઝરીમાં અઘોરી લોકો મનુષ્ય માટી તથા નીચ મનુષ્ય પરમાટી ખોરાક તરીકે સદરહુ ઓઝરીમાં દાખલ કરેછે. તેવા પદાર્થનું રસકરી નાંખવા જઠરસ સમર્થ છે. હવે આ વિષે વિચાર કરી જોઈએ તો તેને ઓગાળવા (રસ કરવા) પોતાનું કામછે. છતાં પોતે તેના જેવા અંદરના માંસ મેદ વીગેરેનો રસ કરવામાં સમર્થ નથી. કારણ કે અંદર અંતર આત્મા શ્રી કૃષ્ણ હરી કહીએ છીએ અને જેની સાહાયતાથી આ વહેવારનું સર્વ કામ આપણે કરીએ છીએ. તેવા હરી પોતે વચ્ચે રહી શરીરના માંસનો રસ કરવા દેતા નથી. જો કદાચ એમ કહીએ કે જઠરસને પોતાની અનાજની ખોરાકી મળવાથી અંદરનું માંસ ઓગળતું નથી પણ એ વાત બને નહી સબબ ઘણા . માણસો ઊપવાસ કરેછે. છતાં પણ સદરહુ જઠરસ માંસને ઓગાળવા અ સમર્થછે અને જે ઠેકાણે જઠરસનું સ્થાન છે તે સ્થાનને બાળવા પણ પોતે અસમર્થ છે. સ્વભાવિકનો એવો ધર્મ હોય છે કે, જે કર્મ પોતે લીધું છે. તે પુરૂ કર્યા વિના અટકતો નથી. જેમ અગ્નીનો સ્વભાવિક ધર્મ એવો છે કે, જે

સ્થાનમાં પોતે હશે, ત્યાં બાળશ્રા વિના રહેસે નહી. તેથી ખાત્રી થાયછેકે અંદર શ્રી કૃષ્ણહરી જઠરસને પોતાનુ કૃતવ્ય કર્મ જે ઓગાળવાનું છે. તેને ખાસ અટકાવેછે અને તેને કૃત્તમંદ થવા દેતા નથી. માટે આત્મા સાક્ષાત કારછે, તેવા અંતર આત્માનું (શ્રીહરીનુ) અનુભવ કરવા અવષ્ય કૃતવ્ય છે. વાસ્તે આ પુરૂષ કૃતવ્ય યાને મોક્ષમાર્ગ પહેલેથી તે છેલ્લે સુધી વાંચી સુજ્ઞ પુરૂષ સત્ય સું છે તે સોધી લેસો, કારણ જીવ ઈશ્વરની એકતાનો નિશ્ચયપણું શ્રી મદ્ભાગવતમાં ચતુર્થ સ્કંધના ૨૮ મા અધ્યાયમાં પુરંજનોં પાખ્યાનમાં જીવને ઈશ્વર સાથે પોતાનું એકત્વ જ્ઞાન દ્રઢ થવા સારૂ ઈશ્વરે જીવને પોતા સાથે એકતાનો ઉપદેશ કર્યો છે કે—

॥ श्लोकः ॥

अहंभवान्न चान्यस्त्वं त्वमेवाहंविचक्ष्वभो ॥

ननौपश्यंतिकवयश्छिद्रंजातुमनागपि ॥

અર્થ—હે જીવ હું છું તે તુંછે. મારાથી તુ જુદો નથી. તું છે તેજ હું છું એમ મારૂ તથા તારૂ એકપણું વિચારીજો માટે આગળ વહેવાર વિલાશમાં સ્થુલ દેહનું વીવેચન વાંચી દેહનું બાધકરી આત્મા બ્રહ્મરૂપછે. માટે શ્રુતી પ્રમાણ મુજબ પ્રત્યક આત્માનો પરમાત્મા સાથે અભેદ આ પુસ્તકમાં નીરૂપણ કર્યુંછે.—

अथ वहेवार विलास.

પરાધીન દેહરૂપી બોયલરને લઈને જીવ વારં-

વાર આ મૃત્યુભુમીમાં ફેર ફેર જન્મ લેછે. તે વિષે શ્રી શંકરાનંદ મુનીએ આત્મ પુરાણમાં કહ્યું છે કે.—

॥ श्लोकः ॥

जातो बालो युवा वृद्धो मृतोजातःपुनस्तथा ।
बंभ्रमीत्येपसंसारे, घटीयंत्रसमोऽवशः ॥ १ ॥

ઉપરના શ્લોક મુજબ હાલના વખતમાં રેલવે બોયલરની સાથે, દેહ બોયલર રૂપીજે (ઘટ) તેને લોક લાજ તથા જ્ઞાતી લાજ એવા બે પાટા ઉપર મનુષ્ય પ્રાંણી ફેરવી વારંવાર જન્મ મરણને વશ થાયછે. તે વિષેનું વિવેચન વાંચસો. (અજ્ઞાનીને જન્મ મરણ રૂપી દેહ ઘટમાળ જેવીછે.)

દુહો.

ચીલે તો ગાડી ચલે, ચીલે ચલે કપુત;
ચીલા છોડ ચીલા કરે, વાકો નાંમ સપુત.

દ્રષ્ટાંત.—હાલના જમાંનામાં આ મૃત્યુ ભુમીમાં ઈંગ્રેજ સરકાર પાસેથી કંપનીએ જમીન ભાડે રાખી તેના ઉપર સડક બાંધી સ્લેપાટ પાથરી પોતાનું બનાવેલું બોકલર તથા ડબ્બાઓ ગોઠવી સર્વે મનુષ્ય પાસેથી નીમેલા કાયદા પ્રમાણે ભાડું લઈ વગર હરકતે ધારેલા સ્ટેશને પોહોચાડે છે.

કંપનીના બનાવેલા બોયલરમાં. અગ્ની પાંણી અને કોયલાથી સ્ટીમ ઉત્પન્ન થાય છે. અને તેને ચલાવવા વીગેરેના કાંમમાં કામ પ્રમાણે વધુ ઓછા માણસો હોયછે. પહેલો ઈનજીન ડ્રાઈવર

બીજો ગ્યાડ ત્રીજો પૈયાનો પ્રેસ કરનાર ચોથો કોયલા નાંખનાર તથા તેલ પુરનાર અને પાંચમો પોઇ માસ્તર હોયછે. સદરહુ પોઇ માસ્તર મતલબના કાગળો લઇ જઈ બીજે સ્ટેસને પહોંચાડે છે.–

રેલવે બોયલરની સાથે વ્યષ્ટી સ્થુળ દેહનુ એકતા પણું.

ઉપરની બાબત આપણા સ્થુળ રૂપી દેહથી મેળવતાં રેલવેમાં બતાવ્યા પ્રમાણે મળી આવે છે તે નીચે મુજબ.

ઈશ્વર અગ્રેસર પાશેથી જીવ મન બુદ્ધિ ચિત અને અહંકાર રૂપી કમ્પની એ પૃથ્વીના કાર્ય રૂપી દેહ ભાડે લઈ તેમાં અગ્ની રૂપી જઠરસ અન રૂપી કોયલા અને સ્ટીમ ઉત્તપન થવા પાંણી છે સર્વ વસ્તું મળી આ સ્થુળ રૂપી બોયલરમાં ચિત્તવન રૂપી સ્ટીમ ઉતપન થઈ સ્વાસો સ્વાસ મોઢા વાટે નિકલી બ્રહ્માંડમાં વિલીન થાય છે સદરહુ સ્થુળ રૂપી બોયલર પાછળ દસ ઈદ્રીઓ પાંચ જ્ઞાન ઈદ્રી અને પાંચ કર્મ ઈદ્રી રૂપી ડબ્બાથી વિસય રૂપી સંસકાર લઈ જીવ ઈજીનડ્રાઈવર પોતાની મરજી પ્રમાણે લોક લાજ તથા જ્ઞાતી લાજ એવા બે સ્લેપાટ ઉપર આ જગતમાં ચલાવે છે તેના હુકમમાં મન રૂપી પૈયાપ્રેસ કરનાર વરતેછે. ને કોયલા તથા તેલ પુરનાર રૂપી હાથ છે (અન તથા પાંણી) અને સર્વના આધષ્ટાંન રૂપી પ્રાંણ ગ્યાડ સર્વની પાછળ રેહે છે મતલબકે મરતી

વખતે સર્વે લિંગ દેહ નીકળ્યા પછી તરતજ તેની પાછળ પોતે પણ સદરહુ બોયલર તથા ડબ્બા ખાલી કરી પ્રાણ રૂપી ગ્યાડ છોડી આપેછે આ સ્થુળ રૂપી રેલવે ગાડીમાં ચિતવનરૂપી સ્ટીમ વખતો વખત ઉત્પન થઈ મોઢા વાટે વૈખરી વાણીનો વેહેવારમાં ઉપયોગ કરેછે પુર્વ જન્મના સંસકાર રૂપી કાગળનો સબંધ કરી આપનાર ચિત્ર ગુપ્ત રૂપી પોષ્ટમાસ્તર યમરાજ તથા ધર્મરાજની કોર્ટ રૂપી સ્ટેસને કાગલો સોંપેછે તેના ઈનસાફ બાદ જે જેના કર્મ હસે તે પ્રમાણે ઈનસાફ થઈ ફરી એક પૈસાનું ભાડે લીધેલ સ્થુળ બોયલરમાં ક્રીઆમાણ સંસકાર પ્રમાણે ખાતાવાર ચિત્ર ગુપ્ત પોસ્ટમાસ્તર ધર્મ અધર્મ રૂપી ખાતા વહીમાં કર્મના સંસકાર મુજબ 'બુદ્ધિમાં' જમે પાર ઉધાર પાર દાખલ કરેછે અને તે સંસકાર પ્રમાણે જેમ રેલવે બોયલરના આગળના ભાગપર સર્વ કાળાની ઉપર લાલ નંબરના ચીન્હો હોય છે તેવુંજ આ આપણું સ્થુળ બોયલરની સાથે મેળવતાં અંતરમાં કાળાપણું અવિદ્યા અને બાહાર કાલાપણું વાળ અને તેમાં લાલ ચિન્હો અંતરમાં બુદ્ધિ અને બાહેરમાં જીભ રૂપી લાલ છે એવા વિષેશણ વાળુ આ સ્થુળ કર્મ ઉપાસનાથી ચિત્ર ગુપ્ત આ જગતમાં મેળવી આપનાર છે તે પ્રતક્ષછે.

સમજવાનું એટલુંજ કે—આ સ્થુળના સાધનથી જે પરમધામ ઈશ્વર સ્થળ છે તેના સનમુખ

થવા ખરેખરૂ ઉપીયોગી છે અને તે ઉપયોગ લેવાથી વેદ શાસ્ત્રમાં કહ્યા મુજબ તે ધામ વિના હુકરતે પોહોચાયછે જો કદાચ અજ્ઞાનથી પામર (વીપર્ય અંધ) થઈ રહી જઈએ તો છેવટ સ્થુળ દેહ રૂપી બોયલર છોડી તેનું એક પૈસો ભાં ભાડું પાછલના માણસો સમસાંન રૂપી ટીકીટકલેકટરને આપે છે.

સ્થુળ દેહની સાથે રેહેવાના સ્થાઇ ઘરથી એકતા પણું

જેમ ઘરમાં આડસર તથા છાપરાની બેઠાળની વળીયો હોયછે તથા થાંભલા બારી બારણા હોય છે ઇટ પથ્થર અને ગારાથી બાંધેલી ભીતો હોય છે તે ઉપર કાળો લાલ તથા સફેત રંગ દીધોલો હોયછે છાપરૂ ઘાબાનું હોવાથી ઘાસ ઉગેછે, તેવા ઘરમાં રેહેવા વાળો પુરૂષ કહેછે કે ઘર મારૂછે પણ "હું ઘરછુ" એમ કહે તો પણ નથી તેમજ આદેહ રૂપી મારૂ ઘર છે અને તેમાં રહેનાર પુરૂષ હું જુદોછું એમ નિશ્ચય છે (એકતા—આડસર રૂપી વાંસાનું હાડકું છે પાંસળી રૂપી બેઠાળની વળીઓ છે હાથ પગ રૂપી થાંભલા છે હાડકા તથા માંસ અને લોહી રૂપી ઇંટ પથ્થર તથા ગારો છે આંખ કાંન નાક મુખ આદી ઇંદ્રીયો રૂપી બારીયો છે. રોમ રૂપી ઘાસ ઉગ્યું છે સફેદ રૂપી ચરબી વિર્ય તથા જ્ઞાનતંતુઓ અંદર ધોળો રંગ છે અંદર રાતાં રંગનું લોહી તથા બાહેર ચામડી જીભ તે રાતો રંગછે; અંદરનું કાળું લોહી તથા બાહારના

કાળા વાળ એ કાળો રંગછે; આવા વિષેસણ વાળું સદરહુ સ્થુળ તેમાં રેહેનાર "સુદ્ધ પુરૂષ હું જુદો છું" માટે હું દેહરૂપ થઈ અજ્ઞાન નિશ્ચય કરી વખત ગુમાવુંછું તે યોગ્ય નથી માટે સર્વપુરૂષોએ નિષકામ કર્મ, કરવું ઘરનું કાંમ વેહેવારનું હોય તે કરવું, તથા કુટમ્બ વેહેવારનું હોય ને બરાબર રીતસર રાખવું, છેવટે ફુરસદ વખતે સારા માણુસ સાથે સત્સંગ રૂપી વાકયનો લાવો લેવો એ ખાસ પોતાને ફાયદા કારક છે (ઘણું કરી શાસ્ત્ર વાંચવા તથા ઇશ્વરનું નાંમ લેવું અને વેદ વાક્ય શ્રવણ કરવું એ પ્રતિને સુધારે છે.

ઉપરના વિષયમાં બરોબર ધ્યાન રાખવાનું કે આગબોટમાં કપત્તાન રેલવેમાં. ઇંજીન ડ્રાઈવર અને વાહાણમાં નાયક એમ આ સ્થુળરૂપી બોયલર સંસાર સમુદ્રમાં 'ચલાવનાર પ્રોફેસર નામે "મન" તેણે ધ્રુ મોછલી (અધ્યાત્મ જ્ઞાન) ઉપર વધારે ધ્યાન દેવા જરૂરછે, નહીંતર ફાયદાના બદલામાં ગેર ફાયદા થઈ બંદર છોડી "અવર" બંદર ચડી જવાયછે તેથી જન્મ મર્ણને વશ થવાયછે.

સમષ્ટી સ્થુળના કર્મવીસે વેદશાસ્ત્રનું પ્રમાણ.

સર્વના કર્મ બે પ્રકરનાછે. એક વિહીત (ક્રીઆ કરવાના કાંમ) અને એક નિષિધ (ન કરવાનાં કાંમ) એ બે જાતનાં કર્મછે.

પુરૂષની પ્રવતી નીમીત જેનું "સ્વરૂપ" વેદ બોધ ન કર્યુ તેને વિહીત કર્મ કહીએ છીએ અને પુરૂષની નીવ્રતી જેનાથી બોધ ન કરે છે. તેને

નિષીધ કર્મ કહીએ છીએ કુદરતી સ્વભાવિક સ્વભાવસિદ્ધ જે ક્રીયા છે તે કર્મ નથી કેમકે વેદ પ્રવ્રતી અથવા નીવ્રતીના નીમીત જેબોધ ન કર્યાછે. તે કર્મ કહીએ છીએ વિહીત અથવા નિષીધ સીવાયની ક્રીયા કર્મ નથી.

૧ વીહીત કર્મના ભાગ. ૧ નિત્ય ૨ નૈમીતીક ૩ કામ્ય ૪ પ્રાયશ્ચિત, પાપના નાશ નીમીત વીધાન (શાસ્ત્રમાં કહ્યું જે કર્મ તેને પ્રાયશ્ચિત કહીએ છીએ) જેમકે ચુકથી દ્રવ્ય લેવાથી યતી લોકને જે પાપ લાગે છે, તેના નાશ સારૂ "દ્રવ્યનો ત્યાગ અને ત્રણ ઉપવાસ" એ પ્રાયશ્ચિત કર્મ છે. તેને ચાંદ્રાયણ પણ કહેછે.—

૨ કામ્ય-વૃષ્ટીકામનાં ફળના સારૂ કારીરીયાગ (અથરવેદનો એક યાગ)છે તેને સ્વર્ગ કાંમને સારૂ અગ્નીહોત્રી અને સોમયાગ આદી લઇને જે યાગો છે, તેને કામ્ય કર્મ કહેછે.—

૩ નૈમીતીક-જે કર્મ નહી કર્યાથી પાપ થાય. અને કરીએતો પુન્ય રૂપ ફળ ન થાય અને જેનું વિધાન કર્યું છે. એવા જે કર્મ તેને નૈમીતીક કર્મ કહીએ છીએ, જેવાંકે ગ્રહણશ્રાધ (પીત્રુ શ્રાદ્ધ). અવસ્થાવૃદ્ધ, જાતીવૃદ્ધ, આશ્રમવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, ધર્મવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ. પુરૂષ જેવો અનુક્રમે પુર્વ પુર્વથી ઉત્તર ઉત્તર ઉત્તમછે, (એક પછી એક) તેઓના આગમનથી ઉભાથઈ માંન આપવું એ કર્મછે તેને પણ નૈમીતીક કર્મ કહેછે.—

૪ નીત્ય કર્મ જે કર્મ નહી કરવાથી પાપ થાય અને કરવાથી ફળ થાય નહીં અને સદા તેનું વિધાન હોય (કરવાનું હોય) એવા જે કર્મ તેને નીત્ય કર્મ કહીએ છીએ, જેમકે સ્નાન સંધ્યાદીક (નાવું અને ઇશ્વરનું નામ ઉચ્ચારણ કરવું) એ નીત્ય કર્મ છે.—

એ રીતે ચાર પ્રકારના વિહીત અને એક પ્રકારનું નિસીદ્ધ (નહી કરવાના કાંમ) કુલ મળી પાંચ પ્રકારના કર્મ છે. વધારે ખુલાસા શાસ્ત્રથી મેળવી અંતઃકરણ સુદ્ધ થાય એમ કરશો જેમકે પકવાંનથી વાસણ મંજાય નહી એમ સર્વે જાણેછે. માટે સદરહું કર્મ અંતઃકરણના સુદ્ધીના હેતુ છે. શંકરે સુત્ર ભાસ્યમાં આ કર્મ વિષે લખતાં એમ લખ્યું છેકે, જેમ કેવળ દહીં ખાયતો તાવનો હેતુ છે. અને શાકર સહીત દહીં ખાયતો પુષ્ટીનો હેતુ છે તેમજ કેવળ કર્મ સંસારના હેતુછે, જે નાશવંત છે. અને જીજ્ઞાસા સહીત કર્મ અંતઃકરણની સુદ્ધીનાં હેતુ છે.—

સ્થુળ કર્મમા પ્રતક્ષ. ફળનો દાખલો.

૧ જેમ ચોમાસાની રૂતુમાં સર્વ ખેડુંત તથા ખેડુનો ધંધો કરનાર પુરૂષ પોતાના ખેતરમાં જ્યારે ધાન્ય (અનાજ) વાવે છે ત્યારે જમણા હાથે અનાજની મુઠી ભરી ઓરણીમાં ઓરેછે. અને ડાબા હાથે પરૂણી (લાકડી) રાખી બળધને હાંકેછે. આ કર્મ વિચારીને અગર ધારીને થતાં નથી. પણ

કર્મનો પ્રભાવ એવોછે કે, જ્યારે વાવેલ અનાજ પાકીને તૈઆર થાયછે. અને વાવનાર ધણી લણવા જાયછે. ત્યારે જે હાથથી અનાજ વાવ્યું હોય તેજ હાથમાં "ડુંડુ" આવેછે. અને જે હાથમાં પરોણો હતો. તે હાથમાં દાતરડાનો હાથો (લાકડું) વાઢવાના કામમાં આવે છે. તેમાં ફેરફાર થતો નથી ડાબોડી હસે તો તે ધણીના ડાબા હાથમાં અનાજ આવશે, અને જમણા હાથમાં લાકડું આવશે. એ નિરશંસય દાખલો. છે.—

૨ આપણાજ શરીરમાં બે હાથછે અને તે બે હાથના શાસ્ત્રમાં બે વિભાગ કર્યાછે. જેવાકે જમણા હાથ તરફનો પુરૂષ ભાગછે અને ડાબા હાથ તરફનો સ્ત્રી ભાગછે. તેમાં જમણો હાથ મોઢા તરફ ખાવાના કાંમમાં તથા સુભ કર્મ કરવાના ઉપયોગમાં લઇએ છીએ. અને ડાબો હાથ ગુદા ધોવાના ઉપયોગમાં લઇએ છીએ. તેમાં એવી સમસ્યા છેકે, જે મોઢેથી આપણે ખાઈએ છીએ અને બોલીએ છીએ તે સાચું બોલી શુભ કર્મ કરી ધર્મ વિરૂદ્ધ નહિ થઈ નિમક હલાલ થવું જોઇએ (જેમ મીઠાવીના અનાજમાં ચાલતું નથી તેમ) અને ડાબો હાથ ગુદા તથા યોની તરફ જાય છે. તેમાં અશુભ કર્મ કરી આ સ્થુળ દેહમાં અવતાર લેવા વીચાર રાખસો નહીં એમ આપણા પુર્વજો નિશ્ચે કરી ગયાછે. એમ જો ન હોત તો જમણો હાથ પાંણી લેવાના કામમાં કેમ લેતા નથી? એમ કરવા જોઈએ છીએ તો ધર્મ વિરૂદ્ધ થાયછે.

૩ વેહુવારમાં પણ જ્યારે આપણને નવો માણસ (મેમાંન) પરોણો સામો મળે ત્યારે જ્ઞાતી રીવાજ પ્રમાણે ખભે હાથ દઈબે હાથ મેળવી કપાળ તરફ શમસ્યા કરેછે. અને કહુછે કે, "આવો રાંમ રાંમ" એની મતલમ એવી છેકે, જે ખંભે હાથ મુકયો તે સ્ત્રી ભાગ છે. તેથી એમ સમજાયું કે આ દેહુરૂપી સ્ત્રી લઈ જમણા હાથથી શુભ કર્મ કરી મુરદ્ધની સ્થાન (કપાળ ઉપરનો ભાગ) જેમાં આત્માનો વાસોછે માટે તે તરફ વળવા ધ્યાન રાખવું એટલે તેનો અનુભવં કંરવા પુંરૂષર્ય કરવું એમ નિશ્ચય થાયછે. વિચાર કરતાં બીજું કાંઈ તરી આવતું નથી.

આપણા ગુરૂ તથા પુરવજો દેવલોક તથા મોક્ષ તરફ વળવા એટલા સુદ્ધી જણાવી ગઆંછે કેઃ-

૧ મોક્ષનો ઉત્તમો ઉત્તમ પ્રકાર તો અદ્વૈત સચ્ચિદાનંદ બ્રહ્મનો સાક્ષાત કારછે તે કોઇ પ્રતીબંધથી બની શકે નહિ તો.

૨ નીરગુણ ઉપાસના કરવી અને તે પણ બની શકે નહીતો સગુણ ઈશ્વરમાં મન રાખવું. તે પણ બને નહીતો નિષકામ કર્મ કરી રાંમ ભજવા તે પણ બની સકે નહીતો, સકામ શુભ કાંમ કરવાં પછે થાકીને ગુરૂ કહેછે કે; હે સઠ? વારંમવાર જન્મ મરણનાં દુઃખદાયક ત્રીવીધ તાપમાં ફર્યા કર (બ્રહ્માંડ સંટ્રલ જેલ રૂપી કેદખાંનું તૈયારછે.)

અંતઃકરણ સુદ્ધ કરવાના કામમાં કાયક, વાચક

અને માનશીક કર્મ ખરાં છે. અને એમજો માંની એકે કર્મ નથી. તે બને નહિ. કેમજે દુ:ખની કોઈ પુરૂષ ચાહના કરતું નથી, અને એની મેલે ખોટાં કર્મનું ફળ દુ:ખ આવી ઉભું રહે છે. એ વધારે ખાત્રી પડતું છે, માટે કર્મ કરવા; પણ પુરૂષાર્થ સારૂ (પોતાના સારૂ) બ્રહ્મ વિદ્યાનો વધારો કરવા મનુષ્ય પ્રાંણી એ પ્રતિદીન અવસ્ય "સત્સંગ કરવો" આ નિશ્ચય છે.

मायानां खरां त्रंण स्वरुप.

૧ અબળા. ૨ પ્રબળા. ૩ પરબળા.

અબળા પુરૂષ યા સ્રીનું સ્થુળ જે કાયા તે નારીજાતી છે અને તેને ઈશ્વરની શક્તી નથી હોતી (સબ હોય ત્યારે તે બળવિના હોય છે) તેથી તેને અ વત્તા બળ બળ નહી એવી થાય છે આ વિશેશણ સ્થુળને લાગે છે.

પ્રબળા જે સ્થુળ લઇને સ્રી જાતીઓ છે તે પ્રબળા છે તેની વાખ્યા નીચે જણાવું છું.

સ્રીઓ જાતીને માથાના ચોટલાનો બંધ સજ્જડ હોય છે નાક વીધેલું હોય છે છાતીએ કાંચળીનો બંધ સખત હોય છે કમરનો બંધ પણ હોય છે માંથે પાંણીનું બેડું આસરે દોઢમણનું લાવેછે અને તેવાં કેટલાંક લાવવાના હોય છે તથા ઘંટીનો પથ્થર તાણી દળવાનું હોયછે છતાં પણ એ પ્રબળાનું પ્રબળ વસમા રહેતું નથી.

લક્ષણા.

• ૧ સ્ત્રી જાતી કપાળે જે ચાંદલો કરેછે તે સુર્યનું ગોળ સ્વરૂપછે અને તે ચાંદલો, લાલ હોયછે તેવી લાલ શક્તિ સુર્યની આકૃતી વાળી હોય છે તેનું સ્થાન પણ ભૃગુટી વચ્ચે રજોગુણ સર્વ સ્ત્રી પુ-રૂપને હોય છે શાસ્ત્રમાં તેને અજ્ઞી ચક્ર કહે છે અને તેની હદ પણ ભૃગુટીની ઉપર જતી નથી આ ક્રીઆ સમાધિ તથા સુસુપ્તી અવસ્થામાં નીશ્ચે થાય છે એવા. વિપેશણવાલી સ્ત્રી ઠેઠની સંગાતણ નથી એમ સમજી એમાં ફસાવું નહીં.

૨ નાક વીંધેલું હોયછે અને તેમાં નથ અગર કાંટો પેરેછે તે એમ સમજવાનું કે તેઓની બહું પ્રબળતાના લીધે તેમનું નાક વીંધી તેમાં નાથ પેહેરાવી છે માટે સર્વ પુરૂષેં સ્નેહરૂપી નાથે વી-ધાઈ તેના બળધીયા થઈ કમાઈને સ્ત્રી રૂપી ખેડુતના સ્નેહરૂપી નાથથી તે જેમ નચાવે તેમ નચાવું નહીં ખરૂ જોતાં પણ એમ જણાયછે કે બિન્દુનું બિદુત્વ જે પુત્રને સારૂ તે સ્નેહ રાખેછે.

૩ છાતીએ કંચવાનો બંધ એમણે કર્યો છે ત્યાં એમ સમજવાનું કે લક્ષ્મીએ શ્રી વિષ્ણુને હૃદય સ્થાનની પાસે જેમ કબજે કરી રાખ્યા છે તેમ આપણે તેના સ્તન સ્થાનમાં સુજ્ઞ પુરૂષે ફસાવવું નહી કારણકે ત્યાં કામ દેવને ઉસ્કેરણીનું સ્થાન છે માંટે સાવચેતી રાખવી.

૪ કમરનો જે બંધ છે તે એમ સમજવાનુંકે

પારવતીએ ભીલડી સ્વરૂપે સંકરને સમશ્યા કરી કહી બતાવ્યું છે કે કમરની નીચેનો ભાગ ગર્ભવાસછે (ગર્ભ વાસ અને નર્કવાસમાં ફેર નથી.)માટે કુટી ઉપર જે વિષ્ણુંથી ઉત્તર તરફ તે ઠેઠ માંથા સુધી દેવ લોકનું તથા આત્માનું સ્થાનછે વાસ્તે તે તરફ વળવા વધારે ધ્યાન રાખવું પણ કમર નીચે ગર્ભ સ્થાનમાં પડવા અધિકારી એ પેરવી કરવી નહીં

૫ હાથના ચુડાની મતલબ એવીછે કે આખરે સ્ત્રીઓ એમ કહીબતાવેછેઆ પૃથ્વીગોળઆકારની છે તે કારણમાંથી તમારૂ દેહરૂપી કાર્ય ઊત્પન્ન થયું છે તે પૃથ્વીનો આકાર ગોળ છે તેવો ગોળ આકારનો ચુડો તમારો મે પેહેર્યો છે પણ જયારે તમે તમારો સ્થુળ દેહ ત્યાગ કરશો એટલે (મુવા પછે) આ (બલ્લીઆં) જે તમારા તરફથી મલેલ ઈલકાબ તમોનેતમારી પાછળ તરતજ આપી દઈશુ(ફોડીસુ) હું તમારી નથી એમ ખાસ સમસ્યા કરે છે.

૬ પગની કડલાંની સમસ્યા એવીછેકે એમાંસ્ત્રી જાતીનું કડલાં વિષેસણછે કારણ નરમાંથી નારી જાતી થવાય છે. પણ નારી જાતીમાંથી નરજાતી થવાતું નથી એવો ઇશ્વરનો ખાસ કાયદોછે(ગુરૂ મળે કહી સકાય નહી) માટે એ ઈશ્વરના ઘરની બેડી ધાલવા પ્રયત્ન કરશો નહી (અજ્ઞાન સમજી બંધનો બાધ કરવો.) માટે સુજ્ઞ પુરૂષે અજ્ઞાનરૂપી બેડી મનમાં પહેરવી નહિ. એમ સર્વ મુમુક્ષને વિનતિ છે.—

૭ છેવટે એમ સમજવાનું કે તેઓ લાલ તથા કાળા સાડલાથી પોતાના શરીરને આછાદન કરેછે અને છેવટમાં છેવટલાજ કાઢી બતાવેછે કે અમો ખાસ આવરણ કરનારરી નારીઓજ છીએ.

અર્ધ કવિત.

પનઘટ આવે પનઘટ જાવે પનઘટ પાઉ ધુવાવે,
લંબી કાઢે લાજ મુખસે ગીત ગાવે,
અંગમરડે નેને બતાવે ફીર છીનાર કયા ઢોલ બજાવે?

માટે કર્મ પ્રમાણે સ્ત્રી હોયંતો ઉપરના સ્ત્રીઓના ભાવથી તેમાં દ્રઢ આંગ્રહ કરીં વરતવું નહિ આ જગત દુસ્તર સંસાની અંદર પ્રબળના સ્નેહના ફંદામાં ફસાઈ વરતવું નહિ "જેમકે પાપની વાત કોઇને કહેતા નથી અને બીજા સાથે અંતર રાખીયે છીએ." તેવીજ રીતે જીજ્ઞાસુઓએ ઘરની સ્ત્રી સાથે વરતવા વિચાર રાખવો.

સદરહુ કેહેવું મારા તરફથી તો નહી માંનવામા આવે પરંતુ જ્યારે ઇશ્વરના ઘરની સાચી નોટીશ જેકે કાળા વાળ જઈ ધોળા વાળ આવે છે. તે દરમીઆંન સુંધી જે પુરૂપ મતાગ્રહ રાખી દ્રઢ પ્રીતીથી તેમાં ફસાઈ ઈશ્વર સનમુખ નથી આવતો. તેને સંસારમાં સ્ત્રી તથા કુટંબના વિખુટાપણાનું (મોતનું) પકડ વારંટ છુટી જમ રૂપી સીપાઇ સજજડ કેદ કરે છે તેથી વિના ઉજરે તાબે થવાં કોઈ પણ તેરેહની શીપારસ લાગતી નથી.

૩ પરબળા—આનો ઇતિહાસ એવો છેકે મહા-

ભારથમાં ધ્રુપતીના પગ ધર્મરાજા (યુધિષ્ટીરે) ચાંપ્યા હુતા. તે ભીમસેને જોઈ મનમાં સંસય ઉત્પન્ન થયોકે સ્ત્રીના પગ પુરૂષ કેમ ચાંપેછે? એ વાત કુંતામાતે કહેવાથી કુંતામાયે કૃશ્રીષ્ણુને આ શંસયનો ફોડ જણાવવાની ભલામણુ કરી તે ઉપ-રથી ભીમસેનને ધ્રુપતીનું પરબળપણું બતાવ્યું છે. "તેમાં બ્રહ્મા, વિષ્નું, મહેશ તથા તેત્રીસક્રોડ દેવ-તાઓની કચેરી ભરી ઉંચે સિંધાસને બેસી તમામની હાજરી ધ્રુપતિએ લઈ પોતાની પ્રબ-ળતા બતાવી ભીમસેનનો અહંકાર ઉતાર્યો છે." માટે તે વિષય માહાભારથમાં વાંચી વાકેફ થશો આ પ્રમાણે ત્રણ મુખ્ય માયાનો ઈતીહાસ કહી બતાવ્યો. બીજામાયના સ્વરૂપ અનેકછે પણ આ જગ્યાએ તેનું વિવેચન કરવા જરૂર નથી.

મુળ પુરૂષની સ્થીતી તેમાં વેહેવારીક વાસના રૂપ મળ મેળવનારી નિશાળની વાખ્યા.

શ્રીમદ્ભાગવતમાં એકદસ સ્કંધનઃ ત્રીજા અધ્યા-યમાં પ્રબુદ્ધ નામના યોગેશ્વરે જનકરાજાને કહ્યું છેકે.

શ્લોક.

तस्माद्गुरुंप्रपद्येताजिज्ञासुःश्रेयउत्तमं ॥
शाब्देपरेचनिष्णातंब्रह्मण्युपशमाश्रयम्. ॥१॥

જેમાં આ લોક તથા પરલોકના વિષય ભોગ

(સ્ત્રી પુત્ર) સર્વે કર્મ જન્ય હોવાથી નાશવાંનછે. ને દુઃખ દેનારાછે. વાસ્તે તે સમજ માટે નીચેની વહેવારીક વાસ્ના રૂપી મળ મેળવનાર નિશા-ળની વાખ્યા.

જે પુરૂષ આ જગતમાં અવતરેછે. ત્યારે તે ૧ સત્વગુણી પ્રધાનને લેઇ જન્મે છે. વહેવારમાં મા બાપ સગાં સબંધીની માયા લાગ્યાથી તે ૨ રજોગુંણી થાયછે. અને વહેવારમાં કર્મ પ્રમાણે સ્ત્રી પરણે એટલે ૩ તમોગુણી થાયછે. સત્વગુણને લેઇને તે પુરૂષની કીંમત એક રૂપીઓછે રજોગુણી થાય ત્યારે તેની કીંમત એક પૈસો થાય છે. અને પરણ્યો એટલે તેની કીમત (પૈઇનો) થાયછે એમ ક્રમ પ્રમાણે તેની સ્થીતીમાં ફેરફાર થાયછે.

જ્યારે પુરૂષ હતો ત્યારે બે પગ હતા, સ્ત્રી લાવ્યો એટલે ચાર પગ થયા ચાર પગ પશુના હોય છે. માટે તે કોટીમાં પશુ ગણાણો, અને કર્મ સંજોગે સ્ત્રીને પુત્ર થાયતો છ પગ થાયછે. છ પગ ભમ-રને હોયછે. તેમ સ્ત્રી પુત્ર તથા પોતાનું ભરણ--પોસણ કરવા ભ્રંમણ કરેછે. માટે તે કોટીમાં ભમરો ગણાણો, અને તે પુત્રને પોતાના જેવો કરવા સ્ત્રી પરણાવેતો આઠ પગ થાય. આઠ પગ કરોળીઆને હોયછે. ત્રણાથી જંજાળ ઘણી વધી આ જાળ પોતાના હાથથી વધારીછે. માટે સદરહુ જાળમાંથી છુટવા બહુ મુશીબત પડેછે. છેવટે નહી છુટવાથી જેમ કરોળીઓ પોતાની જાળમાં મરણ પામેછે.

તેમ સદરહુ પુરૂષ પોતાના હાથથી કરેલ કુટંબની માયારૂપી જાળમાં હાથ ધરાતો મરણને પ્રાપ્ત થાયછે. માટે સારા વિચાર વાલાને મારી વિનર્તિ છેકે "સત્ય વસ્તુ" વિના દ્રઢ આગ્રહથી પ્રીતી જોડવી નહીં એ સુજ્ઞ પુરૂષનું ચિન્યછે. ઉપરનું કહેવું મારા કહેવાથી માન્ય નહિ થાય પરંતુ વધારે ખાત્રી માટે શાસ્ત્રની રીતીની વાંનગી તરીકે થોડીક દરસાવુંછું જે પુરૂષની સગાઇ થાય અને તે સગાઈ થયાં પછી પરણવા જાયછે, ત્યારે સાસુજી તોરણે ("બારણાં આગળ ઉભોરાખી) સમજાવે છેકે, "સગા સબંધી તથા બ્રાહ્મણ સહ (ગોર) તેઓની સમક્ષ ૧ ત્રાક, ૨ ધોંસરી ૩ વલોણું વીગરે લાવી સમસ્યા કરેછે જે" તમો પૈણવા (પઈના)' થવા આવ્યા છો પણ આ મારી જે પુત્રી (નારી જાતી) લઇ જવામાં ફાયદો નથી. સબબ ત્રાંક બતાલી સમસ્યા કરેછે કે, તમો દરેક કાંમ આ મારી પુત્રીના વીરૂધ કોઇ પણ કામ કરસો તો આ ત્રાકની અણી જેવા ખોટા શબ્દ-થી વીંધશે અને દુખ દેસે તોપણ વહેવારના કર્મ બંધનથી મનને મનાતું નથી. બીજી વાર ધોંસરી હાથમાં લઇ સમસ્યા કરે છેકે. આ ધુંસરી બળ-ધીયા ધરેછે, અને તે બળધીઆ ખેડુતને કમાઈ આપેછે. તેમ તમારે મારી પુત્રીની સરભરા રાખવા વહેવારની ધોસરી ખભે ધરી જગત ભાર વહેવો પડસે એટલુંજ નહિ પણ સ્નેહરૂપી નાથે તમોને નાથી પોતે ખેડુત બની તમે બળધીયા રૂપ થઈ

કમાઈ આપવું પડશે. તોપણ માંનતો નથી છેવટે વલોણું બતાવી સમસ્યા કરેછેકે. વસ્તાર થશે તેનું ભરણ પોસણ તમારાથી નહી થાયતો; જેમ દહીંમાં વલોણું નાંખી વલોવેછે. તેમ તમોને વલોવસે તોય પણ પુરૂષના માંનવામાં આવતું નથી. છેવટે થાકીને સાસુજી નાક તાંણી કહે છે કે, હે! નકટા હેંડ (ચાલ) એમ કહી માંડવા તળે લઇ જઇ પોતાની પુત્રીના વખાણ કરી, વેદ શાસ્ત્ર યુક્ત પંચવીધમાંન હસ્થ મેળાપ કરાવેછે.

એટલુંજ નહી પણ વધારે ખાત્રી થવા પરણનાર પુરૂષની પાચળ પોતાનીજ સગી વાહાલીઓ સ્ત્રી ગાઈ બતાવેછેકે "તારી કેશરવર્ણી જુવે વાટરે, નગારાં વાગે ઝીણા ઝીણાં" તેનો મતલબ એવો છેકે, કેશર વરણી જે "ચેહ" (અગ્ની) આખરે વાટ જુવેછે. આ જે પ્રકૃતી રૂપી સ્ત્રી લેવા આવ્યા છો તે ત્રણ દીવસનું ચાંદનું છે. તેમજ પોતાના મા તથા બાપ પણ કેશરીઓ ઝામો પેરાવી તેવીજ સમસ્યા બતાવેછે. માટે ૧ પહેલો દીવસ જન્મનો બીજો દીવસ પ્રરણીને ઠેઠ મરણ પરીયંતનો અને ત્રીજો સમસાનનો એવો હેતુ છે અને, તેજ ત્રણ દીવસ ગણી ત્રીજે દીવસે ચેહ ટાઢી કરવા! હાલ રીવાજ પણછે. માટે જગત મીથ્યા છે.

આ બાબતમાં કર્મ પ્રમાણે જો ઉપર મુજબ સબંધ થાયતો સુજ્ઞ પુરૂષને આ સંસારમાં વહેવારથી સુ ખરૂ છે તે તરી આવે છે અનુભવથી સત્ય સુછે. તેનો નિશ્ચય કરતાં જગત જુઠો ઠરે

છે. માટે સર્વે સજ્જનોએ કર્મને માંન આપી પોતાનું સ્વધર્મનું નીસાંન ચુકવું નહી એ પુરૂષનું કતવ્ય છે. આ વિષય સાંખ્ય શાસ્ત્રના મત પ્રમાણે પુરૂષ પ્રકૃતીથીજ જગત ઉત્પન્ન થાયછે એમ નિશ્ચય છે.

प्रारब्ध संचीत अने क्रीयामणा कर्मनुं विवेचन.

પૃથ્વીની ઉપાધી લઈ દેખાતા બ્રહ્માંડની અંદર જે અનિર્વચની માયા તેમાં કર્મથી ઉત્પતી સ્થીતી અને પ્રલય એવા અનાદી કાળનો પ્રવાહ ચાલ્યો જાયછે. અને મહા પ્રલય સમે સહરહુ સંસકાર માયામાં રહેછે (જેમ ઉનાળાની રૂતુમાં સર્વ બીજ પૃથ્વીમાં રહેછે. અને ચોમાસામાં વરસાદથી ઉગી ઉત્પન્ન થાયછે તેમ) તેવા કર્મના ત્રણ વીભાગ કર્યાછે. જેવાકે પ્રારબ્ધ સંચીત અને કીઆમાણ તે ઉપર શ્રુતીના અર્થ રૂપ પ્રમાણીક પુરૂષનું વાકય છે કે.

श्लोक.

प्रारब्धंभोगतोनश्येत्. शेषंज्ञानेनदह्यते: ॥
शारीरंत्त्वितरत् कर्पतद्रूपिप्रियवादिनोः ॥ १ ॥

અર્થ—પ્રારબ્ધ કર્મ ભોગવેથીજ નિવ્રત થાયછે અને બાકી જે સંચીત કર્મછે તે જ્ઞાનથી નાસ થાય

છે. અને જ્ઞાનીના બીજા જે શરીર સબંધી શુભા શુભ ક્રીયામાણ કર્મ થાયછે. તેમાં અશુભ કર્મ- જ્ઞાની સાથે દ્વેષ કરવા વાળા અને સુભ કર્મ તેની સેવા કરવા વાળાઓને જાયછે. અને પ્રારબ્ધ કર્મનું ફળ સુખ દુઃખાદીક ભોગ દેહ ભોગવે છે. માટે કર્મરૂપી કોટવાલથી ઉત્પન્ન થયેલ જે આ સ્થુળ દેહ તેનો પ્રકાશક હું અભોગકતા પરબ્રહ્મ છું અને અનિર્વચની માયાનું કાર્ય જે અવિદ્યા તેનાં સાધ- નથી જ્ઞાની પુરૂષને જણાઇ આવે છે. વાસ્તે વેદ- શાસ્ત્ર તથા પુરાણના સર્વ વાકયો અંતઃકરણ સુદ્ધ ક- રવાના હેતુછે. અને આત્મા સત્યછે, એવો સર્વ વાકયોનું સિદ્ધાંત છે વાસ્તે સાર ભુત વાકય- વિલાષ વાંચશો.—

अथ श्री वाक्य विलास.

સ્રષ્ટીનો નિઇમ.

પહેલી સૃષ્ટી બ્રહ્માદી. બીજીસૃષ્ટી મનવાદી. ત્રીજી સૃષ્ટી દક્ષપ્રજાપતિની. ચોથી સૃષ્ટી કૃદમાદી. જે હાલ ચાલે છે તે, સદરહુ સૃષ્ટીના ઉત્પતી લયનો વેદ શાસ્ત્ર યુકત વરસોનો નિયમ નીચે મુજબ—

૧ સતયુગ યા,કૃતયુગ૧૭૨૮૦૦૦ વરસ, ૨ દ્વાપર, ૧૨૯૬૦૦૦ વરસ, ૩ ત્રેતા ૮૬૪૦૦૦ વરસ, ૪ કલયુગ ૪૩૨૦૦૦ વરસ—સદરહુ વર્ષની સંખ્યા જયારે ચાર હજાર વાર જાય ત્યારે એક બ્રહ્માનો દીવસ થાય

તે દરમ્યાંનમાં ચૌદ ઈંદ્ર થાય. એવા એક બ્રહ્માનો દીવસ જાય ત્યારે વિષ્ણુંની એક ઘડી થાય; એવી વિષ્ણુંની એક ઘડી જાય, ત્યારે શંકરની એક પળ થાય; આ પ્રમાણે અનાદી કાળનું ઘટમાળ માફક અપાર સંસાર ચાલે છે. તેમાં હું અજ્ઞાની અનાદીકાળનો આ માયારૂપી કિલ્લામાં શાસ્ત્ર મુજબ વિધાંન કર્યા પ્રમાણે નીચેની સંખ્યાથી જન્મ મરણ અને સ્થીતીથી દુઃખીત થતો આવું છું તે મુક્ત થવા ૪ વેદ ૬ શાસ્ત્ર ૧૮ પુરાંણ મુક્ત એ વિષેશણ વાળા ગુરૂપાસેથી સમજી લેવું સબબ સાસ્ત્ર પ્રમાણ મુજબ કર્મ ઉપાસનાથી સ્વર્ગ સુધી સુખ ભોગવી સુભ કર્મનો અંત આવ્યા બાદ અંધપાત થઈ ચંદ્રકુંડ વાટેથી નીચે બતાવેલી યોનીયો વીગેરેમાં જન્મ મરણને વસ થવાય છે.

રધુવેદ પ્રતીમાં સુર્ય તેના નીચેના દેસમાં દસ દસ હુજાર જોજનના અંતરાયમાં રાહુ, ગંધ્રર્વ, વિદ્યાધ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિસાચ, સર્વ પોતપોતાના કુટંબસહુ રહે છે બાદ કર્મ વિતીત થયે પૃથ્વીપર નીચેના વાકય મુજબ પૃથ્વી પર દુઃખ પામે છે.

(પુનરપી જનનમ પુનરપી મરણું પુનરપી જનુની જઠરે સયનમ) અપુર્વ.

ચોરાશી લક્ષયોનીઓની સંખ્યા.

૧— ૯૦૦૦૦૦ જળચર પ્રાંણી જે પાણીમાં રહેનાર જનાવર.

२—२७००००० थळचर स्थावर मिलक्त झाड पहाड वीगेरे.

३—११८०००० भूचर पेट चालनार जनावर वीगेरे.

४—३३००००० गर्भ बंधायते पशु जाती ढोर वीगेरे.

५— ४००००० मनुष्य जाती जेने पांच ईद्रीनुं ज्ञानछे ते.

कुल्ल ८४००००० चोराशी लाख.

उपरनी मतलबनो दाखलो लेवानो एटलोज छेके सर्व योनीरूपी किल्लामां फरी फरी आ मनुष्य देह (मोक्ष द्वार) रूपी दरवाजो मळयोछे तो तेमां हुं कोण ? कयांथी आंव्यो ? कयां जइश ? वीगेरेनी केळवणी लई पोतानुं स्वार्थ करवुं मनुष्य देहना साधन विना आ सारांस समजातो नथी जेम एकली कोहाडी (कुवाडी) थी वंननो नास थाय नहीं पण माहे लाकडानो ह्याथो नांखी (तेनी साहेताथी) वंननो नास जलदीथी थायछे तेमज आ देहरूपी हाथो अने सुक्षम विचार रूपी कोहाडी (कुवाडी)थी आ संसाररूपी वनमां अविधानो नास थाय छे आ वात नीरसंसयचुक्त छे. एवो अनुभवी पुरूषनो निश्चय छे.

व्यष्टि स्थुळदेहनी मासवार वेदयुक्त उतपती.

एक जणनुं स्थुळ माता पीताना सुक्रस्रोणीत (वीर्य तथा रुतुं) नामीश्रीतथी आ देहनी उत्पत्ति थइ छे ते नीचे मुजब—

१ पेहले मासे अडधुं मस्तक बंधायछे (अरधी खोपरी).

૨ બીજે માસે નાક મોઢું કાંન અને આંખ થાય છે.

૩ ત્રીજે માસે ગળું ભુજા અને પગ થાય છે.

૪ ચોથા માસે વાંસો ગુદા અને લીંગ થાય છે.

૫ પાંચમે માસે સાથળ પિંડી અને પગના નીચેનો ભાગ થાય છે.

૬ છઠે માસે દાંતના પેઢાં, રોંમ, નખ અને ત્વચા થાય છે.

૭ સાતમે માસે હાડકાં ચામડું થાય છે.

૮ આઠમે માસે રૂધીર અને માંઉસ થાય છે.

૯ નવમે માસે સર્વ અંગ સંપુર્ણ.

૧૦ દસમે માસે ક્ષુધા ત્રસા ઉત્પન્ન થાય છે.

આ દેહ કર્મઉપાસનાથી ઉત્પન્ન થાય છે. સ્વરૂપનું જ્ઞાન થયે કર્મ વિલીન થાય છે. એવો વેદનો સિદ્ધાન્ત છે માટે સ્થુળ તથા સુક્ષમ દેહ મીથ્યા છે.

વેદસાસ્ત્રનો મુળ હેતુ.

૧ શ્યામવેદમાં ગાયન બતાવે છે.

૨ રધવેદમાં કર્મમાર્ગ બતાવે છે.

૩ યજુરવેદમાં કર્મમાર્ગ તથા રોગ ચિકીશ્યા અને દવા વીગેરે બતાવે છે.

૪ અથરવેદમાં એક બ્રહ્મ, આ વેદમાં તારણ જોતાં સંસાર જુઠુ કરી અને એક બ્રહ્મ જે સત્ય તે તરી આવે છે.

હવે ચાર વેદ છ સાસ્ત્ર અઢાર પુરાણ સર્વેનો તત્વમાંતત્વ વિચારી જોઇએ છીએ તો તે વાક્યો

કેવળ અંતઃકરણ સુદ્ધીના હેતુ છે તે હેતુથી અંતઃકરણ સુદ્ધ થઈ આત્મા સ્વરૂપની પ્રતીમાં અંતઃકરણ વીશે જલદીથી પડે છે. જેમકે "પોટુઆફી નિશ્ચળકાચ ઉપર" પુરૂષની પ્રતીમા તુરત પડે છે તેમ આ નિશ્ચળ અંતઃકરણમાં સ્વરૂપનો ભાસ (પ્રતીમાં) તરત પડે છે. આ સારૈંસ છે. પણ આચાર્ય સિવાય સર્વ પુરૂષો કહી બતાવે છે. પરંતુ આચાર્ય મુજબ લક્ષાર્થ કરી બતાવતા નથી. સર્વ વિધાનું શીખર તત્વજ્ઞાન છે. સાસ્ત્ર અને કળાઓ "સાધન" છે. સ્વરૂપનું જ્ઞાન તે "સાધ્ય" છે સાધ્ય અને સાધન કરવાની વસ્તુઓ ગણતરીનીજ હોયછે તેની સમજ એકથી તે નવ સુધી નીચે દરસાવુંછું.

૧ બ્રહ્મ સત્ય, ત્રણે કાળમાં બીજું સત્ય નથી.
૨ વેદની સાખાઓ, ઉત્તર ત્રીમાસા અને પુર્વત્રીમાસ. ૧ બ્રહ્મ વિધા, કર્મ વિધા
૩ ત્રણ, ગુણ ૧ રજોગુણ ૨ તમોગુણ ૩ સત્વગુણ.
૪ ચાર વેદ, ૧ સામવેદ, ૨ રગ્વેદ, ૩ યજુરવેદ, ૪ અથરવેદ.
૫ પાંચ ભુત, ૧ આકાશ, ૨ વાયું, ૩ તેજ, ૪ જળ, ૫ પૃથ્વી.
૬ શરીરના નાળ, ૧ કાન, ૨ નાક, ૩ ચક્ષુ, ૪ મોઢું ૫ લીંગ, ૬ ગુદા. સમાધીમાં આ નાળ રોકી આત્મા તથા પરઆંત્માનો અનુભવ થાયછે.

૭ જ્ઞાનની અવસ્થા, ૧ અજ્ઞાન, ૨ આવરણ, ૩ ભ્રાંન્તી, ૪ પરોક્ષ જ્ઞાન, ૫ અપરોક્ષ જ્ઞાન, ૬ સોક નાશ, અને ૭ અતિહર્ષ.

૮ જ્ઞાનના સાધન, ૧ વિવેક, ૨ વૈરાગ, ૩ ષટ સંપતી, ૪ મુમુક્ષતા, ૫ શ્રવણ, ૬ મનન, ૭ નિદ્દધ્યાસ, અને ૮ તતપદ (ઈશ્વર), ત્વંપર (જીવ) નો લક્ષાર્થ અનુભવ.

૯ સ્થુળદેહની સમજ. ૧ સ્થુળ, ૨ સુક્ષમ, ૩ કારણ. તેની અવસ્થા. ૧ જાગ્રત, ૨ સ્વપ્ન, ૩ સુસુપ્તી. તેના અભિમાંની, ૧ વીસ્વ, ૨ તેજસ, ૩ પ્રાજ્ઞ. કુલ. ૯ તે.

૦ ખમ કાંઈ નહિં મુળ મતલબ તારણ કાઢતાં આ ઉપર બતાવેલ ગણતરીની પ્રક્રીયા લક્ષાર્થ રીતે જોતાં સિદ્ધ થાયછે કે, યથાર્થ કેળવણીથી સંસારનો વહેલો પાર આવે છે.

આ ઉપરની મતલબ ઉતમ અધીકારીને સમજવાની છે. એકીકરણ તપાસી જોતાં. સાધ્યનું સાધ્ય તત્વજ્ઞાનછે. અને યથાર્થ જ્ઞાન થાયતો આ જગતમાં જીવતાં મોક્ષ છે, યથાર્થ જ્ઞાન એટલે "દુઃખની અત્યંત નીવૃતી અને કેવળ સુખની એટલે પરમાનંદની પ્રાપ્તીછે" કારણ કંઠ ઉપનીષદમાં ઉષ્ણારૂપી નચકેતુને કહે છે કે.—

શ્લોક.

मृत्योसमृत्युमांमोति.यइहनानेवपस्याति:

અર્થએવોછેકે,—જે પુરૂષ પરમાત્મા વિષે નાના ભેદ પેઠ જુવેછે તે મૃત્યુથી મૃત્યુ પામેછે. બીજો.

શ્લોક.

अन्योसावन्योहमस्मिातिनसवेदयथापशुरेवसदेवानाम:

અર્થ એવોછેકે—જ્ઞે[1] અને ધ્યે[2] મારાથી કોઇ જુદો છે. એમ જે પુરૂષ પોતાની મતીમાં જાણે છે. એ દેવના પશુ પેઠે કાંઇ જાણતો નથી એ વેદનો ઢંઢેરો છે.

ધ્યાન કરવા યોગ્ય ધ્યેય મુર્તિવિષે વેદ-શાસ્ત્રનો અપો અભીપ્રાય.

બ્રહ્મ જગતનું કારણ છે. સત્ય કાંમ છે. સત્ય સંકલ્પ છે. સર્વજ્ઞછે, સ્વતંત્ર છે, સર્વનું પ્રેરક છે, કૃપાળુ છે. એવા ઇશ્વરના ધર્મનું ચિતવન કરે; (મુર્તિ પુજન શાસ્ત્રનું તાતપુર્યં નથી) અને અનેક મુર્તિ જે શાસ્ત્રમાં લખીછે. એ ઉપાસનાને નિમિત નથી કિન્તુ બધી મુર્તિઓ કારણ બ્રહ્મનું ઉપલક્ષણ છે. જે વસ્તુ જેના એક દેશમાં હોય. અને કદાચિત હોય, અને વ્યાવર્તક (એક વસ્તુને બીજી વસ્તુથી ભેદ જાણાવે તે) હોય. તેને ઉપલક્ષણ કહીએ છીએ "જેમ કાગડાવાળુ દેવદત્તનું ઘરછે. તે વાકયમાં દેવદત્તના ઘરનું કાગડો ઉપલક્ષણછે" કેમકે ગ્રહના એક દેશમાં કાગડો હોય છે. અને કદાચિત હોયછે, સર્વદા નથી હોતો અને બીજાના

---

૧ જ્ઞે એટલે જાણવા યોગ્ય. ૨ ધ્યે એટલે ધ્યાન કરવા યોગ્ય.

ઘરથી દેવદત્તના ઘરનો વ્યવર્તક કરી બતાવે છે. તેમજ જગતનું કારણ બ્રહ્મ છે, તેના એક દેશમાં ધ્યે મુર્તિ હોયછે અને કદાચિત હોયછે, અને ચતુંર ભુજાદિ મુર્તિ કારણ બ્રહ્મ "વિષેષ્ય" હોય છે. અન્યમાં નથી હોતી. તેથી વ્યાવર્વક હોવાથી ઉપલક્ષણ છે.

ઉપલક્ષણનું એવું પ્રયોજન હોયછે કે, ધ્યેમુર્તિથી જે "વિષેષ્ય" વસ્તુના સ્વરૂપનું જ્ઞાન થાયછે. "જેમ કાગડાથી દેવદત્તના ઘરનું જ્ઞાન થાય છે. તેમ" બીજું પ્રયોજન કાંગડાથી નથી તેમજ ચતુર ભુજાદી મુર્તિ આકારોથી નીરાકાર કારણ બ્રહ્મનું જ્ઞાન ઉપાસના નિમિત ધ્યેમુર્તિ પ્રતીપાદનનું પ્રયોજન છે. બીજું નથી.

સિવ ભકિત તથા વિષ્ણું ભકિતવાળા પુરૂષો એક બીજાની નીંદા કરી કલેશ કરે છે. તે સમજયા વિનાથી કરે છે. કારણ પુરાણોનો એવો અભીપ્રાય છે કે, કારણ બ્રહ્મ ઉપાસ્યછે અને કાર્ય બ્રહ્મ ત્યાજ છે. "માયા, વિસિષ્ટચૈતન ને કારણ બ્રહ્મ કહીએછીએ. અને માયા કૃતકાર્ય વિસિષ્ટચૈતનને કાર્ય બ્રહ્મ કહીએ છીએ" એજ અર્થ ભારતની ટીકામાં આરંભમાં લખ્યો છે. અને બધા વેદાંતનો એજ સીદ્ધાંત છે. માટે મુર્તિપુજન પ્રતીને સુધારવાનું સાધન છે. જેમ રાજાને મળવું હોયતો પ્રધાનની પેહેલી સેવા કરવા જરૂર છે તેમ સગુણભકિતનું પેહેલું પગથીયું છે.

આ પુરૂષ કર્તવ્ય યાને મોક્ષમાર્ગ રૂપે રચેલા પુસ્તમાં વેદવિરૂદ્ધ જ્ઞાનફળનું બોધ નથી, તેનો ખુલાસો નીચે મુજબ.

કોઈ પુરૂસ એમ કહેસે કે જ્ઞાનવાનની પાસે વેદ ભણો અને તેથી (બ્રહ્મફળ) લીધો, એમ કહેવાથી એવી સંકા થાય છે કે જે વેદની શ્રુતી છે. તેજ દ્વારા જીવ બ્રહ્મનું સ્વરૂપ વિચારવાથી જ્ઞાન થાય છે, બીજા ભાસા ગ્રંથથી થતું નથી. વાસ્તે આ પુરૂષ કુતવ્ય યાને મોક્ષમાર્ગ. પુસ્તક નીસફળ થવાનું એ વાત સત્ય છે. પણ જે બ્રહ્મને જાણનાર છે તે બ્રહ્મરૂપ છે, એ વાત શ્રુતી (વેદ) વિષે પ્રસિદ્ધ છે વાસ્તે તે વાણી વેદરૂપ છે. તે પછી ભાસારૂપ હોય કે સંસ્કૃત હોય તે વાણી સર્વદા ભેદરૂપી ભ્રમનો છેદ કરેછે. વળી કહ્યું છે કે વેદવચન શીવાય જ્ઞાન થાય નહીં. તેનો પણ નિયમ નથી. જેમ આર્યુવેદમાં (વૈદકસાસ્ત્રનો મુખ્ય ગ્રંથ) કહ્યાં જે રોગ તેમનું વીદાંન અને ઔષધ તે બધાનું બીજા સંસકૃત ગ્રંથથી અને ભાસા તથા ફારસી ગ્રંથથી જ્ઞાન થઈ જાય છે તેમ સર્વનો આત્મા જે બ્રહ્મ તેનું જ્ઞાન પણ ભાસાદિક ગ્રંથથી થાયછે એટલા વાસ્તે સર્વજ્ઞ જે રૂપી અને મુની થયાછે તેમણેં સ્મૃતી અને પુરાણ તથા ઇતીહાસો ગ્રંથમાં બ્રહ્મવિધાનક પ્રકરણ કહ્યા છે. જો વેદ વિના જ્ઞાન ન થતું હોયતો તે સંપુર્ણ પ્રકરણ "નિષફળ" થઈ

જાય. માટે આત્માના પ્રતિપાદક જે વાકય તેથી જ્ઞાન થાયછે. પછે તે વાકયો વેદના હોય કે બીજાના હોય એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ભાસાગ્રંથથી જ્ઞાન થાય છે. માટે આ પુસ્તક નિષ્ફળ નથી. વાસ્તે અસંભાવના વિપરીત ભાવનાનો નાસ કરવા આગળ જે મન બુદ્ધીનો સત્સંગ છે તે વાંચવા ભલામણ છે.

—❧○☙—

अथश्रीबुद्धिविलाष.

પાછળનો તમામ વિષય વાંચી વેદસાસ્ત્ર તથા કર્મ વીગેરે એકત્ર કરી જોતાં અંતઃકરણ સુદ્ધ થએ અંદરના લીંગદેહમાં જે મન બુદ્ધિ તેઓને એવો વીચાર થયો કે આત્માથીજ સ્થુળદેહ તથા તમામ પદાર્થો જે જોઇએછીએ તે આત્માથીજછે આપણે પોતે નહીં એ વિષે સંકાચાર્યે પણ વાકયવૃતી નામના ગ્રંથમાં દેહથી આત્મા ભિન્ન છે. એમ દર્શાવે છે.

શ્લોક.

घटद्रष्टाघटाद्भिन्नःसर्वथानघटोयथा. ॥

देहद्रष्टातथादेहोनाहमित्यवधारयेत. ॥ १ ॥

અર્થ—જેમ ઘટનો જોવાવાળો ઘટથી જુદો છે. તેમજ આ દેહને જોવાવાળો દેહથી આત્મા જુદો છે. જે આત્મા કદાપી દેહરૂપ નથી—તથા જાગ્રત સ્વપ્ન સુષુપ્તી આ ત્રણ અવસ્થા બુદ્ધિની

છે. તેમજ ભાગવતમાં એકાદશસ્કંધના ૧૩માં અધ્યાયમાં પ્રલ્હાદે કહ્યું છે કે—

શ્લોક.

बुद्धेर्जागरणंस्वप्नःसुषुप्तिरितिवृत्तयः ॥
तायेनैवानुभूयंतेसोध्यक्षःपुरुषःपरः ॥ १ ॥

અર્થ—ઉપરની અવસ્થા બુદ્ધીની છે. તે ત્રણ અવસ્થાઓ જેણે કરીને જણાય છે. તે ત્રણ અવસ્થાનો સાક્ષી અવસ્થાથી ભિન્ન સચ્ચિદાનંદરૂપ ઉત્તમપુરૂષ છે. માટે તે સમક્ષ જીવ મન બુદ્ધિની કૌશીલમાં છેવટે પુરૂષનું નિશ્ચયપણું વાંચી સુજ્ઞ પુરૂષ વીચારશે.

જીવ આત્મા તથા ઇદ્રીઓ વીગેરેની કૌસીલ તેમાં મન બુદ્ધિનો સત્સંગ.

પાછળનું સર્વ વૃતાંત વાંચી મન અંતર આત્મા સાક્ષી તરફ વળી જે નિશ્ચય બુદ્ધિ તેની સાથે સત્સંગ કરવા વિચાર કર્યો તે નીચે મુજબ.

મનનીસંકા—આ અપાર સંસાર શી રીતે તરૂં ?

બુદ્ધિનો જવાબ—આ અવિદ્યાની જે તમરૂપ વૃતી તેને તજી અંતઃકરણની વૃતીથી તારો જે કારણ આત્મા તેનો અનુભવ કર, કે જેથી સંસાર દુસ્તર સમુદ્રનો બાદ થસે.

મનનીસંકા—મારાથી આ લોક છોડી પરલોક જવા પગ નથી.

બુદ્ધિનો જવાબ—શુદ્ધ જે પરબ્રહ્મ તેનો ગુરૂ-

દ્વારા પોતાના સ્વરૂપને સમજી રેખીને તારા અને મારા કારણ વસ્તુમાં લીન થઈસું એટલે પરલોક અગર આ લોક જવાની જરૂર નથી, "જીવતાંજ મોક્ષ છે."

મનનીસંકા—ત્યારે આપણે બંધાયા સ્યાથી? કે તારૂ અને મારૂ જે કારણ સ્વરૂપ તે અજ્ઞાનમાં અદ્રસ્ય થયા.

બુદ્ધિનો જવાબ—મુળપુરૂષનો આ જગતમાં મા–બાપને ત્યાં અવતાર થયો તેમાં મા–બાપે પોતાના જેવાં કરતા વેહેવારનો બોધ અતિ દ્રઢ કર્યો છે તેથી અદ્રસ્ય છે. તથા વેદમાં એમ કહ્યું છે કે. ૭ વસ્તુ સ્વરૂપથી અનાદિ છે, જેવી કે એક સુદ્ધ બ્રહ્મ બીજો ઈશ્વર, ત્રીજો જીવ, ચોથી અવિદ્યા, પાંચમુ અવિદ્યા સાથે ચૈતનનો સંબંધ અને છઠુ અનાદિ વસ્તુનો ભેદ આ સર્વની ઉત્પત્તિ નથી પણ સ્વરૂપથી અનાદિપ્રવાહરૂપ છે. તેની અંદર અહંકાર જે હું તે કોણ તે બાબતનો પુરેપુરો વિચાર નહીં કરવાથી પૃથ્વીના કાર્યરૂપ પદાર્થમાં અધ્યાસ થવાથી અદ્રસ્ય છે.

મનનીસંકા—આ બ્રહ્માંડરૂપી શેંટ્રલજેલ જેવો સંસાર તેમાંથી આપણે કેમ છુટીશું?

બુદ્ધીનો જવાબ—સુદ્ધ અંતઃકરણથી પૃથ્વીના "વિષય" વિષ બરાબર સમજી તેનો ત્યાગ કરશો તો અંતઃકરણના સાધનથી સ્વરૂપનુ ભાન થઈ મુક્ત થશો. એ વાત નિશ્ચય છે.

મનનીસંકા—સુ, પ્રયોગ કરીએ કે જે આપણને સત્વગુણી અંતઃકરણમાં જ્ઞાનનો સાભાસ પડે?

બુદ્ધિનો જવાબ—ક્ષમા, આર્જવ, દયા, સંતોષ અને સત્યનું સેવન કરવાથી સુદ્ધ અંતઃકરણમાં તરત સાભાસ પડશે.

મનનીસંકા—આ બધા પાળવા જાઉતો સંસારનું જે કર્મ (પ્રારબ્ધ) જે બંધાયેલું છે તે લુલુ થસે અને કર્મમાં ફેરફાર કરનાર કોઈ સમર્થ નથી માટે ઉપરનું સેવન કરવું બધું બનતું નથી.

બુદ્ધિનો જવાબ—ઈરાદાપુર્વક ગુન્હો નહી કરતાં પુર્વ કર્મથી જે વિષયનું સુખદુઃખ મળી આવે તેમાં વિવેક વીચાંર રાખધો.

મનનીસંકા—આ સટૂલજેલમાં (સંસારમાં) હું, તું, અને રાજારૂપે જે જીવ કેદ છીયે તે કયા પ્રયોજનથી ટુંકામાં પાર લાવી નીરમુક્ત થઇએ ? કારણ ઉમરની સંખ્યા ઓછી થતી જાયછે માટે જલદીથી મુક્તનો રસ્તો સોધી કાઢો નહીંતર દેહ ગએ વિમાસણ થસે.

બુદ્ધિનો જવાબ—શ્રવણમાં આત્મજ્ઞાન શ્રવણ કરવું. અને ત્વચાથી તત્વજ્ઞાની સંતના ચરણને સ્પર્શ કરવું. નેત્રથી સ્વરૂપને નીરખવું. જીભથી આત્મા, બ્રહ્મ, ઈશ્વર, હરીહર, વીગેરેની ચરચા કરવી તથા સ્મરણ કરવું. ધ્રાંણ (નાક) જેમ ઘણી જતનથી ઘીસાથે મીસ્ટાંન મેળવી સંતાડી રાખેલ હોય પણ જેમ કીડીઓ ત્યાં જઈ ખોરાક વીશે પોતાનુ કાર્ય ભલી રીતે કરે છે. તેમ હરી ચરચા ઈશ્વરચરચા જયાં હોય ત્યાં ગંધરૂપે સોધ

કરી ફુરસદ વખતે જવું. અને અંતઃકરણ સુદ્ધ થાય તેવો ખરેખરો પ્રયત્ન કરવો.

જીવનું નિશ્ચયપણું.

કૌસીલમાંથી મનબુદ્ધિનો મતલબ સમજી જીવનું નિશ્ચયપણું થયું કે અનુભવ કરતાં મન બુદ્ધિના વાહન જે ઈંદ્રીઓ તે પોતાના વિષય થકી તેઓના ગુણ જણાવનાર છે. જેમકે નેત્રથી રૂપ જોવાય નાકથી સુઘાય કાનથી સંભળાય વીગેરે છે પણ તે જાણનાર નથી તેના અનુભવ વાસ્તે મારે સત્સંગ રૂપી હંમેશાજ અભ્યાસ રાખ્યો હોય તો જે અતઃકરણમાં મળ વિક્ષેપ આવરણરૂપી ત્રણ દોષ છે તે નીરમુળ થાય. એ નીરવીવાદ બાબત છે માટે સારા જ્ઞાની માણસનો સંગ કરવા નિશ્ચય કર્યો.

મનની સંકા—મારા સીવાય બીજો કોણ જાણનાર અગર મનાવનાર છે?

બુદ્ધિનો જવાબ—મનને અહંકાર થવાથી બુદ્ધિ રીતસર ખુલાસો આપે છે;–જો, તમો સ્વતંત્ર હોતો શ્રવણ ઇદ્રીનો સ્વભાવ સાંભળવાનો છે. તો પછે ખરાબ સબ્દ સાંભળી ક્રોધ કેમ કરોછો! સ્પર્સ ઈંદ્રી ટાઢુ ઉનું બતાવવનો ગુણ છે તો બહુ ટાઢ અને બહુ ઉને અરેહાસ એવું સું કરવા કરોછો! નેત્ર ઈંદ્રીથી રૂપગુણ જોવાનો છે તો મુડદાને જોઇની નીચુ કેમ જોવો છો! જીભનો ગુણ સ્વાદ જાણવાનો છે તો કડવાસ મોઢામાં કેમ

બોલતા નથી! ગંધનો ગુણ વાસ લેવાનો છે. તો ખરાબ ગંધ આવે નાક બંધ કેમ કરોછો! વાંણી ઈંદ્રીનો ગુણ બોલવાનો છે તો પીતાને પુત્ર કેમ કહેતા નથી! હાથનો વિષય આપવા લેવાનો છે તો ધાતું આપી ધુળ કેમ લેતા નથી! પગનો વિષય ચાલવાનો છે તો કાંટામાં કેમં હેડતા નથી! (ચાલતા નથી) ઉપસ્થ ઈંદ્રી (લીંગ) નો વિષય મૈથુનનો છે તો મા—બેન ઉપર કેમ વિચાર થતો નથી! ગુદા ઈંદ્રીનો વિષય મળ ત્યાગ કરવાનો છે તો પાકશાળાંમાં કેમ બેસતા નથી! માટે મનુજી સ્વાર્થના તમો સગાછો. એ-મ મને તો નિશ્ચય થાય છે. કારણ તેવા નિશ્ચ-યનું કામ મારૂ છે, અને મારૂ નિશ્ચયપણું પણ પ્રારબ્ધથી થાય છે તમે નિમિત માત્ર છો માટે તમારૂ અને મારૂ તથા આ દેહરૂપી નગરીનો નરેસ રાજા જીવ એ સર્વેનું ભલું થાય એમ કરો એવી મારી આજીજી છે કારણ કે સર્વે લ-ગાંમ તમારા હાથમા છે ફકત નિશ્ચય કરવું એ મારૂ કામ છે. માટે સત્ય વસ્તુ સમજી, દેખી, નિશ્ચય કરી સ્વરૂપમા લીન થાયો કે જેથી સર્વેનું ભલું થાય. કારણ (મને બંદ્ધ અને મને મોક્ષ).

મનનીસંકા—ઉપરની હકીકત વિચારી ચાલું અને કદાચ પુર્વના નિષકામ કર્મસંજોગે ગુરૂ મળી બ્રહ્મજ્ઞાન થાય તો ઈચ્છા પ્રમાણે વરંતવા બાદ છે?

બુદ્ધિનો જવાબ—તમોને કોઈ પુરૂષ એમ કહેકે પુર્વ દીસાએ લાય લાગીછે અને ઉત્તર દીસાએ હીમાલો છે અને પશ્ચિમ તરફ પ્રેત છે દક્ષીણ દીસાએ રાક્ષસ છે અને ખુણાઓમાં અનેક દુઃખ છે માટે શું કરશો ? મનનું સમાધાંન; આ ઉપરથી એમ થયું કે આખા બ્રહ્માંડમાં કયાંય મારે રેહેવાનું નથી અને રહીસ તો ત્રીવિદ્ધ દુઃખ (સંસારમાં) પ્રતક્ષ છે તે અનુભવ કરૂછું, તેમ છતાં સર્વને અવશ્ય જન્મ મરણ રૂપી દુઃખ છેજ માટે ઉપર બતાવેલી બુદ્ધિની સીક્ષા માનવા યોગ્ય છે એમ મને પણ નિશ્ચય થાય છે.

મનનીસંકા—ઉપર જે તજવાની બાબતો બતાવી તે સાધનકાળમાં તજુતો ઠીક, કે જ્ઞાનકાળમાં તજુનો ઠીક ?

બુદ્ધિનો જવાબ—ઈંદ્રીઓને સાધનકાળમાંથી તેને સ્વાદ છોડાવ્યો હોયતો જ્ઞાનકાળમાં તે વિષય ઉપર અંતર પ્રીતી થાય નહીં. અને સાસ્ત્રથી જ્ઞાન થયા બાદ અંતરત્યાગવિના વિષય ભોગવે તો જ્ઞાની કેહેવાય નહીં.

મનનીશંકા—મે વેદમાં એવું સાંભળ્યું છે કે જ્ઞાની પુરૂષને પુર્વ કર્મ પ્રમાણે વિષય મળે તો તે બાધ કરતા નથી. માટે તેનું શું સમજવું ? (પ્રારબ્ધ વિચીત્ર છે).

બુદ્ધિનોજવાબ—અંતર ત્યાગ કરી પ્રારબ્ધ પ્રમાણે જે વિષય મળે તે ભોગવવા બાધ નથી.

ઈરાદાપુર્વક ગુન્હો ન કરવો એવી વરતણુંકથી જે પુરૂષ વરતી ચાલનાર છે તે જ્ઞાનીને વિષય બાદ કરતા નથી. એમ વેદનો ઢંઢેરો છે. જેમ આંકેલ સાંઠને કોઇનો પ્રતિબંધ નથી. તેમ તે પુરૂષને સંચિત અને ક્રીયામાણુ કર્મનો પ્રતિબંધ નથી.

મનનીશંકા— અંતરત્યાગ તે શું ?

બુદ્ધિનો સિદ્ધાન્ત જેમ સર્વ પુરૂષો તથા સ્ત્રીઓને મારાવિના ચાલતું નથી અને બુદ્ધીવિના નિશ્ચયપણું જડ છે તોપણ જે પુરૂષને "હુંબુદ્ધી" જે, નારીજાતી તેનોઅસંગછે તથા બીજી દેહ તે પણ નારીજાતી છે પરંતુ કોઈ પુરૂષ હું સ્ત્રીછું. એમ કહેતો નથી. જેમકે હરકોઈ પુરૂષ નાટકમાં અગર ત્રાગારામાં અને રાશધારીમાં સ્ત્રીનો વેશ લઈ ભજવતો હોય પણ તે હું 'સ્ત્રીછું'. એમ કહેતો નથી અને મનબુદ્ધી તથા કાયાથી નિશ્ચય કરે છે કે હું પુરૂષછું એવીજ રીતે અંતરમાં આ સર્વ વિષય વિષરૂપ છે એવી ભાવનાથીજે ત્યાગ છે તે અંતરત્યાગ છે.

મનનીશંકા—ઘોર નર્ક તે શું?

બુદ્ધિનો જવાબ—મનુભાઈ જે દેહમાં તમો વસોછો તેનો એકવાર વિચાર કરી જુવો. દાખલો—

જેમ આળા ચામડાના કુડલામાં તેલ, ઘી, મધ, ભર્યું હોય તે થોડી મુદતમાં બગડતું નથી. પણ આ દેહરૂપી ઘરમાં વસોછો તે દેહમાં ચોવીસ કલાકમાં જે ભર્યું હશે તે બગાડી નર્ક-

રૂપ કરી નાંખે છે તોપછી બીજે ઘોરનર્ક ક્યાં સોધવા જાઓછો? "ઉપલક્ષણ" પેહેરેલાં અ-સ્રીબંધ સાફ લુગડાં હોય તેને સરીરમાંથી ઉત્પન્ન થયેલ પરસેવો પોતાના રક્ષણ કર્તા વસ્ત્ર તથા લાજનાં હીતેચ્છુંને પણ મલીન કરી નાંખે છે. વધારે ખાત્રી માટે જુવો કે તમારી હાથની આગળી નાકમાં નાંખી જોસો તો સેડાવાળી થસે, આંખમાં નાંખસો તો ચીપડાવાળી થસે, અને મોઢામાં નાંખશો તો એઠી થશે, ગુદામાં સ્પર્શ કરશો તો નર્કવાળી થશે, શીસ્નને સ્પર્સ કરશો તો મુત્રવાળી થશે, કાંનમાં નાંખસો તો મેલવાલી થશે, માટે છએ દ્વાર મલીન છે. વા-સ્તે એવા મલીન પદાર્થમાંથી અહુંમતા-મમતા (હું અને મારૂ જેમકે હું દેહ નહીં અને મારી દેહ નહી. કારણ રંજવીરજથી મંજા માઉસ વીગેરેથી બનેલ ભૌતીક સરીર તેના ઉપરથી હાથ ઉઠાવી લઇએ તો આપણને શું નુકસાન થાય? કાંઈ નહીં! જો કદાચ તમારા અનુંભવમાં એમ આવતું હશે કે આ મનુષ્યદેહ મેલીસુ તો વિ-ષય સુખનો લાભ જતો રહેશે. પણ તેમ નથી સર્વ પ્રાણીઓમાં ૧ આહાર, ૨ મૈથુન, ૩ ભય, ૪ નિદ્રા, એચારે સુખ દુઃખ ગમે ત્યાં જશો ત્યાં કર્મ પ્રમાણે મળશે. પરંતું આ આત્મ સુખ જે પાંચમું તે મનુષ્ય દેહ શીવાય ક્યાંય મળવાનું નથી. વીચારી જુવો કે બારેબાર દેવ યોની-માંથી આ જ્ઞાનફળ મળતું હોતતો આપણામાં

જે કે રાજાઓમાં શ્રી સદગુણમુર્ત્તિ રાંમચંદ્રજી તથા જનક વિદેહી ભાગીરથ સિખરધ્વજ તથા રૂષીઓમાં જેવાકે યાજ્ઞવલ્કક ઉદ્દગાલક વસિષ્ટ પારાસર, વિતવ્યાસ, વેદવ્યાશ, સુકદેવ અને છેવટે કૃષ્ણ વીગેરેઓને આ મૃત્યુભુમીમાં આવવા કાંઈ પ્રયોજન નહીં હતું. માટે એમ સમજાયછે કે આંહી આવેથીજ મોક્ષ થાય છે. અને ઉપર પ્રમાણે આપણે વીવેક વિચારથી ચાલીશું તોજ તેમના સુપુત્ર ગણાઈસું માટે સદરહું જીવરૂપી રાજાના આપણે સાહાયભુત છીએ તો તેમનું અને આપણું ભલું ઈચ્છુતું કહેવત કે- "ઘરખુટે ઘર જાય" એમ થવાથી આ જીવને વિષયથી બંધન કરવું તેનો મુદ્દો આપણે શીર છે.

મનનીસંકા—દીલગીરીથી, આપણું ઘર કેટલી ધાતુંનું બન્યુંછે ?

બુદ્ધિનો જવાબ—શ્રુતી પ્રમાણથી(વેદથી) કહ્યું છે કે ૧ વિર્ય ૨ રૂધીર ૩ માંસ ૪ મેદ ૫ નાડીઓ અને ૬ અશ્તી ૭ મંજ્જા આ સાત ધાતુંથી આપણો માળો બાંધેલો છે.

મન પોતે વેહેવાર વિલાસમા સ્થુળ દેહનો અધ્યાસ સમજયો છે માટે અધીકારીની લક્ષણા લઈ દેવ માર્ગની હકીકત પુછે છે.

મનની સંકા—ત્યારે સ્વર્ગ તે શું ?

બુદ્ધિનો જવાબ—જે પુરૂષ અજાહોમ સીચાસણ પક્ષીનો હોમ કરી સુર્યને અર્ઘ્ય આપેછે તો તે પુરૂષ

સુર્ય લોકમાં જઈ કરેલું કર્મ થઈ રહેવાથી અંધ-પાત થઈ પાછો આ પૃથ્વીપર કર્મ કરવા અવતરેછે

ખાત્રી માટે આ સાથેના નકશાથી તથા કર્મ વિલાસથી વાકેફ થશો.

મનની સંકા—સ્વર્ગ જે સુર્ય લોક અને નર્ક જે આદેહ બેઉનો વીચાર કરી મન કહેછેકે આ બેઉ મારાથી તરાસે ?

બુદ્ધીનો જવાબ—ભાઈ મારૂં કહ્યું માનીસ અને હું જે પુરતી રીતે ત્રણ કાળમાં નાસ ન થાય, એવી વસ્તુનું નિશ્ચય કરી આપું તે તું કબુલ રાખીસ તો સેહેજ પાર ઉત્તરીશ અને લક્ષાર્થથી અનુભવ કરીશ તો મોક્ષ પણ થઇશ પરંતું લગાંમ તારા હાથમાંછે (જેમ પાંડવોના રથની લગાંમ શ્રી કૃશ્નના હાથમાં હતી તેમ)

મનની સંકા—સંસારસુ વસ્તું છે તે પ્રત્યક્ષ પ્રમાણથી દેખાડો.

બુદ્ધીનો જવાબ—મારી ખાત્રીથી તમો ખાત્રી કરી જુવોકે હું જે બુદ્ધી તે વૃતી રૂપ પ્રમાતા પ્રમાણ થઈ આ તમારા સવ વૈભવ જેવાંકે આ સ્ત્રી આ પુત્ર આ ધન અને આ મેડી બંધ ઘર તથા અંતરના લાગતા વળગતા સગા સંબંધીઓ મોજુદ છે તે સ્પષ્ટ જોવામાં આવેછે પરંતું સહરહું દરમીયાંનમાં જે આગળ બતાવેલ છેલ્લામાં છેલ્લું મોતનુ પકડવારંટ ઇશ્વરનું લાગું થાયછે ત્યારે આપણે જોઈએ છીએ તો બાહારના તમામ સબધી આપણા કોઈ પણ ભાગને તેઓ સહાયભુત થતા

નથી અને તેઓ જમના (કાળ સીપાઇ)ના હાથથી કોઇ બચાવી સુખ આપતું નથી. આ ઉપ-રથી પ્રપંચનો ઉંડો વિચાર કરી જુવો! વખત ગએ આ વિષયની વીમાસણ થસે.

મનની ઊદાસી—ઉપર પ્રમાણે હું ઘણે ઠેકાણે જોઉછું તેમજ કર્મ પ્રમાણે સુખ દુઃખમા કોઈ ભાગ લેતું નથી અને શાસ્ત્રીથી પણ કર્મ ધર્મમાં કોઇને ભાગ નથી એમ પણ બતાવેછે અને મુવા પછી પણ "સમસાન" નો અર્થ કરતાં એમ થાયછે કે સમ વત્તા સાન સમ્ બરાબર્ સરખુ અને સાન બરાબર સમશ્યા જુવોકે સમસાંનમાં જે મુડદુ (સબ) બળેછે તેવીજ મારા દેહની વ્યવસ્થા થવાની છે. કદાચ મત્તાગ્રહથી આ લક્ષણા લઈ નથી માનતો તો મારી પાછળ બુદ્ધિ તથા પ્રાણ યમની પોલીસ કોર્ટમાં ફરીયાદીછેજ, અને બુદ્ધીને સમજાવુંતો જબરજસ્ત અંતર આત્મા સાક્ષીરૂપી બાલીસ્ટર મોજુદછે. અને બીજી રીતે આ જગતમાં જયાં જયાં જઈસ ત્યાં ત્યાં ત્રીવીધ દુઃખ તૈયારછે હાય! હાય! આવુંછે ત્યારે મેં મારૂ કાંઈ નહીં વિચાર્યું!! વખત ચાલ્યો જાયછે છેવટે જમના હાથમાં પકડાવા થોડી મુદત રહીછે આખરે પણ જવુંછે એ સિદ્ધછે સમસાંનના દાખલા ઉપરથીજ બસછે, તો પણ વધારે ખાત્રી માટે આદેહ એક પૈસાનું ભાડે પૃથ્વી પાસેથી માગી લીધુંછે તે કાયદા શાસ્ત્રથી આપણે નજરે જોઇએછીએકે એક પૈસો ભોં ભાડાનો આપીએ છીએ તે નિશ્ચયછે માટે હવે ખરા સ્વરૂ-

પથી બે રાખી ભાડે લાવેલ ઘરના સાધનથી જે ખરૂ તત્વ છે તે સોધી કાઢું એ મારો ધર્મ છે—

મનનીશંકા—હે બુદ્ધી આ મૃત્યુ ભુમીમાં હું, તું, કેટલી વાર આવ્યા હઈસુ તો આટલા કાળ સુધીમાં આ વીશે તને ભાન કેમ નહીં આવ્યું હોય ?

બુદ્ધિનો જવાબ—તે વખતે કર્મ કાચા હતા અને તે સર્વે કર્મો મારા નિશ્ચયથી અત્યાર સુધી તમો ચાલ્યા તેનું ફળ આ પ્રતયક્ષ મનુષ્ય દેહછે અને આ દેહથી મારા કહ્યા સુજબ ચાલસો તો જે ફળની પ્રાપ્તી સારૂ તમો અત્રે (આ ભુમીમાં) આવ્યાછો તેનુ ફળ જે મોક્ષ તે મેળવી આપીસ.

ઉપર મુજબ મન બુદ્ધી અને જીવના સમક્ષ ઇનસાફ થતાં સત્વગુણી પ્રધાન જે પુરૂષ તેને વિચાર ઉત્પન્ન થયો જે—

મારૂ નામ દેવદત્ત છે. તે સીદ્ધ થતું નથી જુવો કે જ્યાં હાથ મુકુછું. ત્યાં તે વિષયનું નામ છે. પણ ખરૂ શું છે. તે જણાતું નથી. જેમ માથે હાથ મુકુતો મારૂ માથું છે; મોઢે હાથ મુકુતો મારૂ મોઢું છે; છાતીએ હાથ મુકુતો મારી છાતી છે, પગે હાથ મુકુતો મારો પગ છે એમ થાય છે પણ હું માથુંછું, હું મોઢુંછું, હું છાતીછું, હું પગછું, એમ થતું નથી; માટે આ સર્વ જંજાળથી અનુભવ કરનાર હું પુરૂષ જુદોછું આ વિષયની સમજણ એ વિસેશણવાળા ગુરૂ પાસે જઇને લઇએ તો ઠીક ! એમ નિશ્ચય કરી,

શિષ્યરૂપે ગુરૂ પાસે નીચે મુજબ લક્ષણ લેછે.

પુરૂષ મુમુક્ષ થઇ ગુરૂ પાસે જ્ઞાન મેળવેછે.

શીષ્ય—મહારાજ આ સંસાર કેવો છે. ?

ગુરૂ—ઝાંઝવાના જળજેવુ જન્મતાં, હસતું, અને મરતાં રોવું, એ જગતનો અનુભવ પ્રતક્ષ જો.

શીષ્ય—નર્કદ્વાર તે શું. ?

ગુરૂ—મેં અને તેં બેઉએ માતાના પેટમાં (ગર્ભવાસમાં) નવ મહીના અનુભવ સીદ્ધ કર્યો છે. માટે હવે તે વિષે પુછવું શું.

શીષ્ય—સ્વર્ગનો 'હેતુ તે કોંણ ?

ગુરૂ—અજાહોમ, સીચાસણ પક્ષીનો હોમ તે સ્વર્ગનો હેતું છે.

શીષ્ય—એમાં તો હિંસા થઇ અને તમેતો સ્વર્ગનો હેતું કોહોછો. ?

ગુરૂ—કોઇ પણ પુરૂષ સત્રુ મારણ કામનાવાળો સેનયાગમાં પ્રવર્ત થાય, કિન્તું શત્રુ મારવાની જેને કાંમના હોય તે સેનયાગથી બીજા જે વિષદ્દાનાદિક શત્રુ મારવાનો ઉપાય છે. તેમાં પ્રવર્ત થાય નહીં.

શીષ્ય—અત્યંત સુખી થઇ સુતો તે કોણ. ?

ગુરૂ—વેદાંતી રાજસમાધી તથા સેહેજ સમાધીવાળો પુરૂષ મુકત થઇ સુતો છે.

શીષ્ય—સેહેજ સમાધીના થોડા લક્ષણ કહો.

ગુરૂ—જેમ વિયાઅલી ગાય ઘેરવાછ્રડું મેલી વગડામાં, ચરવા જાય પણ તેની ચિત્તવૃતી પો-

તાના બચ્ચામાં હોય વગડામાં ઘાસ ખાય પાણી પીયે પણ મુળ સુરતા તેની બચ્ચામાં હોયછે.

કોઈ પણ સ્ત્રી પાણી ભરવા જાય અને કદાચ રસ્તામાં તેની સૈયર મળે તો તેની સાથે ખુસાલીના વાકયથી હાથ તાળીઓ લે છે. હસે છે પણ તેની ચિત્તવૃતી પોતાના માથાના ઉપરના બેડામાં હોય છે. બેડુ પડવા દેતી નથી. અને વાતોનો સ્વાદ લેછે. ઉપર પ્રમાણે લક્ષણાથી વહેવારમાં રહી બ્રહ્માકારવ્રતીમાં વરતનાર પુરૂષ આ જગતમાં અત્યંત સુખી થઈ સુતો છે. એવો નિશ્ચય છે.

શીષ્ય—આ સંસાર અંતવાળો છે. અને પાર થવું છે. તો વારંવાર આ સંસાર દ્રષ્ટીસ્રષ્ટીવાદની પેઠે રહેછે કેમ. ?

ગુરૂ—જેમ એક પુરૂષ દરીયામાં પોતાનું વાહાણપાર ઉતારવા પોતેજ નાયક થઈ બેઠો પણ રસ્તામાં કોઈ બેટ આવવાથી તેમાં ચમક પથ્થર સનમુખ હતું. તેથી વાહાણમાં જે લોઢાના ખીલા હતા, તેને આકારસણ લોહચુમ્બકનું થયું. ત્યારે તે વાહાણનું પાટીયું લોઢાના ખીલાને આધારે છે માટે તાબે થયું, પાટીયું જે વારે તાબે થયું, ત્યારે બધું વાહાણ સાથે તણાયું, વાહાણ તણાયું, ત્યારે અંદરનો માલ પણ તેની સાથે ખેચાયો, તેમાં માલ મુખત્યાર નથી. તો વાહાણ ચલાવનાર નાયક તેપણ તેને આધીન

થયો માટે પોતે પણ તણાયો, આમાં લક્ષણા લેવાની એટલીજ કે "સ્થુળ દેહરૂપી વાહાણ આ સંસાર સમુદ્રમાં તરે છે (ફરેછે) તેમાં અ- અંહકારરૂપી લોહાના ખીલા અને મનરૂપી પા- ટીયું અને જ્ઞાનરૂપી જે આત્મ ધન છે તે અમુલ્ય માલરૂપી છે. અને તે માલનો માલીક જીવ ધણી છે અને આ પૃથ્વીરૂપી બેટમાં ઈંદ્રી- ઓનુ વિષય (કાંઈપણ પૃથ્વીની વસ્તુ) ચમક- પથ્થર રૂપીછે. માટે તે બેટમાંથી પેદા થએલ જે વિષય તે ચમકપથ્થરરૂપી છે. એમ સમજી અમે તે વિષયથી બચીને ચાલવું, નહીતર વિષ- યથી ઈંદ્રીઓ અને ઈંદ્રીઓથી મન અને મનથી જીવ અને જીવથી સ્થુળ અને . સ્થુળના અધ્યા- સથી આત્મરૂપી ધન ખોઈ બેસવાનું છે. માટે સાવધાન થઈ બ્રહ્મનિષ્ટ તથા બ્રહ્મવેત્તા ગુરૂ પાસે સમજણ લેવી. જેથી તેવા સંતો પાસે જવાથી પારસરૂપી વસ્તુ (બ્રહ્મવિદ્યા) આપેછે. તે હુંકા- રરૂપી લોઢાને અડાડવાથી શાન્તિરૂપી કંચન થઈ ચમક પથ્થરરૂપી વિષય વસ્તુમાં આકરસણ થતુ નથી. મનુષ્ય પ્રાણી સ્વતંત્રતાથી પાર ઉતા- રવા જાયછે તેથી અંત આવતો નથી. પણ પ્રવ- તીરૂપ કર્મ ઉપાસનાથી રજોગુણરૂપ ત્રાંબાના ખી- લા જેવા થઈ અતિ શાન્તિ શીવાય જેનું જન્મ મરણ થાયછે એવું સ્થુળદેહરૂપી વાહાણનું શા- ધન મેળવી રજોગુણી પુરૂષમાત્ર આ જગતમાં

ઘટયંત્રની માફક ફર્યા કરેછે કારણ * સ્થુળ પદાર્થ ઉપર રજોગુણની દ્રષ્ટીથી સ્રષ્ટી જણાય છે.

શીષ્ય—એકલું મન જીતે આત્મ સુખ મલશે?

ગુરૂ--મન રૂપી પ્રોફેસરને કબજે કરેથી નીચે બતાવેલી ઇંદ્રીઓની વરતણુંકમાં ફેર ફાર થાયછે. પગથી પ્રદક્ષણા, હાથથી હરીશેવા, નેત્રથી દરસન, શ્રવણથી અધ્યાત્મ જ્ઞાન, અને મનથી આત્માનો અનુભવ કરે, અને બુદ્ધિથી બ્રહ્મ વિચારને નિશ્ચય કરે, અને ચિત્તથી પર બ્રહ્મનુ અખંડાકાર ચીત્તવન કરે, અને અહંકારથી બ્રહ્માનું અભીમાંન ધરે. અને આ મન સર્વનો ગોવાળીયો છે તે મનને જીતસો તો ઇંદ્રીઓ તેને તાબે થશેજ.

શીષ્ય—મનને વસ કરવા કહોછો અને તેનાથી આત્મા અનુંભવ મેળવવા ચાહના રાખોછો પણ મન આત્માનો સત્રુછે.

ગુરૂ—દ્રષ્ટાંત એક પુરૂષ ઘણો માલ લઈ રસ્તે જતો હતો ત્યાં તેને એક ફાંસી દેનાર (નીરદય) પુરૂષ મલ્યો તેના મનમાં એમ આવ્યું કે આ પુરૂષને ફાંસી દઈ માલ લઈ લઉં તે દરમીઆંનમાં તેજ રસ્તે તે ફાંસી દેનારનો અને માલ લઈ જનાર બેઉનો સ્નેહાધિન ભાઈ બંધ મલ્યો ત્યારે માલ લઈ જનાર પુરૂષને એકાંતે બોલાવી કહ્યું કે સદરહુ ફાંસીયાના કહેવા મુજબ ચાલોછો પણ આ પુરૂષ ફાંસી દેનાર નીરદયછે માટે કોઈ દીવસ ફરેબદઈ માલ લઈજસે તેથી નીરધન થઈ રહેસો

---

* સ્થુળ પદાર્થ એટલે દેહથી સ્પર્શ થાય એવા.

આવી એકાંત થવાથી ફાંસી દેનાર પુરૂષના મનમાં પ્રેહેમ આવ્યો ને જાણ્યું કે મારા વીષે એકાંતમાં તેને કાંઈ સમજાવેછે માટે એને કોઈ બીજો મારી નાંખસે તો તેનું તોહોમત મારે સીર આવસે વાસ્તે તેને સહી સલામત તેના ગાંમ પોહોચાડી દઉં. આ ઉપરથી સીસ્યને સમજવાનું કે જ્યારે યોગ્ય ગુરૂ મળેછે ત્યારે આ ઉપર બતાવેલ ઇંદ્રીઓ મનને નહીં માંનતા આત્મા દેશમાં સહી સલામત પોહોચેછે (ફાંસીયા રૂપી મન, માલ ધણી રૂપ જીવ અને તે બનેને રસ્તે ચડાવનાર હિતેસ્વી આચાર્ય ગુરૂછે ભેદ વાદી ગુરૂ એક તરફી છે.)

સીસ્ય—આ જગતમાં ગળા ફાંસો સું?

ગુરૂ—અહંમતા મમતા (હું અને મારૂં)

સીસ્ય—આ જગતમાં લેવાની વસ્તુ સું ?

ગુરૂ—આત્મ જ્ઞાનની સાધકતા લેવી બાકી પ્રપંચ મીથ્થાની બાધકતા કરવી

સીસ્ય—આ જગતમાં કરેલા સુભ કર્મ બળી જાયછે છે સું. ?

ગુરૂ—કોટી સીવલિંગ અરચન કર્યા હોય તથા કોટી જપદાંન કર્યા હોય તથા તિર્થથી આઘે લઇને જે પુન્ય કર્યા હોય તે સર્વ પરસ્ત્રીની યોનીમાં બિન્દુ (વિર્ય) નાંખવાથી સર્વ પુન્ય કર્મ બળી જાયછે આવું શીવ વાકયછે ઉપરનો વિચાર જે પુરૂષ નથી કરતો તે મોટો આંધળોછે ચક્ષું ગયેલ નાનો આંધળો છે.

સીસ્ય—ઉપરનો ભય વધારે લાગેછે ત્યારે તે વિષે મારે સુ કરવું ?

ગુરૂ—સુ વિચાર, હું કોણ, આ સંસાર સુ, હું ક્યાંથી આવ્યો, હું ક્યાં જઈશ, એવો વિચાર ફરી જોઇએ અને આ મારૂ નામ જન્મા પછે છઠીને દીવસે કઈ મા બાપ તથા બહુના સંયોગે બાહ્મણે પાડયુંછે ત્યારે તે પેહુલા હું કોણ!! જેમકે ચોવીસ વર્ષ થયાં હોય તો પચીસમે વર્ષે હું કોણ હતો તે વીચાર કરે.

સીસ્ય—આટલું. કરૂ એટલે બસછે. ?

ગુરૂ—ના. અનુભવ બે જાતના છે એકતો વાચાર્થ અને બીજો લક્ષાર્થ માટે વાચાર્થ સોધીપછે લક્ષાર્થ નો અનુભવ કરવો; જેમ સાકર ખાનારજ કેહેકે સાકર મીઠી છે તેમ.

સીસ્ય—ત્યારે આં જગત કેમ થયું. ?

ગુરૂ—મુળ સુર્ય અને તેની નીચે ચંદ્રકુંડ તેમા (કર્મના) સંસકાર રૂપી મધ્યમ પરમાણું સુર્યના કીરણ વાટે વાસ્ના રૂપી લીંગદેહ તણાઇ ચંદ્ર કુંડમાં પડેછે અને તે સંસકારો પાછા શાસ્ત્રમાં દરશાવ્યા પ્રમાણે ચંદ્ર રસ્તે થઈ પૃથ્વી પર ખેતરમાં પડતો તેમાં અનાજ થાય તે અનાજ મનુષ્ય ખાય તેનું વિર્ય બંધાય અને તે શંશકારી વિર્યનો પુત્ર ઉત્પન્ન થાય એવા અનું ક્રમણીકા પ્રમાણે આ જગત અનાદી કાળનું ચાલ્યા કરેછે આ વિષયમાં તારે અધિકારી ને ધ્યાન દેવા જેવું નથી કારણ તેને લઇને સું ખરૂછે તે સોધવાનું છે.

સીસ્ય—ઉપરના વિષયમાં સું ખરૂછે તે બોધ માટે સું શ્રવણ કરવું. ?

ગુરૂ—સૃષ્ટી ઉત્પન્ન થતાં જે ૐ સબ્દની ધ્વની નીકળી છે તેના અર્થનો લક્ષાર્થ અનુભવ પુર્વક ગુરૂ મુખથી શ્રવણ કરવું.

સીસ્ય—ૐ નો અર્થ શી રીતે મળે ?

ગુરૂ—જયાં અધ્યાત્મ વસ્તુની વાત ચાલતી હોય તથા અદ્વૈત વેદ શાસ્ત્રનો જ્યાં સત્સંગ ચાલતો હોય ત્યાં પોતાનું ચિત્ત વધારે રાખવું અને તે વાકય યાદ લાવી, જોઈએ તે વખંતે ખોટા કર્મથી અટકવું જેમ આપણો દુસ્મન આપણી વાત કરતો હોય ત્યાં જેવું ચિત રાખી તે વાત ફરી કહી બતાવીએ તેમ.

સીસ્ય—વિવેક અને વૈરાગ તે સું ?

ગુરૂ—નીત્ય અનીત્યનો વિચાર તે વિવેક અને આ લોક તથા પરલોકની જેને આસા નહીં તે વૈરાગ.

સીસ્ય—દયા કોને કહેવી. ?

ગુરૂ—આ જગત દુસ્તર સમુદ્રમાંથી જે છોડાવે તે ગુરૂને દયાવંત કહેવા બાકી બંધનને જે દ્રઢ કરાવે. તે નીશ્ચય સમજવા કારણ તેમના કહેવાથી શીષ્ય ચાલે પરંતુ બીજા ભવમાં તે શીષ્યને બહુજ દુઃખ ઉત્પન થાયછે. (શાબબ જન્મ મરણનો અંત લાવવા શરણે ગયો હોય, પણ અંત લાવવાને બદલે સંસારનું કેદખાનું એમને એમ રહેછે.

શીષ્ય—નીત્ય અનીત્ય શીરીતે સમજાય ?

ગુરૂ.—આ જગત અનીત્ય છે કારણ ઉત્પતી નાસ વાળું છે અને આત્મા નીત્યછે સબબ તેનો ત્રણે કાળમાં નાશ નથી જેમકે જાગ્રતમાં છે, સ્વપ્નમાં છે, અને સુસુપ્તીમાં છે, એ સર્વ વિષયનો અનુભવ કરી બીજે દીવસે અગર જાગીને કહી બતાવે છે માટે તે નીત્યછે. બાકી અનીત્યછે.

શીષ્ય—મુવો તે કોણ?

ગુરૂ—પોતાના મોઢે પોતાના વખાણ કરે તે મુવા જેવો છે.

શીષ્ય—ગુરૂતે કોણ ?

ગુરૂ—સંસાર બંધનથી છોડાવી જીવ શીવની એકતા કરી આપે તે ઉત્તમ ગુરૂછે.

શીષ્ય—મુક્તી કેટલી પ્રકારનીછે.

ગુરૂ—ચાર, સાંયુજ્ય મુક્તી સામીપ્ય મુક્તી સારીષ્ટ મુક્તી સાલુકય મુકતી પરંતું આ ચાર મુક્તી કરતાં પાંચમી કેવળ મુક્તી ઉત્તમ છે એ એવી છે કે જેમ સેકેલુ અનાજ ફરી ઉગે નહી. તેમ આ સંસારનું દુઃખ ગયે ફરી ઉત્પન્ન થતું નથી.

શીષ્ય—મારૂ કામ શું.

ગુરૂ—જે શિષ્ય ગુરૂની ભક્તી ભાવથી સેવા કરે તે ઉત્તમછે સબબ ગુરૂ સેવા અધીકછે. ગોવીંદ કરતા ગુરૂ વધારે છે. કારણ કે ગુરૂ ચૈતન રૂપછે. અને તે દ્રષ્ટીફળના દાત્તા છે. અને ગોવીંદ આ સંસારમાં ફેરવેછે. અને અદ્રષ્ટ ફળના દાતા છે. જુઓકે તે ગોવીંદના બનાવેલ મનુષ્ય આ જગતમાં દુઃખી થઇ ભમેછે અને તેજ પુરૂષને ગુરૂ

કૃપાથી સ્વ સ્વરૂપનું જ્ઞાન કરાવી સ્વછંદ એટલે જગતથી મુક્ત કરી આપેછે. એવા હેતુથી ગોવીંદ કરતા ગુરૂ વધ્યા છે અને ગુરૂ ગીતામાં પારવતીને કહ્યું છે કે શીવનો રૂઠેલ સીસ્યને ગુરૂ બચાવેછે. પણ ગુરૂના રૂઠેલ શીષ્યને શીવ બચાવવા સમર્થ નથી.

દુહો.

ગુરૂ ગોવીંદ દોનું ખડે, કીસકું લાગુ પાય;
બલીહારી ઇશ ગુરૂપે, કે ગોવીંદ દીયો બતાય.

શીષ્ય—આ જગતનું સુખ કયાં સુધી. ?

ગુરૂ—જીવતા રહીએ ત્યાં સુધી, જેમ રોગી માણસ સુખના સ્વપ્નામાં બહુ સુખ ભોગવે છે. પણ સ્વપ્નું ગયા પછે, તેજ રોગી દેહ દુઃખથી હાય, હાય, કરેછે માટે આ સંસારમાં જન્મ મરણરૂપી રોગને સત્સંગ રૂપી જડી બુટીથી મટાડવો અને તેથી એવું સુખ ઉત્પન્ન થાય છે કે તે સુખ જતું નથી. જેમ નોળીઓ અને સર્પની લડાઇ થતી હોય ત્યાં સર્પે કદાચ નોળીયાને ડંખ મારે તો નોળીયો જંગલની જડી સુધી આવી ઝેર ઉતારી તૈયાર થાય છે. તેમ સંસાર રૂપી સર્પથી જીવરૂપી નોળીયો દરરોજ લડે છે. તેમાં વિષય વાસ્નારૂપી ઝેરનો જીવને દ્રઢ આગ્રહ થાય છે પરંતુ સંત આગળથી સત્સંગ રૂપી જડીના સમાગમથી વહેવાર રૂપી ઝેરને ઉતારીં તૈયાર થવું અને સંસારરૂપી મીથ્યા સર્પનો અંતઃલાવવો.

શીષ્ય—આ જગતમાં પરમાત્મા તરફ જાણે તો તે પુરૂષોનું કાંઇ નાંમ હુશે. ?

ગુરૂ—સાધવી મુમુક્ષ જીજ્ઞાસુ અધીકારી વીવેકી; આ સ્થુળ દેહના ભાવથી કહુંછું પણ જ્ઞાન થયા બાદ ઠરીને બેઠા તેના નાંમ સંત એટલે શીવનિષ્ટ અને જ્ઞાની એટલે બ્રહ્મનિષ્ટ.

શીષ્ય—સંત કોહોને કહેવા.

ગુરૂ—સિવ સ્વરૂપનો અનુભવ નીચેની પ્રકીરીયા પ્રમાણે જાણે તે સંત "સબ્દ રહીત, ત્રણ ગુણ રહીત; કામાદી છ વર્ગ રહીત; આકાસાદી પંચ ભુત રહીત; મન વીગેરે ઈગીયાર ઇદ્રીયો રહીત; સ્થુળ સુક્ષ્મ લીંગ દેહ રહીત; ચૌદલોક તથા ઇશ્વર ભાવ રહીત, તથા છત્રીશ તત્વથી અળગો છત્રીશ તત્વનાં નામ. પંચ મહાભુત, પંચ તન માત્રા; દશ ઇદ્રીયો; દશ વાયુ; પાંચ અંતઃકરણ એક પુરૂષ કુલમળી છત્રીશ અને સાડત્રીસમો શીવ આટલી પ્રકીરીયા જાણે તે સંત અને મનમાં એમ જાણેકે શ્વેતાદીવર્ણ રહીત. જે શીવ તે "હું" કાર્ય કારણ જે જે ભાંસેછે તે નહીં સબબ ગીતામાં કહ્યુંછે કે (દ્રષ્ટમં તદનષ્ટમં) નજરે પડે છે. એટલું તમામ નાસવંતછે. એવું સમજી દેખી નીશ્ચય કરે તે સંતછે"

શીષ્ય—સુખનો નાશ કેમ થાયછે—

ગુરૂ—દેહાધ્યાસ (હું અને મારૂ) એવો મોટો અભીમાંન થવાથી આ પદ્ધતીને પ્રાપ્ત થાય છે. બાહ્ય વિધ્યાની કેળવણી લીધે સુખનો અનુભવ

થાયછે. શાબ્બ સામાન્ય સુખનો અનુભવ સુસુ-પ્તીમાં સર્વને છે પણ વિષેશ સુખનો અનુભવ કેળવણી લીધે થાયછે.

શીષ્ય—મહારાજ મેં ઘણા લોકોના મોઢે એવું સાંભળ્યું છે કે શીવ ઉપાશીક વિષ્નુંની નીંદા કરેછે અને વિષ્નુ ઉપાસીક શીવની નીંદા કરે છે તેનું કારણ શું ?

ગુરૂ—ભાઇ જે નીંદેછે. તે ઘોર નર્કમાં પડવાનાં કારણ છે કેમકે શાસ્ત્ર વચનમાં પણ એમ કહ્યું છે કે, શીવ વિષ્નું ભકત છે. અને વિષ્નું શીવભકત છે. વિચાર કરી જોતાં એમ જણાય છે કે, શીવ વિષ્નુંને શી વસ્તુની તકરાર હશે ? કે આપણે તે વસ્તુને જાણ્યા વીના નીંદીએ, નકામા આપણે તેઓનો આસય જાણ્યા વિના ધર્મ વિરોદ્ધ કરવું એ દુરસ્ત નથી.

દાખલો. વેદમાં અગ્નિ હોત્રના બે કાળ કહ્યા છે, એકતો સુર્ય ઉદયથી પ્રથમ અને બીજો સુર્ય ઉદયની અંદર હવે એમા એવો પ્રભાવ છે કે અનઉદયમાં ઉદયની નીંદા અને ઉદયમાં અન-ઉદયની નીંદાછે. એવા કારણને લઇ પોત પોતાની પ્રસંસા વધારવા માટે શીવ, વાળાએં વિષ્નુંને નીંદાછે. અને વિષ્નુંવાળા એ શીવને નીંદાછે. ખરૂ જોતાં શીવ વિષ્નુંને કોઇ જાતની તકરાર હોય એ પ્રતક્ષ પ્રમાણ નથી માટે દઢ આગ્રહથી નીંદા કરનાર નર્ક વાશીછે.

શીષ્ય—ભકતના વર્ગ કેટલા ?

ગુરૂ—ત્રણ; ઉત્તમ, મધ્યમ, અધમ.

૧ ઉત્તમના લક્ષણ—જે પુરૂષ પોતાના ઇષ્ટને વિષે વ્યાપી જાણેછે તે ઉત્તમ ભકત છે.

૨ મધ્યમના લક્ષણ—જે પુરૂષ હરીજનની સેવા કરે અને તેમના સુભ વાકય ઉપર આસ્તા રાખે તે મધ્યમ ભકતછે.

૩ અધમના લક્ષણ—જે વૃતીમાં છે તેને પરમેશ્વર માને બાકી બીજા. મનુષ્ય રહ્યા તે જીવ રૂપ નિશ્ચય જાણે તે અધમ ભકૃત છે.

શીષ્ય—જે પુરૂષ ચારવેદ છ સાસ્ત્ર અઢાર પુરાણ જાણતો હોય તેનો મોક્ષ થાય?

ગુરૂ—ના, જ્યાંસુધી બ્રહ્મ વિદ્યયાની પ્રાપ્તી નથી થઈ ત્યાંસુધી બધુ વૃથાછે સર્વે શાસ્ત્ર ભણે પણ કેહેવા માત્ર કારણ અંતઃકરણમાં તે ઠરે નહીં એક પુરૂષ કદી સો વર્ષ સુધી જીવે અને વેદ શાસ્ત્ર ભણે પણ બ્રહ્મ જ્ઞાનના અનુભવ વિના તેનો પાર કદી પણ આવે નહીં જેમ વાકયનો અંત આવે નહીં તેમ શાસ્ત્રનો પણ અંત આવે નહીં.

શીષ્ય—મહારાજ હું વીદેહ મુક્તનથી થયો ત્યાં સુધી મારે સું કરવું. ?

ગુરૂ—પૃથ્વીના કાર્ય જે પદાર્થો તેમાં દ્રઢ આગ્રહથી પ્રીતી નહીં રાખવી પાપ નહીં કરવું દયા અને દીનતા રાખવી અને છેવટ ફુરસદ વખતે બ્રહ્મ વિદ્યાનો સત્સંગ કરવો.

શીષ્ય—મહારાજ હાલના જમાનામાં આ ભેદ વાદી ગુરૂઓ ભેદ રૂપી જ્ઞાન જણાવેછે તે હાલના નેવા ઉત્પેજ્ઞ થયેલ છેકે આગળથીજ છે.?

ગુરૂ—ભાઈ મુળ અજ્ઞાન દશામાંથી સમજીનેજ જ્ઞાન દશામાં જવાયછે એમાં એટલો ભેદ છેકે જે પુરૂષ વેદ શાસ્ત્ર ભણેછે પણ ગુરૂ પાસેથી પુરો અર્થ લેતા નથી થોડું ભણ્યા અર્થ આવડયો એટલે બસ, માટે વેદ યુક્ત અર્થ જે સબ્દમાં હોય તે ગ્રહણ કરવો.—

શીષ્ય—મહારાજ બહોરો તે કોણ ?

ગુરૂ—જેણે ગુરૂ વચન તથા શાસ્ત્રના વચન સાંભળી બીજે કાને કાઢી નાંખ્યા તથા ગુરૂ વાકયનો ખરેખરો અર્થ ન લીધો અને તે વચન નકામા એક કાંનેથી બીજે કાંને કાઢયા તે બેરોછે.

શીષ્ય—મુગો તે કોણ. ?

ગુરૂ—વેદ શાસ્ત્ર ભણે પણ જેવો જોઈએ તેવો મનની શંકા શમાધાનનો ખુલાસો નહીં આપે તે મુગા જેવો છે.

શીષ્ય—હું ઉપરનું બધું બરોબર સમજ્યો પણ મારો ખરો ધર્મ સું છે.?

ગુરૂ—અર્થનો અનર્થ નહીં કરવો અને અહિંસાજે છે તે બરોબર સાચવવી કારણકે અનર્થ જેવુ બીજું પાપ નથી અને અહિંસા જેવું બીજું પુણ્ય નથી જેમકે દેહજડ વસ્તુ છે(સ્થુળ)તેને બ્રહ્મ વિદ્યાથી ખોટીછેએમ ઠરેછે અને મરતીવખતેજેઆપણું સ્થુળ

જડ છે એમ સમજી વાસના રહીત અહમતા મમતા વિના ત્યાગ કરવો એનું નાંમ અ એટલે નહીં, અને હિંસા એટલે પાપ: (પાપ નહીં) એમ અર્થ થાયછે તેથી આત્મા હત્યા થતી નથી ને શાસ્ત્રમા અંતઃકરણ સુદ્ધ કરવાના જે સાધન કહ્યાછે તેણે જીવની હીંસા કરવી નહી એવા અર્થના ઉપદેશ ને પ્રતિપાદન કરેછે

અનર્થનો એવો અર્થ થાયછે કે અન વત્તા રથ અન એટલે અનાજ અને તે અનાજનું સુક્ષમ રસ જે. રજ તથા વિર્ય તેનુ બનેલુ (આસ્થુળ) તે સ્થુળ પુરૂષ લઈ ફરેછે અને જે કાંઈ કર્મ થાયછે તે મનના સંકલ્પવિકલ્પ વિના થતુ નથી હવેએ સુક્ષમ દેહમાંછે(મનોમયકોશમાં)અને સ્થુળ ક્રીઆ દેહથી થાયછે તેને સ્થુળ સંકલ્પ વિકલ્પ તેનું સાધન છે પરંતું સર્વ પુરૂષો એવા ભાવાર્થથી કર્મ કરતા નથી પણ હું સ્થુળ કર્મ કરૂછું એમ માની કરેછે જેથી તેની શમજણ એમ નથી થતી પણ કર્મનો પ્રધાન સુક્ષમ દેહછે અને તે સુક્ષમ દેહ (લીંગદેહ) બીજા જન્મમાં બીજુ સ્થુળ મેળવી તેનુ સુખ દુઃખ ભોગવેછે એમ સમજી જે પુરૂષ નિષકામ કર્મ કરે તેના જેવું બીજું "પુણ્ય" નથી માટે આ પુરૂષ કૃતવ્ય યાને મોક્ષ માર્ગમાં જે જુદા જુદા વિભાગ પાછળ તથા આગળના વાદી સીદ્ધાંતી ના સત્સંગ રૂપે સવાલ જવાબથી ખરો અર્થ જણાઈ આવસે.

પુરૂષ કૃતવ્ય સમાપ્ત.

अथ मोक्ष मार्ग

સત્સંગ રૂપી પુરૂષાર્થમાં જ્ઞાન બે પ્રકારનું છે એક પરોક્ષ જ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન તેમાં અપરોક્ષ જ્ઞાનનું નામ સાક્ષાત્કાર કેહેવાયછે ત્યાં પંચદશીનું પ્રમાણ એવું છેકે.

श्लोक.

अस्तिब्रह्मेतिचेद्वेदपरोक्षज्ञानमेवतत, ॥
अहंब्रह्मेतिचेद्वेदसाक्षात्कारसउच्यते. ॥१॥

અર્થ... બે પ્રકારના જ્ઞાનમાં બ્રહ્મ સત્ય રૂપછે એ રીતે બ્રહ્મને આત્માથી ભિન્ન રૂપ જાણે તે જ્ઞાનને પરોક્ષ જ્ઞાન કહીએ (પડદાવળું) અને જે નિર્વીકલ્પ બ્રહ્મ હું છું એમ અનુભવથી અભેદ રૂપ જે જાણે તેને સાક્ષાત્કાર કહેતાં અપરોક્ષ જ્ઞાન કહીયેછીયે. (પડદાવગંરનું)

બીજું યજુર વેદના ૧૯૭૪–૭૫ ના મંત્રથી અનુભવ કરતાં એકજ બ્રહ્મ હું છું એમ સિદ્ધ થાયછે.

मंत्र.

ॐहीरण्मयेनपात्रेणसत्यस्यापीतं ॥
मुखंयोसावादित्येपूषःशोसावहं ॥ ॐखंब्रह्मः ॥

અર્થ—એકજ ખંભ રૂપ બ્રહ્માંડમાં સાત તન માત્રા જેના મુખમાં છે. એવું જેનું સ્વરૂપછે. તે આપણાથી ભિન્ન નથી. એવા અર્થનો અનુભવ વાદી સિદ્ધાંતીના સ્વાલ જંવાબથી બરોબર વિચાર

કરનાર સુજ્ઞ પુરૂષ તથા સાર ગ્રાહી પોતાની બુદ્ધિમાં વીચારી નિશ્ચય કરશે તો સત્ય સું છે. તે તરી આવસે જેમ ચોમાસાનું ડોળું; પાંણી એક પાત્રમા લઇ કત્તકરેણું ફળનો ભુકો નાંખવાથી કત્તકરેણું પોતે તથા ગારાને લઈ તળીયે બેસે છે. અને મેલું જળ સુદ્ધ થાય છે. તેમ આ મીથ્યા માયા જુઠી ઠરી બ્રહ્મ એક સત્ય તરી આવે છે. માટે આગળનો વિષય બ્રહ્મ વિલાપ વાંચશો.

अथ श्री ब्रह्म विलास.

સર્વે મનુષ્ય પ્રાણીઓ આ બ્રહ્મવિલાસના ભાવાર્થની સાથે પોતાના સ્વસ્વરૂપની એકતાનો અનુભવ કરસેજ !

સત્સંગરૂપે વાદી તથા સીદ્ધાંતીના સ્વાલ જવાબ.

૧ સ્વાલ—આ સંસારમાં કર્મ ઉપાસના કરવા સારૂ (માળા) કરીછે તેમાં મણકાની ગણતરી ૧૦૮) એકસોને આઠ તથા એક, માળાનો મેરૂ મળી ૧૦૯) એકસો નવની ગણતરીનો નીયમ રાખ્યો છે તેનું સું કારણ ?-એક વધારે અગર ઓછા કેમ કર્યા નથી અને એટલોજ નીયમ સાકારણથી આવ્યો હશે? તેનો ઉત્તર આપશોં.

સિદ્ધાંતીનો જવાબ—ઘણા શાસ્ત્રીયો તથા પુરાણીઓનું કેહેવું. એમ થાય છેકે લોંમ રૂષીના વખ-

તમાં શ્રી રાંમચંદ્રજીએ એકસોને આઠવાર જન્મ ધારણ કરેલ છે, ને ઉપરથી તથા કેટલાકનું કહેવું એમ થાય છેકે ૧૬ તિથી, ૭ વાર, ૨૭ નક્ષતર, ૨૪ તત્વ ૪ વેદ ૩ ગુણ ૧૨ માસ ૮ પોહોર અને ૩ દેહ (૧ સ્થુળ ૨ સુક્ષમ ૩ કારણ) તથા ૩અભિમાની (વિશ્વ તેજ પ્રાજ્ઞ એક પ્રત્યક આત્મા એમ મળી એકસો નવ થાય છે. પણ મારા ધારવા પ્રમાણે સર્વથી શ્રેષ્ટ વેદની જે સંખ્યાછે તે ખરી છે. તેમાં એમ દરસાવ્યું છે.કે સૃષ્ટીનો અનાદી કાળનો પ્રવાહછે. પણ જ્યારે મ્હાહા પ્રલય થાય અને ઇશ્વર સંકલ્પથી ફરી સૃષ્ટી ઉત્પન્ન થાય ત્યારે મુળ બીજ રૂપ વિષ્ણું અને મથાળે ફળ રૂપ બ્રહ્મા ઉત્પન્ન થયા તેવારે બેઉનો સંવાદ થયોકે વિષ્ણુંનું કહેવું હતું કે હું શ્રેષ્ટ અને બ્રહ્માનું કહેવું એમ હતું કે હું શ્રેષ્ઠ આ બેઉની તકરાર વધતાં તે બેઉની સમાધાની શારૂ વચ્ચે. ૐ કારરૂપી પ્રણવની સંખ્યા ૧૦૮ વાર ઉત્પન થઈ તેમાં અકારરૂપ બ્રહ્મા, ઉકાર રૂપ વિષ્ણુ, અને મકાર રૂપ શંકર પોતાનું બેઉ વચ્ચે સ્વસ્વરૂપ દર્શાવી તેઓના અહંકારને શાંતિ કર્યો છે તે શમય ૧૦૮ પ્રણવની ધ્વની થઇ તેની સંખ્યા બાંધી માળા કરી છે. તે ઇશ્વર ભજન કરવાનું સાધનછે. તથા પ્રવરતી વાળા પુરૂષને પણ ઉપાસના નિમીત માળા છે. તે વેદની સંખ્યા સત્ય છે. પ્રત્યક્ષ દાખલો ૧૦૦ વર્ષ બ્રહ્માના તથા મનુષ્યનાંછે. કર્મથી વધું ઓછાં થાયછે. ૭ વાર તેમાં વધું ઓછા થતા

નથી, ૧ ઈશ્વર આ શીવાય બીજો કોઇ સત્ય સંકલ્પ નથી, ૧ માળાનો મેરૂ તે રૂપેં જે સર્વનું કારણ બ્રહ્મ છે તે, કુલ ૧૦૯ તેમાં સુત્રક આત્મા સુતરનો ધાગો છે. ઉપર બતાવેલ હકીકતમાં જે જે ગમે તે પ્રમાણે સત્યમાંની ઇશ્વર ભકતી કરવાની ખાસ આ સમશ્યા છે એમ સમજવું—કારણ શંકર પણ સ્મસાનમા માળાના સાધનથી સ્મરણ કરે છે.

૨ વાદીનો સ્વાલ—ઉપાસના કરનાર કોણ અને ઉપાસના કરવી કોની.

સિદ્ધાંતીનો જવાબ—ઉપાસના કરનારો અવિધા સહ ચૈતનનો આભાસ જીવછે અને વિદ્યા માયા સહ ચૈતનનો સાભાસ જે ઈશ્વર તેની ઉપાસના કરવી તેમાં સુદ્ધ સાભાસ માયાસહ (ઈશ્વર) ફળ આપેછે અને મલીન સત્વગુણી અવિધાસહ આભાસ (જીવ) ફળ લેછે.

૩ વાદીનો સ્વાલ—આ જગતનો કર્તા કોણ, ?

સિદ્ધાંતીનોજવાબ—આ જગતનો કર્તા ઇશ્વર છે ને ઇશ્વરનું સ્વરૂપ સુદ્ધ સત્વ ગુણ સહીત માયા તથા માયાનું આધિષ્ટાંન ચેતન અને માયામાં આભાસ એ ત્રણ મળીને ઇશ્વરનું સ્વરૂપછે તે ઈશ્વર સર્વજ્ઞછે એ જગતનો હેતુ એટલે કારણ છે અને વ્યષ્ટી (એક સરીરનો કર્તા) અવિધયા કૃત પોતાનું કર્મછે અને તેની સંધી મેળવી આપનાર

વિધાત્રા છે ફક્ત ઈશ્વર જગતની ઉત્પતી પાલન અને નાસનો હેતુ છે.

૪ વાદીનો સ્વાલ-જ્ઞાન અને ધ્યાનમાં સોભેદ.

સિદ્ધાંતીનો જવાબ—જ્ઞાન તો પ્રમાણ અને પ્રમેયને આધિન છે વિધી અને પુરૂષની ઇચ્છાને આધિન નથી અને ધ્યાન શાસ્ત્રની આજ્ઞા અને પુરૂષની ઈચ્છા અને વિસાસ તથા હુઠને આધીન છે જેમ પ્રતક્ષ જ્ઞાનમાં પ્રમાણ જે નેત્ર અને પ્રમય જે ચંદ્રમાં તેનો સંબધ થએથી પુરૂષની ઇચ્છા વિનાં પણ ચંદ્રનું પ્રતક્ષ જ્ઞાન થાયછે અને સાળીગ્રામ વીષ્ણું રૂપ જે ધ્યાન કરે ત્યાં શાસ્ત્ર પ્રમાણથી તો વિષ્ણુ ને ચતુર ભૂજ મુર્તિ સંખ ચક્ર ગદા પદ્મ લક્ષ્મી સહીત જાણે છે અને નેત્ર પ્રમાણથી સાલીગ્રામને (સીલા) જાણેછે એવું ધ્યાન થાયછે એવાં અનેક રીતે ધ્યાન થાયછે તેને પ્રતીક ધ્યાન કહેછે વિધી વીશ્વાસ અને ઇચ્છા વીના ધ્યાન થાય નહીં (અંતઃકરણની કાંમના રૂપ રજો ગુણની વૃતી તેને ઇચ્છા કહીએ છીએ) એ ત્રણ ધ્યાનનો હેતુછે અને નેત્ર પ્રમાણ તથા ચંદ્ર પ્રમય તે પ્રતક્ષ જ્ઞાનના હેતુછે ધ્યાન હુઠથી થાયછે અને જ્ઞાનમાં હુઠની અપેક્ષા નથી માટે જ્ઞાનમાં પ્રતક્ષ પ્રમાણછે અને ધ્યાનમાં વિશ્વાસ વિધી અને ઇચ્છા તથા હુઠની જરૂરછે એટલો ભેદ છે,

૫ વાદીનો સ્વાલ—હું કોણ ક્યાંથી આવ્યો

ક્યાં જઇસ.

સિદ્ધાંતીનો જવાબ—હું સુદ્ધ પુરૂષછું મારામાં ત્રણે કાળમાં આવરણ નથી કારણ કોઈ એમં કહેતું નથી કે હું નથી જાગ્રતમાંછું સ્વપ્નામાં છું અને સુસુપ્તીમાં પણ છું ત્રણે કાળમાં રહી સર્વેનુ વ્રતાંત કહી બતાવુંછું માટે વાદીના સ્વાલ ૧૫ મા દરસાવ્યા પ્રમાણે પુરૂસહ રહેનાર હું સુદ્ધ આત્મા છું.—

ક્યાંથી આવ્યો તે વીશે. હું સુદ્ધ આત્મા છું તેનું અંતઃકરણમાં "સામાન્ય ચૈતનું સ્વભાવિક આભાસ પડવાથી વિસિષ્ટ રૂપે વિશેશ રૂપ છું જેમ આકાશની અંદર ઘટ આકાશ નામ અને જળને આણવા રૂપ જે કાર્ય પ્રતીત થાય છે તે ઘટ રૂપ ઉપાધીની દ્રષ્ટીથી પ્રતીત થાયછે ઘટ રૂપ ઉપાધીની દ્રષ્ટી વિના ઘટાકાસ નામ અને જળને આણવા રૂપ પૃથ્વીકાર્ય ઘટપ્રતિત થાય નહીં એટલુંજ નહીં પણ આકાશ માત્રજ પ્રતીત થાય છે તે આકાશ મહા આકાશ રૂપછે તેવીજ રીતે ચૈતન્ય વિષે સાક્ષી નામ અને ધર્મ સહીત અંતઃકરણનો પ્રકાશ કરવો તે રૂપ કાર્ય અંતઃકરણ રૂપ ઉપાધીની દ્રષ્ટીથી પ્રતીત થાઉછું અંતઃકરણ ઉપાધાની દ્રષ્ટી વીના સાક્ષી નાંમ અને ધર્મ સહીત અંતઃકારણના પ્રકાસ રૂપ શાક્ષ્ય પ્રતીત થાઉ નહીં એટલે ચૈતન્ય માત્ર બ્રહ્મજ પ્રતીત થાઉછું વાસ્તે અંતઃકરણની ઉપાધી ગયે ક્યાંયથી આવ્યો નથી તેમજ

ક્યાંય જાઇસ પણ નહીં અંતઃકરણના કારણનું જ્ઞાન થએ ચૈતયને ક્યાંય જવા આવવા પણું નથી

ક્યા જાઇશ તે વીશે—જે પુરૂષને સ્વરૂપનું જ્ઞાન નથી તેને પ્રવૃતીની ઇચ્છા લઈ તૃષ્ણાને વસ પડી અઘાત પ્રત્યાઘાતનો નીયમ લાગુ પડવાથી ફક્ત વાસના લઇને ભ્રમણા થવાથી તેઓને અનિર્વચની માયામાં ઇશ્વરનીયંતાની છાયામાં સ્વર્ગ નર્ક ગમન આગમન કર્મથી થાયછે ફકત અંતઃકરણની ઉપાધી ને લઈ જવા આવવા પણું છે શુદ્ધ આત્માને જવાપણું નથી જેમ દસ કુંડામાં જળ ભર્યું હોય તે કુંડાસહ જળમાં ઉપરના ચંદ્રમાંનું પ્રતિબિંબ હોય તેમાં જ્યાં સુધી કુંડાની ઉપાધી ગઈ નથી ત્યાં સુધી તે જળમાંથી પ્રતિબિંબને જવાપણું નથી. તેમ આ દેહ રૂપી કુંડનો અધ્યાસ ગયો નથી. ત્યાં સુધી દેહ રૂપી કુડાને લઈ અંતઃકરણ માં આભાસસહ મને જન્મ મરણને વસ થવાયછે. કારણદેહનું ×યથાર્થ જ્ઞાન થયે બાધ થાય છે તેમાં અંતઃકરણરૂપી જળનું વીશેશણ નહી હોવાથી પ્રતીબિંબ ત્યાંજ લય પામે છે જેમ દીવાનુ તેજ તૈલ તથા ઘી થઇ રહે તો ત્યાંજ વિલીન થાય છે તેમ સર્વ વ્યાપક આત્માનો અંતઃકરણમાં જે આભાસ તે અભાસને વિસીષ્ટ કહે છે. અને કર્ત્તા ભોકતા અંતઃકરણને

× યથાર્થ જ્ઞાન એટલે પ્રમાણ જે નેત્ર. પ્રમાતા જે વક્તા. અને પ્રમેય જે વસ્તુ. એત્રીપુટીથી થયેલું જે જ્ઞાન તે.

બ્રહ્મને પોતામાં માંનેછે. પણ ગુરૂદ્વારા વિસેશ્ય તથા વીસેસણનું જ્ઞાન થયે વિસીષ્ટને ઉપાધી માત્ર છે, જેમ પોતાના ખુદ મુખનું પ્રતિબિંબ આરીસામાં પડેછે. અને તે વીસીષ્ટ પ્રતિબીંબ સહ આરીસાને (આયને) મેલી દેતાં પોતાનો ગ્રીવાસ્થ મુખને બાદ કરતા નથી. તેમ સર્વ વ્યાપક આત્માનો અંતઃકરણમાં સ્વભાવીક પ્રતીબિંબ પડવાથી અંતઃકરણનું જ્ઞાન થયે આત્મા નિરવીકાર છે. માટે જવાપણું નથી.

૬ વાદીનો સ્વાલ—બ્રહ્મ અને આત્મામાં સોભેદ.

સિદ્ધાંતીનો જવાબ—બ્રહ્મ સર્વ વ્યાપક છે. સર્વજ્ઞ છે. અને આત્મા અંતઃકરણ ઉપાધી લઇ જીવ સાક્ષી અવિછીન છે, બ્રહ્મ તે સુદ્ધ સત્વગુણી માયામાં જે આભાસ તથા તેનું અધીષ્ટાંન ચેતન જે ઇશ્વર તેનો સાક્ષીછે. અને આત્મા અવીદ્યા તથા તેમાં આભાસ અને તેનું અધીષ્ટાંન ચૈતન જીવ તેનો સાક્ષી છે. પણ સ્વસ્વરૂપનું જ્ઞાન થએ બેઉ સમ-રૂપ થાયછે. ફક્ત અવિદ્યા માયા તથા વિદ્યામાયા બેઉની ઉપાધી ભેદથી આત્મા જીવ સાક્ષી છે. અને બ્રહ્મ ઈશ્વર સાક્ષીછે.

૭ વાદીનો સ્વાલ—ઇશ્વરમાં આવરણ છે?

સિદ્ધાંતીનો જવાબ—ઇશ્વરમાં આવરણ નથી જીવને અવિદ્યા મલીન સત્વગુણની ઉપાધીથી આવરણ છે. અને ઈશ્વરને સુદ્ધ સત્વગુણી માયા તે માયા કાચના ઘર જેવી હોવાથી પાર-દર્શક છે જીવની ઉપાધી અવિદ્યા માટીના

ફુછા જેવી છે તેનો બાધ થએ ઈશ્વરમાં આવરણ સંભવતું નથી. આચાર્ય તરફથી અવિદ્યાની કેળવણી ઓછી હોવાથી જુદાપણું જણાયછે. કારણ વાકય વૃતી અને ઉપદેસ સહુસ્ત્રીમાં ભાસ્ય કારે આભાસ વાદજ લખ્યો છે. તેની રીતી એવી છે કે, માયા અને માયામાં આભાસ અને તેનું અધિષ્ટાંન જે ચૈતન તે સર્વ જ્ઞાતાદીક ધર્મ સહીત ઈશ્વરછે. અને વ્યષ્ટી (એકનું શરીર) અવિદ્યા તેમાં આભાસ અને તેનું અધીષ્ટાંન ચૈતન તે અલ્પ શક્તી „અલ્પજ્ઞતાદીક ધર્મ સહીત જીવછે. માટે જીવનું અવિદ્યાનું આવરણ ગએ ઇશ્વરમાં આવરણ સંભવતું નથી. જીવ ઇશ્વરનો ભેદ ઉપાધીના વિશેષણથી છે.

૮ વાદીનો સ્વાલ—મોક્ષનો અર્થ કારણ સહીત જગતની નીવૃતી અને પરમાનંદની પ્રપ્તી છે. તે મોક્ષ પંથ કોઇ ચાહતું નથી. પરંતુ આ સંસારમાં ત્રણ પ્રકારના દુઃખ જે નીચે દરસાવ્યાં, તેની નીવ્રતી ચાહેછે જેવાકે.

અધ્યાત્મ„ અધીભુત. અધીદૈવ.

મતલબમાં—રોગ ક્ષુધા ત્રષા ચોર વાઘ સર્પ યક્ષ રાક્ષસ પ્રેત ગ્રહાદીક ટાઢું અને ઉનું તથા વાયું સદરહુ દુઃખ પોતાના સાધનથી. દુર થાય છે. જેવાંકે રોગ દવાથી મટે છે. ભુખ ખાવાથી મટેછે. તરસ પાંણી પીવાથી મટેછે. વાઘ અગ્નીથી દુર રહેછે. સર્પ મંત્રથી યક્ષ બલીદાંનથી વીગેરે

એઓના સાધનથી મરેછે. માટે મોક્ષ પંથ કોઈ ચાહાતું નથી.

સિદ્ધાતીનો જવાબ—સદરહું ઉપર બતાવેલું" દુઃખ પોત પોતાના સાધનથી નીરમુળ થાય છે. એવાત ખરી પણ અતંત્યત દુઃખ જઈ સુખ થતું નથી. માટે આવા કાચા ઉપાય કે જેથી. ફરી દુઃખ ઉત્પતી થવા ભે રહે છે. કોઇ પુરૂપ એમ નહી કહે કે મારૂં ગએલું દુઃખ ફરી થાઓ; પણ આ દુઃખતો ફરી થાયછે. માટે દુઃખનો નાશ થઇ અત્યંત સુખની પ્રાપ્તી એ દેહ સહીત જગતની નિવ્રતી વિના થતી નથી. જેમ રોગનું અને સર્વ પ્રપંચનું સાધન આ સ્થુળ દેહછે, એ વાર્તા છાન્દોગ્ય ઉપનિષદના સંપ્તમ પ્રપાઠકમાં ભૂમ વિદ્યા વીશે પ્રસીદ્ધ છે કે અજ્ઞાન અને તેનું કાર્ય બ્રહ્મથી ભીન છે, માટે દુઃખનું સાધનછે. વાસ્તે સુલભ રીતે જ્ઞાન સંપાદન કરી સદરહું દેહ દુઃખનું સાધનછે, તેનો જ્ઞાનથી બાધ કરવો કે જેથી ફરી દેહ ઉત્પન્ન થાય નહીં અને તેના અંગીભુત દુઃખ પણ મળે નહી. માટે સર્વે પુરૂપો કારણ સહીત જગતની નીવ્રતીની માગણી કરે છે.

૯ વાદીનો સ્વાલ—પરમાનંદની પ્રાપ્તીનો કોઇ પંથ ચાહાતું નથી. એ વાત મનાય એવી નથી કારણ પતક્ષ છે નહી.

સિદ્ધાંતીનો જવાબ—જે પરમાનંદ ધામ "સુખ" તે સુખ સર્વને જોઇએ છીએ અને

તેનો અનુભવ સુસુપ્તીમાં પ્રતક્ષ થાયછે. માટે તે પંથની ચાહના સર્વ કરે છે. તે નીરવીવાદછે. બ્રહ્મ વસ્તુ પરદેસની નથી. પોતાના સ્વરૂપની છે જો દેહ બાહાર સુખ હોયતો દેહની અંદર અનુભવ થવો જોઇએ નહી માટે અધીકારી સંભવેછે. અને પરમાનંદની પ્રાપ્તી પણ ચાહેછે.

(અતિ આનંદ) ચાહેછે.

૧૦ વાદીનો સ્વાલ-ઉપલા અધીકારીનો અભાવ નીચે પ્રમાણે નીવેદન કરૂછું સર્વ પુરૂપ વિષય (સ્ત્રી ધન પુત્ર) વીગેરેની ચાહના કરેછે. તપસ્વી લોકો સર્વ વિષયનો ત્યાગ કરી તપ કરી અત્યંત દુઃખ ભોગવે છે. તે પણ સ્વર્ગ વગેરે સુખની ઇચ્છાને લીધે ઉપરના કલેશ ભોગવેછે. આ ઉપરથી એમ જણાયછેકે સર્વ પુરૂપ આ લોક તથા પરલોકની ચાહનાને લીધે કર્મ કરે છે પણ તે વિષય સુખ "મોક્ષ વીસે" નથી માટે તે પંથ કોઇ ચાહાતું નથી એટલા માટે સાધન સંતુષ્ટ સહીત અધીકારીનો અભાવ હોવાથી શાસ્ત્રનો આરંભ નિશફળછે

સિદ્ધાંતીનો જવાબ—અધીકારી તથા અન અધીકારી સર્વ પુરૂપને પોતાના આત્માનું જ્ઞાન હોય છે પણ હું નથી, એમ કોઇ પુરૂપ કહેતું નથી. જુવોકે સ્વયંમ પ્રકાસ આત્માનું ભાંન ન હોય તો અવિદ્યા જે તમરૂપ તેનો પ્રકાશ સ્વપ્નમાં થાય નહિ, માટે બ્રહ્મ સ્વરૂપ જે સુદ્ધ ચૈતનનું સર્વને ભાંન છે. અને તેસુખ

પોતા પાસેજછે બીજા જે વિષય સુખની ચાહના કરેછે તે હઠ માત્રછે. " કારણ સર્વે સુખ " માત્ર ચાહે છે તે સુખ વિષય જન્ય ચાહના હોતતો સુસુપ્તીમાં સુખની ઈચ્છા ના થવી જોઇએ ત્યાં વિષય જન્ય સુખ નથી. માટે કેવળ સુખની ચાહના સર્વે કરે છે. ફકત " અસંભાવના વિપરીત ભાવનાની " નિવૃત કરવા વિદ્યાની કેળવણી નહી હોવાથી શાસ્ત્રશ્રવણ કરવાની જરૂર પડે છે. શબળ અજ્ઞાન સહીત આભાસ અને અંતઃકરણ સહીત સાભાસ સેળભેળ છે. તેના ભાગ ત્યાગની ગુરૂપાસે ભલીરીતે કેળવણી લેવાય અને વેદ શાસ્ત્રથી નિશ્ચય થાય તોજ અવિદ્યા સહીત જગતની નીવ્રતી થસે અને અંતઃકરણના સાભાસથી પરમાનંદની,પ્રપ્તી પણ થશે એવું અનુભવી જ્ઞાની પુરવજો તથા હાલના સંતોને પ્રતક્ષ છે જેવાકે શ્રી રાંમચંદ્રજી જનક વિદેહી વસીષ્ટ વીગેરેના પ્રમાણ શાસ્ત્રો પ્રતક્ષછે. માટે શાસ્ત્રનો શ્રવણાદીક આરંભ સ્વસ્વરૂપના નિશ્ચયમાં સફળછે.

૧૧ વાદીનો સ્વાલ—જીવ બ્રહ્મની એકતા વેદ વીષે કહી છે. તે સંભવતી નથી કારણ બ્રહ્મતો ૧ અવિદ્યા ૨ ઝીણા રાગના સંસકાર ૩ પ્રીતી ૪ દ્વેષ અને ૫ દ્રઢ આગ્રહ એ પંચ કલેશ રહીતછે વીભુ એટલે વ્યાપક છે. એક એટલે સજાતી ભેદ રહીત છે. (એટલે બ્રહ્મ જેવું બીજુ બ્રહ્મ છે નહી અને જીવ વિષે સર્વે કલેસછે જીવ અવ્યાપક નાના છે. જેટલાં શરીરછે તેટલાંછે. માટે સર્વ શરીર

વીસે એક હોયતો એક શરીરમાં સુખ અથવા દુઃખ થવાથી સર્વને સુખ દુઃખ થતું જોઇએ જાણી તમારૂ કેવું એમ થતું હશેકે સુખ દુઃખથી આદી લઇને અંતઃકરણના ધર્મ છે. અને તે અંતઃકરણ નાના છે. માટે એકથી સર્વ સુખી દુઃખી થતા નથી. અને સાક્ષી સુખ દુઃખથી રહીત છે. એક છે અને સર્વ કલેશ રહીત છે. તો તે સાક્ષી બ્રહ્મની સાથે એકતા બનેછે. એવાત બંને નહીં કારણ કર્તા ભોગતા જીવછે. તેનાથી જુદો સાક્ષી વિદ્યા પુત્ર સમાંતછે. તેમ કરતા કદી સાક્ષી અંગીકાર કરીએ તો પછી તે એક રહે નહી નાના સાક્ષી માંનવા જોઇએ. અને વેદાંતનો સીદ્ધાંત એવો છેકે; જેને અંતઃકરણ અને અંતઃકરણના ધર્મનું ભાંનછે એવોજે સાક્ષી તે એકછે. તો પછી ઉપર નાના સાક્ષી અંગીકાર કર્યાછે. તેમ સર્વનો સાક્ષી સુખ દુઃખનું ભાંન કરી આપેછે. માટે તેમ થતું નથી જેથી સાક્ષી નાનાછે. જ્યારે સાક્ષી નાનાછે એમ અંગીકાર કરસો તો કોઇ દોશ આવતો નથી કેમકે જેના સાક્ષીની ઉપાધી જે અંતઃકરણ છે. તેના તે સાક્ષીથી પ્રોત પોતાની ઉપાધી રૂપ અંતઃકરણના ધર્મનું ભાંન થાયછે. એટલે પોતાથી બીજા સર્વના સુખ દુઃખનું ભાંન તેનાથી થતું નથી. વાસ્તે નાના સાક્ષી સીદ્ધ થાયછે. એવા જે ઘણા સાક્ષીની એક બ્રહ્મ સાથે એકતા બને નહી. એમ છતો વેદ વિષે જીવ બ્રહ્મની એકતા પ્રતિ પાદન કરી છે તે સંભવતી નથી.

સિદ્ધાંતીનો જવાબ—વેદાંતનો સીદ્ધાંત એવો છે કે કર્તા ભોકતા અંતઃકરણ છે. તે અંતઃકરણ નાનાછે. તે વ્યાપક તથા અણું નથી. પરંતું શરીરના સમાનતે અંતઃકરણનું પરીણામ છે. (દીપકના પ્રકાશની પેઠે) મોટા શરીરને પ્રાપ્ત થાય ત્યારે વિકાશ થાય છે. અને ન્હુન્યા શરીરમાં શંકોચ્ય થાયછે. એ વાર્તા શંકરાચાર્ય કૃત સિદ્ધાંત બિંદુના વાખ્યાનમાં મધુંસુદન સ્વામીએ પ્રતિપાદન કરી છે. માટે અંતઃકરણ વ્યાપક અને અણું નથી. કિન્તું શરીરના સમાનછે. વાસ્તે અણું અને વ્યાપકથી વિલક્ષણ છે. તેને મધ્યમ પરીમાંણ કહેછે. માટે એક સ્થુળમાં અંતઃકરણની સુખ દુઃખ વ્રતીને ચેતન પ્રકાશી આપેછે. તેમાં સાક્ષીને કોઈ તરેનો બાદ આવતો નથી. જેમ કાંનના ગોલકમાં રહેલ આકાશ શબ્દના અર્થને તથા શબ્દને જણાવેછે. પણ બાહારનું આકાશ તે કાંનના ગોલકના વીસેસણ શીવાય નિરવિકાર છે. તેમ અંતઃકરણમાં પડેલ ચૈતનનો આભાશ જે વિસિષ્ટ તે પ્રકાશી આપેછે. પણ સામાન્ય ચૈતનને વિકાર લાગતો નથી.

પ્રવ્રતીવાલા પુરૂષ કર્મ તથા હઠ યોગ કરી સ્વરૂપને મેળવેછે તે કર્મ કાચા છે. અને કર્મની કેળવણી આપનાર ગુરૂછે. તેઓને વેદમાં પ્રવ્રતી વાળાને કર્મ પ્રતિપાદન કર્યાછે તે, બ્રહ્મ સુખના અનુભવ સિવાયની પ્રવ્રતીછે. માટે જે પુરૂષ

વિષયરૂપ કર્મ કરી વિષયને મેળવી સુખમાંને તે વિષય આખરે મીથ્યા છે. અને સાધન ચતુષ્ટ સહીત અધીકારીનો અભાવ છે. પણ જે પુરૂષ ઉત્તમ અધીકારીછે. તે "વિષય સુખ" નાસવાંન માંની પોતાનું ખુદ સ્વરૂપ સુખછે. એવું અનુભવ કરી લક્ષાર્થ રૂપે ગુરૂપાસે ભલી રીતે કેળવણી લેછે. તો તે આરંભ સફળ થાયછે.

તતપદ ત્વંપદ અને અસીપદની એકતા વેદ વિષે કહીછે તે સત્યછે (તતપંદ ઇશ્વર ત્વંપદ જીવ અને અશીપદ બ્રહ્મ)-માટે જે પુરૂષને અંતઃકરણનું જેવું જોઇએ. એવું જ્ઞાન ગુરૂ દ્વારાથી યથાર્થ પ્રાપ્ત થયુંછે. તેને જીવ બ્રહ્મની એકતા વેદમાં કહી છે તે સફળ છે.—

જે પુરૂષને જીવ બ્રહ્મની ભીનંતા માલુંમ પડેછે. તેનું કારણ એમછે કે. અજ્ઞાનીના જીવની ઉપાધી મલીન સત્વ ગુણવાલી છે તે અવિદ્યાનો બ્રહ્મ વિદ્યાથી ભંગ થયે તે જીવ બ્રહ્મરૂપ થાયછે. જેમ અંદરનું ઘટ આકાશ અને બહારનુ મહા આકાશ બેઉમાં ઘટ ઉપાધી છે. ઘટ (વિસેસણ) ફુટે અંદરનું વિસીષ્ટ અને બહારનું વિષેષ્ય આકાશ એક રૂપ છે. તેમ સર્વના અંતઃકરણમાં પડેલ ચૈતનનો સાભાસની લક્ષાર્થ કેળવણી લીધે પોતાના સ્વરૂપનું પુરૂષને અભીમાન થઈ એકતાનો " ભાવ " થાય છે અને તે જીવન મુકતછે. માટે જે વ્રતીને અવિદ્યાનું આવરણ છે તે જીવ કલેશ માને છે. અને જેને

અંતઃકરણ નીવ્રતીનું વિષેશણ છે. તેને આત્મ સુખનું અનુભવ પ્રતક્ષ છે. આ બે વૃતીયોમાં એટલું સમજવાનું કે ચૈતનના આભાસ સહું અવિદ્યાની વૃતી બાહારના પદાર્થોને આલંબન કરનારી છે. અને સાભાસઃ સહુ અંતઃકરણની વ્રતી અંતર આત્માને આલંબન કરનારીછે જેમ એકજ દેહમાં નીંદ્રા દોસથી સ્વપ્નામાં અવિદ્યા માયા અનેક પદાર્થો પોતાથી ઉત્પન કરેછે અને અંતઃકરણની વ્રતી તેને પ્રકાશી આપેછે તે બેઉમાં જ્ઞાનરૂપ આત્મા સાક્ષીછે તે સાક્ષી એકછે કારણ તમો ગુણરૂપી અવિદ્યા અને સત્વ ગુણરૂપી અંતકરણ તે બેઉમાં આભાસ એક આત્મા સાક્ષીનોછે. તેવા એક સાક્ષીની જ્ઞાનરૂપ બ્રહ્મ સાથે એકતા વેદમાં બતાવીછે તે સત્યછે. જુવોકે એકજ અવિદ્યામાં ચૈતન્યનો આભાસ સ્વપ્નના વિષયનો અનુભવ કરે છે. અને અતંઃકરણમાં સાભાસ સ્વપ્નાના વિષય તે જ્ઞાન રૂપે પ્રકાસે છે. અને સુસુપ્તીમાં પોતાના સ્વરૂપમાં એકતા પામી તેજ સ્વરૂપની બાબત જે " સુખ " જાગ્રતમાં કહી બતાવેછે. વાસ્તે એકજ દેહમાં ઉપાધી ભેદથી ભીન ભીન ક્રીઆ થાયછે. પણ સાક્ષીમાં કોઇ તરેહનો ભેદ નથી. માટે તેવા એક સાક્ષીની બ્રહ્મ સાથે એકતા થાયછે.

૧૨ વાદીનો સ્વાલ—અહંકાથી આદી લઇને જે અનાત્મ વસ્તુ છે તેને બંધ કહીએ છીએ

ને બંધ "અધ્યાસ" રૂપ હોયતો જ્ઞાનથી નીવૃતી થાય પણ અધ્યાસ રૂપ ન હોયતો જ્ઞાનથી નીવૃતી થાય નહી કેમકે જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જે વસ્તુનું જ્ઞાન થાય તે વસ્તુ વીસે અધ્યાસ અને અજ્ઞાન એ બેઉ ને જ્ઞાન દુર કરે છે જેમ રજ્જુનું જ્ઞાન રજ્જુ વિષે સર્પ અધ્યાસને અને રજ્જુના અજ્ઞાનને બેઉને દુર કરેછે તેમ જેના વીસે જે વસ્તુ મીથ્યા નથી પણ સત્ય છે. તેની જ્ઞાનથી નિવૃતી થતી નથી ઉપરના પ્રશ્નનું વિવેચન જો આત્મા વિષે કહેસો તો જ્ઞાનથી નિવ્રતી થાય પણ તે આત્મા વિષે મિથ્યા બંધની સામગ્રી છે નહીં અને બંધ પ્રતીત થાયછે. માટે બંદ્ધ સત્યછે તે સત્ય બંધની નીવૃતી જ્ઞાનથી થવી નિસફળછે.

સિદ્ધાંતીનો જવાબ—અનાત્મ વસ્તુ જે છે તે અધ્યાસ રૂપ છે માટે જ્ઞાનથી નીવ્રતી થાય છે. બ્રહ્મજ્ઞાન ભલી રીતે જે ગુરૂ પાસેથી મલેછે તેમાં આ દેહ અને દેહને લઈ ફરનાર વાસના લીંગ જેને પ્રધાનરૂપ પ્રાણ સહ બુદ્ધી મન તથા અંતઃકરણ કહીએ છીએ તે અંતઃકરણના મુળ કારણનું જ્ઞાન થએ આ સર્વ અધ્યાસ નાબુદ થાયછે જેમ રજ્જુનું જ્ઞાન રજ્જુ વિષે સર્પ અધ્યાસને અને રજ્જુને નીવૃત કરેછે. તેમ દેહનું અને અંતઃકરણ તથા પ્રાણ બુદ્ધિ મન એ સર્વેનુ પ્રથક પ્રથક જ્ઞાન થએ બ્રહ્માંડમાં આ સર્વ વિલીન થાય છે. આ બંદ્ધ અંતઃકરણનું જે કારણ સુદ્ધ સત્વગુણ તેના

અજ્ઞાનને લઇને થાયછે. માટે અંતઃકરણનું ભલી રીતે લક્ષાર્થ જ્ઞાન થયે આત્મામાં મીથ્યા બંધની સામગ્રી છે નહી. કારણ ઘાડ નિદ્રામાં કાંઈ પણ અધ્યાસ રૂપ ઉપાધી આત્મામાં દેખાતી નથી. તેથી જ્ઞાન સફળ છે.

" ૧૪ વાદીનો સ્વાલ—વળી અધીષ્ટાંનના વીસીષ્ટ રૂપનું અજ્ઞાન બને નહીં બ્રહ્મ વીસે અધ્યાસ આરોપણ કરસોતો બ્રહ્મ સ્વયંમ પ્રકાશ છે. અને બંધ (તમરૂપ) અધ્યાસરૂપ છે. માટે અંધારાને અને અજવાળાને પરસપર વિરૂદ્ધછે. ચૈતન પ્રકાશ રૂપ છે. અને અજ્ઞાન અંધાર રૂપછે માટે વિરોધ આવશે કદી અધીષ્ટાંનનું અજ્ઞાન અંગીકાર કરો તો બંધનો અધ્યાસ બને નહી કેમકે અત્યત અજ્ઞાન વિષે તથા અત્યંત જ્ઞાન વિષે અધ્યાસ થતો નથી. વિપેશ રૂપ અજ્ઞાત અને સામાન રૂપથી જ્ઞાત હોય ત્યાં અધ્યાસ બને છે. પણ બ્રહ્મ સામાન વીપેસ ભાવરહીતછે. નિરવિપેશછે એવો વેદનો શીદ્ધાંતછે કદી અધ્યાસાના લોભથી સામાન વિશુશભાવ અંગીકાર કરસો તો વેદનો ત્યાગ થશે એમ છે તો બ્રહ્મ વિષે અધ્યાસ બને નહી. કિન્તુ જે અનાત્મ વસ્તુ બંધછે તે સત્યછે. તે સત્ય બંધના જ્ઞાનથી નીવૃતીનો અસંભવ છે. માટે જ્ઞાનથી મોક્ષનો સ્થાપન કરનાર જે સીદ્ધાંત છે. તે સમીચીન નથી વાસ્તે કર્મથી મોક્ષ થાયછે.

સિદ્ધાંતીનો જવાબ—સર્વની ઉતપ્તી સત્વગુણ

પ્રધાન જે અંતઃકરણ તેમાં આત્માનું સાભાસ પડવાથી થઈ છે માટે સર્વના અંતઃકરણમાં આવેલ સાભાસા (અવિછીન અધીષ્ટાંન)જે આત્મા તે મને ત્રણ કાળમાં સદા પ્રકાસેછે માટ મારૂ જે વિસીષ્ટ સ્વરૂપછે તે મને અજ્ઞાત નથી કેળવણી થોડી તેથી જાણુંછું થોડું પણ હું ખુદ સ્વરૂપ અજ્ઞાન નથી હું જાગ્રત સ્વપ્ન સુસુપ્તી ત્રણે કાળમાંછું કારણ તે બ્રહ્મ વીસે બીજો કોઈપણ દ્વારા આરોપણ થતો નથી પોતે સ્વયંમ પ્રકાસછે અને વિસીષ્ટને સ્થુળના સબંધથી અંધારૂ થયુંછે જેમકે મેરૂના આડથી સુર્ય વિના પૃથ્વીપર અંધકારછે તથા ઘર બાંધવાથી અંદર અંધકાર સ્વભાવીકછે અને સર્વ પ્રાંણીને નિદ્રાનાં આરોપણથી સ્વપ્ન સ્વભાવીક મીથ્યાછે તેમ આ સર્વની "મુળ" અનિર્વચની માયા છે માટે વિરોદ્ધ આવે તેમ નથી વિસેસણ લઈને નામ બદલાયુંછે જેમ ડ્રેસ (ઝબો) પેરીને બાલીષ્ટર ગવરનર જડજ મુનસિફ તથા પોલીસ સીપાઈ વીગેરે ડ્રેસના વીસેસણથી નાંમ બદલાયાછે પણ ડ્રેસ આરોપણ કરનાર સર્વ પુરૂષમાં કોઈપણ જાતનો બીજા પુરૂષથી ફેરફાર જણાતો નથી આ ઉપરથી બંધ સત્ય નથી જો પુરૂષમાં ફેરફાર હોતતો નામનો બંધ સત્ય કેહેવાત પણ દેહરૂપી ડ્રેસના વીસેસણથી બંધછે કારણ મૃત્યુ પછે આ દેહનો અધ્યાસ બીજા જન્મમાં બીજી જાતીના દેહમા અધ્યાસ રહેતો નથી તેથી બંધ અસત્ય છે વાસ્તે જ્ઞાનથી મોક્ષ

સ્થાપીત કરનાર જે વેદ તે સમીચીન છે. ફકત નિસકામ કર્મથી અંતઃકરણ સુદ્ધ થઇ તેમાં જ્ઞાનનુ ભાસ યથાર્થ થાય છે. અને તે જ્ઞાનથી મોક્ષફળ સફળછે અને પ્રવતીવાળાને સકાંમ સુભ કર્મથી સ્વર્ગ વીગેરે ફળની પ્રાપ્તી થાયછે. તથા નીસેધ કર્મથી નર્કવાસ પ્રાપ્ત થાયછે સ્વસ્વરૂપના જ્ઞાન શીવાય સુખ દુઃખનું ફળ મલ્યાવીના રેતુ નથી જેમ પુર્વના ખોટા કર્મનું ફળ દુઃખ વીનામાગે આવેછે તેમ જેવા જેવા કર્મ તેવું તેવું ફળ મળેછે. એ નિશ્ચય છે કર્મથી મોક્ષ નથી.

૧૫ વાદીનો સ્વાલ—આ નીચેના સ્વાલમાં પાંચ પ્રકારના ભેદછે. તેનો અભેદ કરી આપવા મારી વિનતીછે, જેવાકે ૧ જીવ અને ઈશનો ભેદ ૨ જીવ જીવનો પરસ્પર ભેદ ૩ જીવ જડનો ભેદ ૪ ઈશ જડનો ભેદ ૫ જડ જડનો ભેદ આ સર્વનો અભેદથી એકત્વ કરી આપશો કારણ ભેદ હોય ત્યાં ભે ઉત્પન થવા સંભવછે એમ શ્રુતીમાં તથા ભાગવતમાં પણ કહ્યું છેકે:—

श्लोकः ॥ भयंद्वितियाऽभिनि वेशतःस्यात् ॥१॥

અર્થ—ભેદમાં આગ્રહ કરવાથી જન્મ મરણાદી રૂપ જીવ પ્રાપ્ત થાયછે.

સિદ્ધાંતીનો જવાબ-૧ જીવ અને ઇશનો અભેદ નીચે મુજબ—જે પ્રવરતી વાળો જીવ સુર્યને અર્ઘ આપી કર્મ કરેછે તે જીવ સર્વ જગતનો (ઇશ) જે સુર્ય છે તે સુર્યના રજોગુણથી જુદા નથી કારણ ધ્યે મય ધ્યાન થાયછે (ધ્યેરૂપ સુર્ય અને ધ્યાનમય જીવછે) માટે

ભેદ રહેતો નથી સબબ શાસ્ત્રનું પ્રમાણ એવુંછે કે રજોગુણી કર્મ કરે તે જીવ તેના જેવો થાયછે જેમ સીવ ઉપાસી ભક્ત મુવા પછે સીવ લોકમાં જઈ સીવરૂપ થાયછે વિષ્ણુ ભક્ત વિષ્ણુ રૂપ થાયછે દેવી ભકત દેવી રૂપ થાયછે અને આ મૃત્યુ ભુમીમાં જે પ્રાંણી રહેછે તે પૃથ્વીનું કાર્ય રૂપ જડ દેહ લઈ મુવા પછી તે દેહ કારણ રૂપ પૃથ્વીમા મળેછે માટે કારણ કાર્યનો સદા અભેદછે જેવી રીતે પૃ-થ્વીનું કાર્ય જડ રૂપ સ્થુળછે અને પૃથ્વી તેનું કારણ છે માટે તે બેમાં ભેદ નથી એવીજ રીતે ઈશ (સુર્ય)નુ કાર્ય બુદ્ધિ અને બુદ્ધિનું કારણ સુર્ય તથા ચંદ્રનું કર્ય મન અને મનનુ કારણ ચંદ્રમાં એમ સર્વથી જીવ ઈશનો અભેદ થાયછે.

૨ જીવ જીવનો પરસપર અભેદ—હું અને તુ પ્રકૃતી જન્ય હોવાથી ભેદછે જેમ એકજ પાણી સર્વ ઝાડને સરખુ પાવામાં આવેછે. પરંતુ ઝાડની પ્રકૃતી પ્રમાણે સ્વાદમાં ફેરફાર થાયછે. પાંણીમાં ફેરફાર નથી બીજુ હું જીવ અને તું જીવ આપણે બેઉને અત્યારે ધાડ પ્રીતીથી સત્સંગ ચાલે છે. પણ કોઈ દુસર્ણ લઈ દ્વેસ થાય તો હાલ આપણા બેઉની પ્રીતીમાં ભેદ થઈ જાય અને તે કાંઈ કારણ લઈ દ્વેશ નીકળી જાય તો ફરી અભેદ પણ થાયછે. માટે અનિર્વચની વાસ્નાને લઈ ભેદ છે. પ્રકૃતી જન્ય નહી હોય તો સદા જીવ જીવનો અભેદજ છે.

જીવ જડનો અભેદ—હું જે જીવ તે આ દેહ રૂપી પૃથ્વીનું કાર્ય જડ સ્થુળ લઈને ફરૂ છું તે જડ છે જે પુરૂષ પ્રવતી ધર્મ લઈ કર્મ કરે છે તેને આ જડ સિવાય ક્યાંઈ વિશ્રાંતી નથી સમજ કે કર્મ કરી દેહે માગી લેછે અને નિવૃતી વાળો પુરૂષ આજડ દેહને લઈ પોતાનું સાધ્યનું પણ સાધ્ય જે તત્વ જ્ઞાન તેને સારી રીતે સમજી છેવટે મીથ્યાછે એમ નીશ્ચય અનુંભવકરી બાધ કરેછે જેમ લાકડાને આધારે અગ્નીથી રસોઈ કરી ભુખની શાન્તી કરી તેજ અગ્ની સુર્યના કીરણોમાં લય થાયછે તેમ આ સ્થુળના સાધનથી જ્ઞાન સરળ રીતે જે પુરૂષ લેછે તે સીવરૂપ થાયછે માટે જડ મીથ્યા છે અને મીથ્યા છે તો ભેદ નથી બે વંસ્તુ સત્ય હોય તો ભેદ થાયછે માટે જડ પૃથ્વી તેમજ જડ કાયા કારણ કાર્ય ભાવને લઈ લીન થાયછે માટે અભેદછે વધારામાં લય ચિંતનની પ્રકીરીયાથી પણ આકાશથી વાયુ વાયુથી તેજ તેજથી જળ જળથી પૃથ્વી પૃથ્વીથી સ્થુળ કાયા તે પૃથ્વીનું કાર્ય હોવાથી પૃથ્વી રૂપછે અને તેપૃથ્વીનો તથા દેહનો અનુભવ કરનાર હું અભેદ રૂપ છું એ સીદ્ધ થાય-છે માટે અભેદ છે.

ઇશ જડનો અભેદ-ઇશ જે સુર્ય અને જડ જે પૃથ્વી અને તેમાંથી ઉત્પન્ન થયેલ સ્થુળથી માંડીને તમામ વસ્તુઓનો અગ્નીમાં લય થાયછે અને તે અગ્ની સુર્યનું કાર્યછે સુર્ય કારણછે તો તેવા કાર્યનો પોતામાં

આરંભ કરી એકતા બતાવેછે માટે જુદાપણું સં ભવતું નથી આખરે ખાખ કરી સર્વે વસ્તુઓને સમરૂપ કરી આપેછે.

જડ જડનો અભેદ—આ પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલ ગમે તે વસ્તુ હોય પણ બેઊંનું મુળ ઉત્પન્ન થવું પૃથ્વીમાંથી છે પૃથ્વીના કાર્યછે જેમકે એકજ પૃ- થ્વીમાંથી કાચ અને ઢાંકણું બેઊનું કારણું પૃથ્વી છે તેમજ સમજી લેહો અને તેમજ સર્વે પદાર્થો એકજ પૃથ્વીમાંથી બનેલાંછે માટે અભેદછે આ સર્વે વિષયોનો અનુભવ કરનાર હું પુરૂષ જુદોછું.

સબ્દાર્થ—પુરૂષઃ પુર વતા'સંહ મતલબ પુર એટલે નાનું પુરૂં જે વ્યષ્ટીદેહ તેમાં આઠ પુર બીજા છે જેવાંકે પાંચ જ્ઞાન ઈંદ્રી એક પુર પાંચ કર્મ ઈંદ્રી બીજુ પુર, ચાર અંતઃકરણ ત્રીજું પુર, પાંચ પ્રાણ ચોથું પુર, પાંચ મહાભુત પાંચમું પુર, અવિ- દ્યા છઠું પુર, કામ સાતમું પુર, અને કર્મ આઠમું પુર, તે સહ એટલે સાથે રહેનાર (હું પુરૂષછું) સર્વે પુરોનુ યથાર્થ જ્ઞાન થએ સુદ્ધ આત્માનીસ્ વીકારછું આ વાખ્યા અષ્ટપુરીમાં સતાવીસ ત- ત્વનો સુક્ષમદેહ કહયો છે અને વેદાંતમાં સતર તત્વનો સુક્ષમદેહ કહ્યાંછે જેવાંકે પાંચ જ્ઞાન ઈંદ્રી, પાંચ કર્મ ઇદ્રી, પાંચ પ્રાણ, મન અને બુદ્ધી મળી સતર કહયાંછે કહી ઉપરનાં સતર તત્વ અને ચિત્ત તથા અંહકાર મળી ઓગણીસ કહયાંછે પણ સર્વેનો અનુભવ કરનાર હું દ્રષ્ટાં જુદોછું એ નીશ્ચય છે.

૧૬ વાદીનો સ્વાલ—માહારાજ અભેદ થયો પરંતું મારી બુદ્ધિમાં નીચેના સ્વાલ સ્ફુરેછે માટે કૃપા કરી વધારે ખુલાસો આપસો જો મારો આત્મા આનંદ રૂપ હોય તો વિષયજે (સ્ત્રી ધન પુત્ર વીગેરે)ના સબંધથી આત્મા વીસે આનંદનું ભાંન ન થવુ જોઇએ પણ વિષયના સબંધથી મને આનંદનું ભાંન થાયછે માટે આત્મા આનંદરૂપ નથી કિન્તું વિષયના સબંધથી આત્મા વિષે આનંદ થાયછે.

સિદ્ધાંતીનો જવાબ—વિષયથી જે આનંદ માંન્યોછે તે હઠ માત્ર છે જો વિષયથી આનંદ હોય તો સુસુપ્તી અવસ્થા (ઘાંણ ઉંઘ) માં કયાં વિષયછે? અને આનંદ થાયછે બીજુ કોઈ પણ પ્રીય વસ્તું દુર દેશ પડેલીછે અને તે પ્રીય વીસય હાજર નથી પરંતું તે વસ્તુ; યાદ આવે કેમ આનંદ થાયછે તથા ઘણો વાલેસરી મનુષ્યની ઘણા દીવસે મુલાકાત થાયતો તે સમય આનંદ થાયછે તેવોજ આનંદ તે પુરૂષ ઘણા દીવસ આગળ રહેવાથી જેવો થયોતો એવો આનંદ થતોકે રહેતો નથી કારણ સ્થુળ પદાર્થ પાશેછે, પણ ખુદ આત્માનું સ્વરૂપજ પોતે આનંદ રૂપછે; આત્મા આનંદરૂપછે તે વીસે પંચદસીનું પ્રમાણ છે કે.—

श्लोक.

वितात्पुत्रःप्रियःपुत्रात्पिंडःपिंडातथेंद्रियम.॥
इंद्रियाच्चप्रियःप्राणंःप्राणादात्मापरःप्रियः ॥१॥

અર્થ—ધનથી પુત્ર પ્રીય અને પુત્ર થએ તેની રક્ષા કરવા (ચોરી વીગેરે પુત્રનો અપરાધ થઓ હોય તો તેને બચાવવા સારૂ પીતા ધનનો ખર્ચ કરેછે) વાસ્તે ધનથી પુત્ર પ્રીય અને પુત્રથી પોતાનો દેહ પ્રીય કારણ કે દુકાળમાં પુત્ર વેચી પોતાના દેહની રક્ષા કરેછે અને દેહથી ઇંદ્રીયો પ્રીય કારણ કોઇ મારવા આવેતો ઇંદ્રીયો બચાવી વાસો માથા વીગેરેમાં મારવા દેછે અને ઇંદ્રીયોથી પોતાના પ્રાણ પ્રીય કારણ પ્રાણ ધાત થતી હોય તો ઇંદ્રીયો કાપવા દેછે પણ પ્રાણ બચાવેછે અને પ્રાણથી પોતાનો પરમશ્રેષ્ટ આત્મા અતિસય પ્રીય છે કારણ કોઈ પુરૂષ કાંઈ અતિ દુઃખના નીમિતથી એમ કહે કે મારા પ્રાણ જાય તો હું ઘણો સુખી થાઊ માટે પોતાનો આત્મા આનંદ રૂપેછે એવો સર્વને અનુભવછે.—

૧૭વાદીનો સ્વાલ—બંધકોને થયોછે અને આ સંસારનું દુઃખ ભોગવનાર મારાથી જુદો બીજો કોણછે. તેના વીસે જાણીને આ સંસાર દુઃખ મારા વીસે જાનુ નહી.

સિદ્ધાંતીનો જવાબ—*બંધ અજ્ઞાનને લઇ વાસના વાળાને થયોછે. જેમકે એક પોપટ ઝાડને પોતાનું સ્થળ માંની તેની એક દેશની ડાળી ઉપર નીશ્ચય કરી બેઠું, પણ તે ડાળ પાતળી

* વધારે ખુલાશો પાછળ પૃષ્ટ ૩૫ માં જુવો.

તેથી બેસતાંજ પવનના ઝપાટાથી ઉંધે મસ્તક થઇગયું ઉંધે મસ્તક થતાની સંધીમાં ઉપરના આકાસની દ્રાસદ્રષ્ટી થઇ અને પોતાને એવો અનુભવ થયોકે હું જો આ ડાળ મેલી દઇશતો આ દેખાતા આકાસી રંગના ભર સમુદ્રમાં ડુબી મરીશ માટે ઝાલેલું ડાળું મેલવું નહી એવો દ્રઢ આગ્રહ થયો.

સિદ્ધાંત—તેમજ બુદ્ધિ મન પ્રાણ રૂપી લીંગ દેહ પોપટ જેની બુદ્ધિના લાલગુણ વાળી ચાચ, મલીન મન તથા ચંચળ બુદ્ધીથી મીસ્રીત લાલ અને સામ રંગ જેવો કાંઠલો, અને વાયુના લીલા રંગનો ખુદ પ્રાંણ તેવો પોપટ વાસ્નારૂપી કર્મના સંજોગે આ સ્થુળરૂપી ઝાડની એક દેસ જે દક્ષણ દીસા (મરતી વખતે દ્રષ્ટી કરે છે તે) તરફ બેઠોછે. અને તેને આ વહેવારના પવનરૂપી ઝપાટાથી પોતાનું ખરૂ સ્વરૂપ ભુલાવી પૃથ્વીના બનેલા પદાર્થમાં લીન થઈ ભ્રાન્તીને પ્રાપ્ત થયો છે. માટે મધ્યમ પરમાણું વાળો પુરૂષ એમ સમજેછે કે આ વિષય સુખ ફરી ફરી મળસે નહી પરંતુ ચાર સુખ દુઃખ જેવાંકે અહાર મૈથુન ભે નિદ્રા જયાં જયાં જસો તે તે યોનીમા કર્મ પ્રમાણે મોજુદ છે. કર્મ ઉપર મેખ મારનાર કોઇ નથી (મટાડનાર નથી) પણ જે આ દેહનું સાધન લઇ પાંચમું સ્વરૂપ જ્ઞાન મેળવવા તથા નીચે બતાવેલ બે અક્ષરની

ભુલ પકડવા મનુષ્ય દેહ શીવાય બીજું કોઇ પણ આધાર નથી.

શંકા—સ્વરૂપ જ્ઞાનની વાખ્યા આ પુસ્તકમાં છે. પરંતુ બે અક્ષરની ભુલ કઇ છે. તેનો ખુલાસો રીતસર આપશો.

સમાધાંન—સર્વ જગતમાં સંસકૃતના અક્ષરની રીતી એ સ્વર અને વ્યંજન મળી બાવન અક્ષર વહેવારમાં ચાલેછે અને તે અક્ષરોના આધારથી આ દેહ વહેવાર કરેછે તે દેહની અંદર જે મુળ અક્ષર ઉઠવાના ચક્રના સ્થાન છે. તેમાં તપાસી જોતાં પચાસ અક્ષરનો સરવાળો આપેછે. તો બે અક્ષર મેળવતાં [૧ળ અને ૨ જ્ઞ] અંદરના ચક્રમાં નથી અને બાહાર સંસારમાં ચાલે છે. કારણ સંસારમાં ન હોયતો તેનો વહેવાર થવો જોઇએ નહી. અને વેહેવારમાં બે અક્ષર વપરાયછે. માટે તેનો તપાસ કરી ઈશ્વર સનમુખ થવું એ આપણું કતવ્ય કર્મછે. અને જે નકશામાં ચીત્રથી પ્રાર્થના અરી મૃત્યુ ભુમીમાં અવતાર થયો છે તેનો હેતુ એજછે બીજું નથી માહા મુસીબતે ઈશ્વરે પોતાનું બનાવેલું ધાન્ય (અનાજ) ખવરાવી સ્વરૂપ જ્ઞાન તથા કાળ જ્ઞાન મેળવવા કર્મ કોટવાલ સાથે મોકલ્યાછે તો અધીકારી તથા જીજ્ઞાસુઓ પોતાની ફરજ કદી ભુલસે નહીં કારણ જે અનાજ જેની પાસેથી વેચાતુ લાવીએ છીયે તે પુરૂષ પણ પૈસા આંપી લાવે છે તેથી આપણે પણ તેને પૈસા

આપીએ છીએ વાસ્તે ઇશ્વર ઉપર તે સંબંધે ઉપકાર કર્યો નથી.

અક્ષરોની ગણત્રી.

૧ આધાર ચક્ર ગુદા સ્થાન આકાર ચાર ખુણા વાળો. ૪ वं, शं, षं, सं, ગુણ ઝાંખો લાલ અધીષ્ટાંન દેવ ગણપતી.

૨ સ્વાધીષ્ટાંન ચક્ર લીંગ સ્થાન ગોળ આકાર. ૬ बं, भं, मं, यं, रं, लं, ગુણ પીળો અધીષ્ટાંન બ્રહ્મા.

૩ મણીપુરીક ચક્ર નાભીસ્થાન ત્રીકોણ આકાર ૧૦ डं, ढं, णं, तं, थं, दं, धं, नं, पं, फं, ગુણ અસ્માની અધિષ્ટાંન વિષ્ણુ.

૪ અનાહુત ચક્ર હૃદયસ્થાન આકાર ગોળ ૧૨ कं, खं, गं, घं, ङं, चं, छं, जं, झं, ञं, टं, ठं, ગુણ ધોળો અધિષ્ટાંન રૂદ્ર.

૫ વિસુદ્ધ ચક્ર કંઠસ્થાન આકાર ગોળ ૧૬ अं, आं, इं, ईं, उं, ऊं, ऋं, ॠं, लुं, लृं, एं, ऐं, ओं, औं, अं, अः, ધુમ્ર વર્ણ અધિષ્ટીન જીવ.

૬ અજ્ઞી ચક્ર ભ્રગુટીસ્થાન આકાર લંબગોળ हं, क्षं, રંગ લાલ અધીષ્ટાંન હુંસ.

કુલ સરવાલો. ૪–૬–૧૦–૧૨–૧૬–૨ ॥૫૦॥

૭ શહસ્ત્ર ચક્ર મુરધ્નીસ્થાન ગોળ આકાર શહસ્ત્રદળ રંગ ગૌર અને અધિષ્ટાંન ચૈતન ગુરૂછે માટે ગોવીંદ કરતાં ગુરૂ વધ્યા છે સબબ સદ્ગુરૂ જન્મ મરણની ઉપુટી તેનાથી નીરમુક્ત કરે છે. એવું સીવગીતાનું પ્રમાણછે માટે જે વિષય ખોળ-

વાનો છે. તે નથી ખોળતા અને બીજે રસ્તે ચડે છે. તેને દુઃખ છે. વાસ્તે માહાભારથ રૂપી ફળ જેમ સુકદેવજી (સુક જે પોપટ) આ અવનીમાં લોકને હીતાર્થે કુ રસ્તેથી ખાળીશુ રસ્તે ચડાવવા લાવ્યા હતા તેવા અર્થને અનુસરીને મારા પ્રાણુવા ચુનો લીલો રંગ તે સુક્ષમ દેહ રૂપી પોપટ અને નિશ્ચય બુધીનો લાલરંગ તેની ચાચ અને ચંચળ બુધી તથા મન બેઉ મળી લાલ અને કાળો કાઠલો એવા વીસેસણવાળું જે લીંગ દેહરૂપી સુંક તેણે આ પુરૂપ કૃતવ્ય યાને મોક્ષ માર્ગ રૂપી જ્ઞાન ફળ વેદ શાસ્ત્રના અર્થને અનુસરી બનેલું પુસ્તક લોકના મનને નિરોધ કરનારૂ સુજ્ઞ પુરૂપના નિમીત બાર પાડયું છે તેનો તથા સર્વ ગ્રંથોનો તાત્પરીય જોતાં મધ્યમ પરમાણું વાળા પુંરૂપને આ સંસારનું દુઃખછે મારામાં ત્રણે કાળમાં દુઃખ નથી જેમ ર-જ્જુમાં ત્રણે કાળમાં સર્પ નથી તેમ સુદ્ધ ચૈતનમાં કોઈ કાળે દુઃખ નથી માટે 'काळ ज्ञान સારૂ નિમિ ત કારણ રૂપ સ્થુળ દેહનું સાધન મેળવી અક્ષર રૂપ થાયો સબ્દાર્થ અ વત્તા ક્ષર અ એટલે નહીં અને ક્ષર એટલે પડવાપણું છે જેને મતલબ અ ક્ષર એટલે નહીં પડવા પણું છે જેને એવો આત્મા તે સ્વરૂપનો અનુભવકરો; મુળ અહી જન્મ લેવા-નો હેતુ એજ છે.

૧૮ વાદીનો સ્વાલ—જો જન્મ મરણુ આદી લઇને સંસાર દુઃખ મારા વીષે અથવા બીજાના વિષે કોઈ પણુ નથી તો પ્રતક્ષ પ્રતીત કેમ થાયછે; જે

વસ્તુ નથી હોતી તે પ્રતીત પણ થતી નથી માટે સંસાર દુઃખ આત્મામાં નથી એ કહેવું બને નહી.

સિદ્ધાંતીનો જવાબ—ભાઈ રજ્જુ (દોરી) માં સર્પ ત્રણે કાળમાં નથી તથા સ્વપ્નામા સ્થુળ પદાર્થ સ્વપ્નામાં હાજર નથી અને છીપમાં રૂપુ નથી પરંતુ વચલી અસંભાવના વિપ્રિરીત ભાવના લઈ ભ્રમણથી વચમાં પ્રતીત થાયછે રીતસર જ્ઞાન થએ આવરણ અને પદાર્થ બેઉ મટી જાયછે જેમ દોરીનું જ્ઞાન થએ રજ્જુ અને સર્પ બેઉનો અધ્યાસ મટી જાયછે માટે ઉત્પન્ન કરવાનો ચાર્જ બ્રહ્મમાં પાસે છે સ્થીતીનો ચાર્જ વિષ્નુ પાસેછે અને નાસ કરવાનો ચાર્જ શંકર પાસેછે અને સર્વનો સુપ્રીનન્ટેન્ડેન્ટ (નિયંતા) ઈશ્વર છે પણ સદરહુ સાક્ષી રૂપ જે આત્મા છે તેમાં સંસાર દુઃખ કહેવું એ કેવળ હઠ માત્રછે કારણકે દોરીનું જ્ઞાન થયે સર્પનો બાધ છે નિદ્રાનો નાસ થયે સ્વપ્નાનો બાધછે અને છીપનું જ્ઞાન થયે રૂપાનો બાધ છે તેમ અંતઃકરણનું જ્ઞાન થએ આ જગતનો બાધ થાય છે.

૧૯ વાદીનો સ્વાલ—આ અપાર સંસાર જેમાં ભ્રાન્તી થઈ છે તે ભ્રાન્તીનો આધાર કોણ. ?

સિદ્ધાંતીનો જવાબ—આભ્રાંતીનો આધાર સ્થુળદેહ લઈ અવિધ્યાથી અંધથયેલ છે ને વાસ્નાથી જે પુરૂષને પોતાના અંતઃકરણના કારણનું ભાન થાયછે તે વખતે તેનું "મુળ" કારણમાં લીન થતાં બાકી રહે તે આધાર થાયછે આધાર વિના ત્યાં આશ્રય રહેતો નથી જેમ રજ્જુમાં બે સ્વરૂપછે. આ રજ્જુ, આ સર્પ, આ પૃથ્વી ફાટ, એ રીતે એક

પુરૂષને એક વસ્તુમાં બે ત્રણ ભાસ થાયછે ત્યાં એક સામાન્યરૂપ આ અને વીસેસરૂપ રજ્જુ સર્પ પૃથ્વી ભાસ થાયછે તે ઠેકાણે ત્રણે "આ" સ્વરૂપ વીસેસ સ્વરૂપથી અભિન્ન છે તેમાં ઇદં રૂપ "આ" સામાન્ય તેને આધાર કહીએ છીએ અને રજ્જુ, સર્પ, પૃથ્વી એ મીથ્યા વસ્તુના વીસેસ રૂપને અધીષ્ટાન કહીએ છીએ તેમજ ચૈતન આશ્રીત માયા અને માયા વિસીષ્ટ ચૈતન્ય કૃત જે જગત તેનું સામાન્ય સતરૂપ આ જગતનો આધાર છે અને (અસંગતા દીક વીસેસ ચૈતન રૂપ અધિષ્ટાંન છે પણ જયાં મીથ્યા આધાર હોય ત્યાં દ્રષ્ટાં ચૈતન અધિષ્ટાંન હોય છે.

સમાધાન.

આ સ્થુળમાં પણ તપાસ કરતાં સ્વપ્નામાં સ્વપ્નાના પદાર્થનો આધાર અવિદ્યા છે અને પદાર્થ તથા અવિદ્યાને પ્રકાશ કરનાર અંતઃકરણ સહ સાભાસ અધીષ્ટાંનછે આ સર્વનો આધાર તથા અધિષ્ટાંન ચૈતન પોતેજ છે સબબ સર્વ પુરૂષના જાગ્રતમાં કરેલા વેહેવારને કહી જણાવેછે સ્વપ્નામાં સ્થુળનો અભાવ થયે સ્વપ્નાના પદાર્થનો અનુભવ કરેછે તથા જાગ્રત સ્વપ્ન અવસ્થાનો અભાવ થયે સુસુપ્તી અવસ્થામાં પોતે સુખ રૂપ છે અને ફરી જાગીને સર્વ વ્રતાંત જે મીથ્યા અવિદ્યા તથા ઇંદ્રીયોનું સાધન લઇ કહી બતાવેછે માટે આ જગતની ભ્રાંતી અવિદ્યાથીજ થઇછે તે અવિદ્યાની ભ્રાંતીનોં તથા જગતનો આધાર અને અધિષ્ટાંન "તું" છે

વધારે ખુલાસો જોઈ એતો સર્વજ્ઞાત્મ નામના મુનીએ સંક્ષેપ સારીરક ગ્રંથમાં પ્રતિપાદન કર્યું છે.

૨૦ વાદીનો સ્વાલ—વેદમાં મે એવું જોયુંછે કે એક બુદ્ધી રૂપી વ્રક્ષમાં બે પક્ષી છે તે બને સામાન છે તેમાંથી એકતો કર્મના ફળને ભોગવેછે અને એક શપક્ષી એટલે સુદ્ધછે ભોગ રહીતછે અસંગછે અને તે ભોગવવાવાળા ને પ્રકાસે છે આ ઉપરથી ભોગ ભોગવવાળો જીવ પ્રતીત થાયછે અને બીજો પરમાત્મા પ્રતીત થાયછે માટે તેની એકતા બને નહી.

સિદ્ધાંતીનો જવાબ—બુધી રૂપી જે વ્રક્ષતે કલ્પિતછે ને તેમાં બે પક્ષી જીવ અને આત્મા છે પરંતું કલપિત બુદ્ધિનું કારણ કલપિત સુર્વમાં લય કરતાં જીવ અને આત્માનો કલપિત આધાર ઉડી જાયછે કારણ સુસુપ્તીમાં કાર્ય બુદ્ધી તથા કારણ સુર્વ હોતા નથી માટે કલપિત છે જેથી બેઉ એક રૂપ થાયછે બુદ્ધીને લઈ અવિદ્યાનો આભાસ કર્મ કરેછે અને અંતઃકરણનો સાભાસ ફળ પ્રકાસી આપેછે માટે જે પુરૂષને આ બે વ્રતીનું ભાંન હસે તે પુરૂષને આત્મા સ્વય પ્રકાશ છે અને તે અવિદ્યાને પ્રકાસી આપે છે એવું જાણે છે, કારણ પ્રકાસવાંન નહોતતો અવિદ્યા જે અંધકારથી સ્વપ્નના પદાર્થ પ્રકાસ થાત નહીં માટે અંતરઆત્મા સાક્ષી તરીકે રહી અંતઃકરણસાભાસથી અવિદ્યાનું જ્ઞાન થાયછે સાધનનો બાધ કરે સાક્ષી અને સાક્ષ્ય બેઉ સમ રૂપછે તે નિશ્ચય છે માટે એકતા બનેછે જેમ બાજીગરના તમાસા સાથે

સર્વ પુરૂષોને બાજીગરના પદાર્થ મીથ્યા ભાસેછે પણ જોનાર પુરૂષ તથા બાજીગરમાં બોલનાર પુરૂષ મીથ્યા નથી બેઉ સમરૂપ સત્યછે ને પુરૂસહુની વાખ્યા પાછળ આવી ગઈછે ત્રણે કાળમાં બાધન થાય તેને સત્ય કહીએ છીએ.

૨૨ વાદીનો સ્વાલ—વેદ વિષે કર્મ અને ઉપાસનાં બહુ પ્રકારની કહીછે તે જીવ બ્રહ્મની એકતા વિસે નીસફળ થઈ જસે કેમકે વેદમાં જીવ બ્રહ્મની એકતા કહોછો તે બ્રહ્મના વીસે જીવના સ્વરૂપનો અંતભાવ કહોછો કે, જીવ વિષે બ્રહ્મના સ્વરૂપનો અંતરભાવ કોહોછો; જો કદાચિત બ્રહ્મનાં વીશે જીવના સ્વરૂપનો અંતરભાવ કેહેશો તો જીવને બ્રહ્મ રૂપ થવાથી અધિકારીનો અભાવ થવાનો અને તેથી કર્મ અંને ઉપાસના નિસફળ થવાનાં અને જો જીવના વીસે બ્રહ્મના સ્વરૂપનું અંતર ભાવ કહેસોતો, બ્રહ્મને જીવરૂપ થવાથી જેની ઉપાસના કરીએ છીએ તે "ઉપાસ્ય" નો અભાવ થવાનો તેથી ઉપાસના નીસફળ થવાની અને કર્મનો ફળ દેવા વાળો જે પરમાત્માં તેનો અભાવ થવાનો માટે જીવ બ્રહ્મની એકતા બને નહીં.

સિદ્ધાંતીનો જવાબ—જે પ્રવર્તિવાળો પુરૂષ કર્મ કરેછે. તે અવિધામાં ચૈતનનો આભાસ રૂપ જીવ કર્મ કરેછે. અને માયામાં જે ચૈતનનો આભાસ રૂપ ઈશ્વર તે જીવને ફળ આપે છે. તેમાં જીવ

બ્રહ્મનો વિરોધ આવતો નથી કારણ આભાસ કર્મ કરેછે. અને આભાસ ફળદેછે. વાસ્તે ઉપાધી લઇ વિસીષ્ટમાં ભાંન થાયછે. જીવની અવિદ્યા ઉપાધીછે. અને ઈશ્વરની સત્વગુણી માયા ઉપાધી છે સર્વ વ્યાપક બ્રહ્મ નીરવીકારછે.

અવિદ્યાસહુ આભાસ નિષકાંમ સુભ કર્મ કરી ઈશ્વર અરપણ કરેલું હોય તેનું ફળ સ્વરૂપ જ્ઞાન છે. તે જ્ઞાન ગુરૂવિના સાક્ષાત થતું નથી ગુરૂ મળવાથીજ પરમાત્માનો "ભાવ" થાય છે માટે જીવ બ્રહ્મની એકતા બનેછે જો કદાચ બારોબાર દેવ ભુમીથી મોક્ષફળ તથા કર્મફળ થતુ હોયતો શ્રીસદગુરૂ મુર્તી રાંમચંદ્રજી તથા જનક વિદેહી અને વિસીષ્ટ અંગે લઇને ઋષીઓ તથા રાજાઓ વીગેરે અનુભવ કરવા આ મૃત્યુ ભુમીમાં આવત નહી માટે આંહી આવી આગળ બતાવેલ પૃષ્ટ નંબર ૧૨૩ માં શંકા બતાવી છે તે બે અક્ષરની ભુલ (કાળ જ્ઞાન)અને સ્વરૂપનું જ્ઞાનફળ મેળવવા છુટકો નથી, તેથી નિસકાંમ કર્મ અંતઃકરણની સુદ્ધીના હેતુંછે. માટે કર્મપણ નીસફળ નથી વાસ્તે નીસકાંમ કર્મથી અંતઃકરણ સુદ્ધ થઇ ઉપર બતાવેલ યથાર્થ જ્ઞાન ફળ સફળ થાય છે એ નીરસૈંાસે છે.

૨૨ વાદીનો સ્વાલ—અહંબ્રહ્મોસ્મિ એવું જ્ઞાન કોને થાય છે? "હું બ્રહ્મ છું" એવું જ્ઞાન કુટસ્થ વિષે થાયછે કે, આભાસ સહીત બુદ્ધિમાં થાયછે. જો કુટસ્થમાં કેહેસોતો કુટસ્થ વીકારી થસે. અને આભાસ સહીત બુદ્ધીમાં કેહેસો તો

"હુ બ્રહ્મછુ" એવું જ્ઞાન ભ્રાંતીરૂપ થસે કેમકે વેદનો સિદ્ધાંત એવો છેકે કુટસ્થની અને બ્રહ્મની એકતા છે અને આભાસ ભીન્નછે. માટે બ્રહ્મથી ભીન્ન જે આભાસ તેનુ બ્રહ્મરૂપ કરીને જે જ્ઞાનતે ભ્રાન્તી રૂપ થસે [જેમ સર્પથી ભીન્ન જે રજ્જુ તેનુ સર્પરૂપ કરીને જે જ્ઞાન તે ભ્રાન્તી જ્ઞાન છે.] એ રીતે આભાસ સહીત બુદ્ધીને હું બ્રહ્મછુ એ જ્ઞાન "યથાર્થ" નથી થવાનું કીન્તુ ભ્રાન્તી રૂપ થશે. અને કદાચીત્ત " અહુંમ બ્રહ્મોસ્મી " એ જ્ઞાનને ભ્રાન્તી રૂપ અંગીકાર કરસોતો એજ્ઞાનથી મીથ્યા જગતની નીવ્રંતી નહીં થાય જેમ રજ્જુના યથાર્થ જ્ઞાનથી મીથ્યા સર્પની નીવ્રતી થાયછે એ રીતે આભાસ સહ બુદ્ધીને હું બ્રહ્મછું એ જ્ઞાન બને નહી.

સિદ્ધાંતીનો જવાબ—જે બુદ્ધિમાં ચેતનનો આભાસ પડયોછે. તેને ૪ વેદ ૬ શાસ્ત્ર ૧૮ પુરાણથી (સારાંઉસથી) તથા સત્સંગથી તે પુરૂષને એવું ભાસ થાયકે મારી ભુલ બે વીસેસણુવાળા ગુરૂ પાસે કાઢુતો ઠીક તેને પુર્વના સંસકાર પ્રામાણે ગુરૂ રસ્તો બતાવતાં પોતેજ સત્ય વસ્તુને ગોતતાં ગોતતાં સાતમી ભુમીકાયે જે ૧ અજ્ઞાન ૨ આવરણ ૩ ભ્રાન્તી ૪ પરોક્ષ જ્ઞાન ૫ અપરોક્ષ જ્ઞાન ૬ સોક નાશ ૭ અતિહર્ષ આ સાત અવસ્થામાં છેલી અવસ્થાથી આભાસને પોતાના અધિષ્ટાંન બ્રહ્મનું ભાંન થાયછે અને તેને પોતાના અધિષ્ટાં-

નનું ભાંન થતાંજ અભીમાંન થાયછેકે "હું બ્રહ્મ છું" એવું ખાસ માલમ પડે છે. જેમ સિંહને ઘણા દીવસ અજામાં રહેવાથી કોઇ દીવસ પોતાનો જાતીભાઇ વનનો સીંહ મળવાથી તેને વનના તલાવના પાણીમાં; ખાશ અજા માહેલા સિંહને વનનો સિંહ ભાસ પાડેછે. અને તેને એમ સાભાસ થાયછે કે હું પોતેજ સિંહછું પણ કેળવણી નહીં તેથી આ અજા રૂપી દેહમાં ભુલ્યોછું એવું અનુભવ સિદ્ધ પોતાના સ્વસ્વરૂપનું ભાંન થવાથી ઉપરની ભ્રાન્તી રૂપ સંકા રેહેતી નથી. એ નીશ્ચયછે કારણ બ્રહ્મ શીવાય બીજો કોઇ પણ સત્યછે નહી. [જેમ સ્વપ્નામાં હાથનું કંકણ ખોવાયુ હોય પણ જાગે એટલે હાથમાંજ પેહેરેલું છે તેમ.]

૨૩ વાદીનો સ્વાલ—બ્રહ્મ અપરોક્ષ જ્ઞાનથી સકળ અવિદ્યા જાળનો નાશ થાય છે. પરોક્ષ જ્ઞાનથી નથી થતો એવું વેદમાં કહ્યુંછે માટે બ્રહ્મનું જ્ઞાન પ્રતક્ષ બને નહી કેમકે ઇંદીજન્ય જ્ઞાન પ્રતક્ષ હોય છે માટ બ્રહ્મનું જ્ઞાન ઇંદ્રીજન્ય બને નહીં.—(ઇંદ્રીથી ઉત્પન્ન થયેલું).

સિદ્ધાંતીનો જવાબ—જો ભાઈ બ્રંહ્મવિલાસથી તે અત્રે સુદ્ધી ચારવેદ છ શાસ્ત્ર અને અઠાર પુરાણના મતને મળી તને જ્ઞાન કહી બતાવ્યુ પણ તારૂ કહેવુંછેકે બ્રહ્મ જ્ઞાન ઇંદ્રીજન્યછે. એ તને મુમુક્ષ ને વ્યાજબી નથી કારણ કે તને સુખ દુખનું જ્ઞાન કઈ ઈંદ્રીથી છે? કે તું ઈંદ્રી જન્ય કહે છે?

તને કોઇ ગાળદે તેનું દુઃખ કઇ ઇંદ્રીથી અનુભવ કરેછે? તથા તારી કોઇ પ્રસંસા કરેતો તેનું સુખ કઈ ઇંદ્રીથી અનુભવ કરેછે? માટે એમ કહેવુ એ મીથ્યાછે. સુસુપ્તીમાં સુખ વિશે કઇઇંદ્રી ઓ હોયછે? ત્યાં ઇંદ્રીયો નથી, છતાં સુખનો ભાસ થઈજાગ્રતમાં ઇંદ્રીઓનાં સબંધથી કહી બતાવાયછે માટે બ્રહ્મજ્ઞાન ઇંદ્રીજન્ય નથી એ સિદ્ધાંત છે માટે પરમાર્થીક સ્વરૂપમાં જે શંકા કરવી તે મીથ્યાછે.

સર્વ વેદનો સિદ્ધાંત.

૧ દેવને જાણીને સર્વ પાસ (બંધ) નીવૃત થાયછે.

૨ તે આત્માને જાંણીનેજ મૃત્યુને તરાયછે.

૩ બ્રહ્મને જાણવા વાળો પરમપદને પ્રાપ્ત થાય છે. મોક્ષથવાને જ્ઞાન વિના બીજો કોઈ પણ માર્ગ છે નહીં. તેમજ જ્ઞાને કરીને સર્વ પાપાદીક કર્મોનો નાસ થાયછે એ વીસેશ્રી ભગવાંને પણ ગીતામાં કહ્યુંછે.

શ્લોક.

यथैधांसिसमिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन. ॥
ज्ञानाऽग्निःसर्वकर्माणि भस्मसात्कुरुतेतथा. ॥१॥

અર્થ—હે અર્જુન જેમ જ્વાળાથી પ્રજ્વલીત થયો અગ્ની કાષ્ટને બાળીને ભસ્મ કરેછે. તેમજ નિરંતર અભ્યાસથી પ્રબલ થયો જે જ્ઞાનાગ્ની તેપણ પાપ પુણ્ય મીશ્રીત્ત રૂપ સર્વ કર્મોને ભસ્મ કરેછે. માટે આ પુરૂસ કતવ્ય યાને મોક્ષ માર્ગ તેમાં જીવ અને બ્રહ્મ એ બેની એકતા આ ગ્રંથનો

વિષયછે જેથી તેવા જ્ઞાનનું મનને ઉતેજન આપ-નારૂછે વાસ્તે સદરહું પુસ્તક સફળ છે.

૨ પરમાર્થિક સ્વરૂપ સિવાય વાકય વિધાનો સત્સંગ કરતાં શંકાઓનો પાર આવે તેમ નથી અને પુસ્તકનુ કદ મોટુ થતુ જાયછે. માટે મારો મત નથી જેથી વાધારે લંબાણના ભેથી મારી બુદ્ધીને અટકાવું છું.

ટુંકામાં મુળ હેતુ.

ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, તથા ઉપ-પુરાણ, સર્વનો હેતુ જોતાં આ પુસ્તકમાં બતાવેલ પુરૂષ કૃતવ્યથી તે છેવટ મોક્ષમાર્ગ સુધી તમામ વિષયનો અનુભવ કરનાર હું સચિતાનંદ રૂપ શુદ્ધ છું એવું સર્વ મનુષ્ય પ્રાણીએ પોત પોતાના ધર્મના વાડામાં રહી ધર્મને બાધ નહી લાવતા સત્સંગરૂપી પુરૂપાર્થ કરવું એ ઉચિત તથા લાભ કારીક છે.

રચી પ્રસિદ્ધ કરનાર.

સહી. R. MOTIRAM.

પ્રાયવ્હેટ ડાકતર.

હાલ મુકામ સ્વસ્થાન-પાટડી.

મુળ રહેવાસી જામ ખંભાળિઆ.

સ્વસ્થાન—નવાનગર.

સમાપ્ત.

આશ્રય આપનાર ગ્રહસ્થોનાં નામ.

પાટડી.

૫ નામદાર કુમારશ્રી દોલતશીંહજી સાહેબ સ્વસ્થાન પાટડી
૨ રા. રા. ચંદ્રસિંહજી જોરાવરસિંહજી દેશાઈ.
૨ રા. રા. વજેસિંહ સીવાભાઈ દેશાઈ.
૨ રા. રા. મગનલાલ રણછોડદાસ મુખ્ય કામદાર સ્ટેટ પાટડી.
૧ મી. નથુ દલછા પરી વેપારી.
૧ મી. મણીલાલ લલુભાઈ ”
૧ મી. ભુદર નરોતમ ”
૧ મી. મગનલાલ કાસીદાસ દેશાઈ ”
૧ મી. અંબારામ જેશીંગ દેશાઈ ”
૧ મી. ડાહ્યાભાઈ બાપુભાઈ અધ્યારૂ ”
૧ મી. છોટાલાલ લલુભાઈ દેસાઈ ”

અમદાવાદ.

૧ મી. તારકસ કેસવલાલ કલાણભાઈ

ભાવનગર.

૩ મી. સબુર વનમાલીદાસ પટેલ. કંટ્રાકટર.
૩ મી. હીરાલાલ ભગવાનદાસ પટેલ સ્ટેસનેરી મરચંટ
૨ મી. વીઠલદાસ હેમજી પટેલ લોઢાવાળા.
૨ મી. લલુભાઈ વનમાળીદાસ પટેલ કંટ્રાકટર.
૨ મી. છોટાલાલ માલદાસ પટેલ કંટ્રાકટર.
૨ મી. ત્રીભોવન રાવજી પટેલ ”
૨ વાકાનેર વિદ્યા વર્ધક નાટક કંમ્પની.
૧ મી. માધવજી લાલજી પટેલ ટાઇબર મરચંટ.
૧૦ મી. હરજી કુબેર પટેલ નોકરી

૧ મી. ભાઇચંદ ત્રીભોવન લાતીવાળા
૧ મી. ભગવાન વીઠ્ઠલ પટેલ દાણાવાળા
૧ મા. ડાહ્યાલાલ ગીલાભાઇ મી. ગલેડી કંમ્પનીના હેડ કલાર્ક.
૧ રા. રા. બાવાભાઈ સામજી પટેલ મે. હજુરશ્રીના એ કોમ સાહેબના સીરસ્તેદાર.

ધ્રાંગધ્રા.

૨ મી. ભાવશીંગ ગોપાળ દેસાઈ વકીલ.
૧ મી. અમૃતલાલ કેસવરામ ”
૧ મી. ઉજમશી ખીમચંદ શા ”
૧ મી. ખુશાલ માણેકચંદ શા ”
૧ મી. અમરશીંગ દેસાઈભાઇ ”
૧ મી. ભીમજી વિઠ્ઠલજી ”
૧ મી. મંગળજી મુળજી ઓઝા
૧ મી. ત્રીભોવન લલુ

ચાણસ્મા.

૧ મી. ચતુરદાસ હીરાદાસ પટેલ વકીલ.
૧ મી. મીઠાભાઇ લાલજી પટેલ વકીલ.
૧ મી સાંકળચંદ અમથાભાઇ શા. વકીલ.
૧ મી. ભાઇચંદ નાગર શા. વેપારી.